# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

વર્ષ-15 । અંક-336 । વિક્રમ સંવત-2082 । આસો સુદ - 09 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

20 OCTOBER-2026 TUESDAY





પેજ-08

ફાન્સની હિંસાને ટાંકતા કહ્યું- 'ત્રીજા વિશ્વયુદ્ધ જેવા વાતાવરણ વચ્ચે મોદીનું....



પેજ-09

વેસ્ટ ઈન્ડીઝે શમાર સ્પ્રિંગરને ટીમમાં સામેલ કર્યો....




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુતમ |
|---|---|---|
| અમદાવાદ | 37.00 | 23.00 |
| વડોદરા | 37.00 | 23.00 |
| સુરત | 37.00 | 24.00 |


પેજ 5

AXIS BANK

એક્સિસ બેન્કનો નાણાંકીય વર્ષ 2027ના બીજા ત્રિમાસિક....



સત્તા ગુમાવ્યા બાદ પૂર્વ CMને ભાન આવ્યું, કહ્યું-2023માં ચૂંટણી પંચ....

પેજ 11




**.....સુવિચાર.....**

જીવનમાં એ જ વ્યકિતઓ નિષ્ફળ થાય છે જે વિચારે છે પણ કરતા નથી...

## આત્મનિર્ભર ભારત તરફ એક મહત્વનું કદમ

# ભારતે કર્યું હાઈપરસોનિક મિસાઈલનું સફળ પરીક્ષણ

### આત્મનિર્ભર ભારત અને અમેરિકા, રશિયા, ચીનની હરોળ

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

હાઈપરસોનિક મિસાઈલ ભારતીય સેનામાં વર્ષ 2027 થી 2029 વચ્ચે સામેલ થવા તૈયાર હોવાનું જણાવાયું છે. આ લોંગ રેન્જ મિસાઈલની મારક ક્ષમતા આશરે 1500 કિલોમીટર છે અને તે અવાજ કરતાં અનેક ગણી ઝડપે દુશ્મનના ઠેકાણાઓ પર પ્રહાર કરી શકે છે. શરૂઆતમાં દર વર્ષે 10થી 15 મિસાઈલ બનાવાશે, જે પછી વધારીને વાર્ષિક 25થી 40 યુનિટ સુધી લઈ જવાની યોજના છે. સંરક્ષણ સંશોધન સંસ્થા DRDO દ્વારા વિકસાવાયેલી લોંગ રેન્જ એન્ટી-શિપ મિસાઈલ (long range anti-ship missile) બે તબક્કાની સોલિડ રોકેટ મોટરથી લોન્ચ થાય છે. ત્યારબાદ તે હાઈપરસોનિક ગ્લાઈડ વ્હીકલ તરીકે લક્ષ્ય તરફ આગળ વધે છે. તેની ટોચની ઝડપ 12348 કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. 1500 કિલોમીટરનું અંતર કાપવામાં તેને માત્ર 15 મિનિટ લાગશે, એવું જણાવાયું છે. દરિયામાં સ્થિર કે ગતિમાન દુશ્મન યુદ્ધજહાજો પર સચોટ પ્રહાર કરવાની ક્ષમતા પણ તેમાં હોવાનું કહેવાયું છે.



### હાઈપરસોનિક મિસાઈલનું પરીક્ષણ, હવે ઉત્પાદન શરૂ

ઓડિશાના દરિયાકાંઠે થયેલા DRDO મિસાઈલ પરીક્ષણ (DRDO missile test) શ્રેણીબદ્ધ સફળ રહ્યા છે. તેમાં 1500 કિમીની રેન્જ અને ચોક્કસ નિશાન સાધવાની ક્ષમતા સાબિત થઈ હોવાનું જણાવાયું છે. આ મિસાઈલ પ્રજાસત્તાક દિને પણ પ્રદર્શિત થઈ ચૂકી છે અને હવે સિરિયલ પ્રોડક્શન એટલે કે મોટા પાયે નિર્માણના તબક્કામાં પહોંચી છે. આખરી વપરાશકર્તા મૂલ્યાંકન પૂર્ણ થયા પછી તેને સશસ્ત્ર દળોને સોંપવામાં આવશે.

### રેન્જ 3000 કિમી સુધી વધારવાની તૈયારી

આવી મિસાઈલનું નિર્માણ ખૂબ જટિલ અને ખર્ચાળ હોય છે. અત્યંત ઊંચા તાપમાનને સહન કરી શકે તેવી સામગ્રી અને ચોક્કસ ગાઈડન્સ સિસ્ટમ તૈયાર કરવી પડકારજનક છે. તેમ છતાં ભારતીય વૈજ્ઞાનિકો સફળ રહ્યા છે અને ભવિષ્યમાં રેન્જ 3000 કિલોમીટર સુધી લઈ જવાની તૈયારીઓ ચાલી રહી છે.

**રડાર અને એર ડિફેન્સ સિસ્ટમ માટે ટ્રેક કરવી મુશ્કેલ |** આ મિસાઈલનો ઉડાન માર્ગ જટિલ અને અનિશ્ચિત હોવાથી દુશ્મનના રડાર કે એર ડિફેન્સ સિસ્ટમ માટે તેને ટ્રેક કરવી કે વચ્ચેથી તોડી પાડવી લગભગ અશક્ય બની જાય છે, એવું જણાવાયું છે. સંપૂર્ણ સ્વદેશી સેન્સર અને એવિઓનિક્સ સિસ્ટમને કારણે તેનો પ્રહાર અત્યંત ચોક્કસ રહે છે. શરૂઆતમાં તેને ભારતીય નૌકાદળ (Indian Navy)ની દરિયાકાંઠાની સુરક્ષા બેટરી માટે તૈયાર કરવામાં આવી રહી છે. આગામી સમયમાં યુદ્ધજહાજ અને એરક્રાફ્ટ પરથી પણ છોડી શકાય તેવા વેરિઅન્ટ તૈયાર કરાશે.

## વિશ્વના સૌથી ધનિક ઉદ્યોગપતિ એલોન મસ્કે ઐતિહાસિક જાહેરાત કરી

# અમેરિકાના દરેક બાળકને આપશે SpaceXનો 1 શેર, 38 દેશોની GDP કરતાં પણ મોટી રકમ

(એજન્સી) અમેરિકા । તા. 19

વિશ્વના સૌથી ધનિક ઉદ્યોગપતિ એલોન મસ્કે ઐતિહાસિક જાહેરાત કરી છે. તેઓ પોતાની રોકેટ નિર્માતા કંપની SpaceXનો એક-એક શેર અમેરિકાના દરેક બાળકને ભેટ આપશે. આશરે 7.4 કરોડ બાળકોને 10.8 અબજ ડોલરના શેર મળશે. આ પહેલ આવતા વર્ષથી શરૂ થશે. આ રકમ 38 દેશોના વાર્ષિક GDP કરતાં વધુ છે. વિશ્વના સૌથી ધનિક ઉદ્યોગપતિ એલોન મસ્કે ઐતિહાસિક જાહેરાત કરી છે. તેઓ પોતાની અગ્રણી રોકેટ નિર્માતા કંપની SpaceXનો એક-એક શેર અમેરિકાના દરેક બાળકને ભેટ તરીકે આપવા જઈ રહ્યા છે.

મસ્કે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ મૂકીને પુષ્ટિ કરી છે કે તેઓ આવતા વર્ષથી આ પહેલ શરૂ કરશે અને આ તો માત્ર શરૂઆત છે, ભવિષ્યમાં આવા બીજા ઘણા પગલાં પણ લેવામાં આવશે. સંયુક્ત રાષ્ટ્ર (UN) ના ડેટા પ્રમાણે હાલ અમેરિકામાં 18 વર્ષથી ઓછી ઉંમરના બાળકોની સંખ્યા આશરે 7.4 કરોડ જેટલી છે. વર્તમાન સમયમાં SpaceX ના એક શેરની કિંમત લગભગ 146 ડોલર એટલે કે ભારતીય ચલણમાં આશરે 13,861 રૂપિયા છે. આ ગણતરી મુજબ એલોન મસ્ક પોતાના



હિસ્સામાંથી કુલ મળીને 10.8 અબજ ડોલર એટલે કે અંદાજે 1.02 લાખ કરોડ રૂપિયાના શેર બાળકોને ભેટ આપશે. આ રકમ વિશ્વના આશરે 38 દેશોના કુલ વાર્ષિક GDP કરતાં પણ વધારે છે.

### SpaceXમાં એલોન મસ્કની હિસ્સેદારી કેટલી છે?

એલોન મસ્ક આ ખાનગી એરોસ્પેસ અને સેટેલાઈટ કંપનીના સૌથી મોટા શેરહોલ્ડર છે. તાજેતરની રેગ્યુલેટરી ફાઈલિંગ મુજબ, 30 જૂન સુધીમાં કંપનીમાં તેમનો હિસ્સો 48.4 ટકા હતો. તેમની પાસે SpaceXના કુલ આશરે 6.42 અબજ શેર છે. આમાં તેમના ટ્રસ્ટ હેઠળ રાખવામાં આવેલા 849.5 મિલિયન 'ક્લાસ A' શેર અને 3.92 અબજ 'ક્લાસ B' શેર સામેલ છે. આ સિવાય મસ્ક વ્યક્તિગત રીતે સીધા 1.30 અબજ 'ક્લાસ B' રિસ્ટ્રિક્ટેડ શેર ધરાવે છે, તેમજ સ્ટોક ઓપ્શન અંતર્ગત વધારાના 350 મિલિયન 'ક્લાસ B' શેર પર પણ તેમનો અધિકાર છે.

### કેવી રીતે વહેંચવામાં આવશે શેર?

મસ્કે હાલ આ શેર કઈ પ્રક્રિયા હેઠળ વહેંચવામાં આવશે તેની સંપૂર્ણ રૂપરેખા સ્પષ્ટ કરી નથી. આ માટે કયા બાળકો પાત્ર બનશે, શેર કઈ તારીખે ખાતામાં જમા થશે, સરકાર તરફથી કઈ મંજૂરીઓની જરૂર પડશે અને શેર સીધા બાળકોના નામે થશે કે કોઈ વિશેષ ટ્રસ્ટ દ્વારા સંચાલિત કરાશે તેની વિગતો આવનારા દિવસોમાં જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે. ઉલ્લેખનીય છે કે SpaceX વિશ્વની સૌથી મૂલ્યવાન ખાનગી કંપનીઓમાં સામેલ છે.

## હૂથીઓનો યમનમાં મોટો પ્રહાર, મિસાઈલ હુમલામાં 53 લોકોના મોત



(એજન્સી) યમન । તા. 19

યમનમાં હૂથી વિદ્રોહીઓએ શબવા પ્રાંતના મિલિટરી ટ્રેનિંગ કેમ્પ પર 3 બેલિસ્ટિક મિસાઈલોથી મોટો હુમલો કર્યો છે. આ ભીષણ હુમલામાં 53 લોકોના મોત થયા છે. હુમલામાં તાલીમ લઈ રહેલા સૈનિકોને નિશાન બનાવવામાં આવ્યા હતા. યમન ઉપરાંત, હૂથીઓએ રિયાધ અને સાઉદી અરેબિયાના અન્ય વિસ્તારોને પણ નિશાન બનાવ્યા, જ્યાં 6 નાગરિકો ઘાયલ થયા હતા. યમનમાં હૂથી વિદ્રોહીઓએ વિરામ બાદ મોટો હુમલો કર્યો છે. યમનની સરકારી સેનાના શબવા પ્રાંતમાં આવેલા મિલિટરી ટ્રેનિંગ કેમ્પ પર થયેલા આ ભીષણ મિસાઈલ હુમલામાં મૃત્યુઆંક વધીને 53 થઈ ગયો છે. હૂથી વિદ્રોહીઓએ આ હુમલા માટે ત્રણ બેલિસ્ટિક મિસાઈલો છોડી હતી, જેમાં ટ્રેનિંગ લઈ રહેલા સૈનિકોને નિશાના બનાવાયા હતા. યમન ઉપરાંત હૂથીઓએ સાઉદી અરેબિયાની રાજધાની રિયાધ અને અન્ય વિસ્તારોને પણ નિશાના બનાવ્યા છે.

### ટાઈગર શ્રોફ પર હુમલા બાદ પોલીસની ઝડપી કાર્યવાહી, 4 શંકાસ્પદ કસ્ટડીમાં

મુંબઈ | ટાઈગર શ્રોફ ફાયરિંગના કેસ મામલે મુંબઈના જુહુ વિસ્તારમાં બનેલી ઘટના બાદ પોલીસે 16 કલાકમાં 4 શંકાસ્પદોની અટકાયત કરી છે. રાજસ્થાનના કોટામાંથી 3 અને મહારાષ્ટ્ર-ગુજરાત બોર્ડર પરથી 1 શંકાસ્પદ પકડાયો છે. હુમલાની જવાબદારી લોરેન્સ બિશ્નોઈ ગેંગે લીધી હોવાનું સામે આવ્યું છે. ઘટના બાદ પોલીસ ટીમોએ જુદા જુદા રાજ્યોમાં તપાસ તેજ કરી હતી. મુંબઈ પોલીસ કાર્યવાહી હેઠળ 16 કલાકના ગાળામાં કુલ 4 શંકાસ્પદો પોલીસના સકંજામાં આવ્યા છે. રાજસ્થાનના કોટામાં રેલવે કોલોની પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી 3 શંકાસ્પદોને કસ્ટડીમાં લેવાયા છે. જોકે કોટા શહેર પોલીસે હજુ સુધી આ ધરપકડની સત્તાવાર પુષ્ટિ કરી નથી. ચોથા શંકાસ્પદને મહારાષ્ટ્ર-ગુજરાત બોર્ડર પરથી પકડવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, કોટા શંકાસ્પદ અટકાયતના કેસમાં ત્રણેય શંકાસ્પદો મુંબઈથી ટ્રેન પકડીને નીકળ્યા હતા. પૂણે-મુંબઈ એક્સપ્રેસ ટ્રેનમાં તેઓ હોવાની ચોક્કસ બાતમી મળતાં કોટા રેલવે કોલોનીમાંથી તેમને ઝડપી લેવાયા.


Nippon india Mutual Fund

Mutual Fund Investor Awareness Program

To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. The schedule of upcoming IAPs is as mentioned below

| Date | Time | Location |
|---|---|---|
| 21 October, 2026 | 7:00 PM | Rajkot |

Venue : The Pinevinta Hotel Gondal Road near Bombay Petrol Pump in Rajkot, Gujarat

Name : Shashwat Sood | Mobile : 9687767006

Nippon Life India Asset Management Limited | CIN : L65910MH1995PLC220793

Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.






સ્કેન કરો

Flipkart amazon.in પર પણ ઉપલબ્ધ*

10 YEAR WARRANTY | BAJAJ SECURE - AMC - ROAD SIDE ASSISTANCE

72198 21111

*નિયમો અને શરતો લાગુ. ઉલ્લેખિત ESRPs, 125 સિંગલ સીટ વેરિઅન્ટ માટે છે. સ્ટન્ટ્સ નિષ્ણાતો દ્વારા, વ્યાવસાયિક દેખરેખ હેઠળ, નિયંત્રિત અને બંધ વાતાવરણમાં, સામાન્ય જનતા અથવા જાહેર રસ્તાઓથી અલગ રહીને કરવામાં આવ્યા છે. આ સ્ટન્ટ્સનું અનુકરણ કરવાનો પ્રયાસ કરશો નહીં અને હંમેશા ટ્રાફિક તથા સલામતીના નિયમોનું પાલન કરો. E-કોમ ઓફર્સ સંબંધિત E-કોમ પાર્ટનરના નિયમો અને શરતોને આધીન છે. E-કોમ ઓફર્સ વિવિધ પાર્ટનર્સ અનુસાર બદલાઈ શકે છે. છબીઓ માત્ર નિદર્શનના હેતુ માટે છે. વાસ્તવિક રંગો અલગ હોઈ શકે છે. વાસ્તવિક રંગો અલગ હોઈ શકે છે.

Authorised Dealers for BAJAJ Auto Ltd.: Ahmedabad: Lal Darwaja AMIN BAJAJ 9879203364, Isanpur 7600002894 • Maninagar ADITYA BAJAJ 6356024241, Odhav 6356024243, Bapunagar 6356024244, Naroda 6357102424 • Sanand ADITYA BAJAJ 9375073137 Gandhinagar BANSARI BAJAJ 9429023456, Kalol 7027412345 • Kadi PARTH BAJAJ 9409421001 • Himmatnagar SAKAL BAJAJ 9909026046, Modasa 9925002281• Mehsana PARTH BAJAJ 7046670466 • Unjha 7621020111• Palanpur MAHESH BAJAJ 8401303130, Deesa 7383437522, Dhanera 7567892213, Tharad 9979863923 • Patan SHIVAM BAJAJ 9925015140, Sidhpur 9157573343 • Radhanpur SHIVAM BAJAJ 9825533061, Sami 9638422030 • Anand AMIN BAJAJ 8734010115, Borsad 7622822223, Ras 9974577067 Khambhat 9909921997 • Asodar 9081993452 Vasad 9157711196 Nadiad SANTRAM BAJAJ 9904708740. • Surendranagar YUG BAJAJ 7069220225.

અમદાવાદ એક્સપ્રેસ
TUESDAY • 20-10-2026

# સરકાર બીજા રાજ્યો અને પ્રાઈવેટ કંપનીઓને કરોડો રૂપિયાની વીજળી પાણીના ભાવે વેચે છે, પણ નવરાત્રીમાં ગામડાઓમાં ભયંકર વીજકાપ થાય છે: ગોપાલ ઈટાલીયા AAP

અમદાવાદ | આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા, રાજકોટ લોકસભા ઈનચાર્જ દિલીપસિંહ વાઘેલા, પ્રદેશ સંગઠન મંત્રી તેજસભાઈ ગાજીપરા, રાજકોટ શહેર પ્રમુખ રાજેશભાઈ ડાંગરિયા અને મહિલા અગ્રણી પદ્મિનીબા વાળાએ રાજકોટમાં પત્રકાર પરિષદ યોજી હતી. મીડિયાને સંબોધતા ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું કે, ઊર્જા મંત્રીએ મને લેખિતમાં આપેલા જવાબ મુજબ ગુજરાત સરકાર દર વર્ષે કરોડો રૂપિયાની વીજળી પાણીના ભાવે બીજા રાજ્યો અને ખાનગી કંપનીઓને વેચે છે. જો રાજ્યમાં વપરાશ પછી વીજળી વધતી હોય તો મોકલે તે આવકાર્ય છે, પરંતુ છેલ્લા ૨૦-૨૫ દિવસથી નવરાત્રી જેવા પવિત્ર તહેવારમાં સાંજના ૬:૦૦ થી રાતના ૯:૩૦ વાગ્યા દરમિયાન, જમવાના અને આરતીના સમયે જ ગામડાઓમાં ભયંકર



પાવર કટ કરીને અંધારપટ છવાઈ જાય છે. આ અંધકાર યુગનો વિરોધ કરવા જૂનાગઢના ખેડૂતો સાથે અધિક્ષક ઈજનેરની કચેરીએ ફાનસ આપવામાં આવ્યું હતું. એકતરફ સોલાર પેનલો, પવનચક્કીઓ અને ખેડૂતોના ખેતરોમાં દાદાગીરીથી થાંભલા નાખીને મોટી વાતો કરાય છે, તો આજે આ વીજળી ક્યાં ગઈ? 'સ્ટેગરિંગ હોલિડે' જેવા અંગ્રેજી શબ્દો વાપરીને સરકાર વીજળીના ધાંધિયા છુપાવે છે અને રાજકોટ, જામનગર, જૂનાગઢ તથા ભાવનગરની ઈન્ડસ્ટ્રીઝને ફરજિયાત ચાર કલાક ઉદ્યોગ બંધ રાખવા દબાણ કરે છે. છેલ્લા ૩૦ વર્ષથી શાસન કરતી ભાજપ સરકારનું કોઈ મેનેજમેન્ટ જ નથી. સોલર-પવનચક્કી કંપનીઓ અને ભાજપના નેતાઓની સાંઠગાંઠ તથા ભ્રષ્ટાચારનો ભોગ ખેડૂતો અને ઉદ્યોગકારો બની રહ્યા છે. વળી, બેટરી ઉત્પાદક કંપની પાસેથી અધિકારીઓને કમિશન ન મળતા વીજ સ્ટોરેજ પ્રોજેક્ટ પણ ટલ્લે ચડાવી દેવાયો છે.

'આપ' ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યુ હતુ કે અત્યારે ચાર-ચાર કલાકના પાવર કટ થઈ રહ્યા છે અને ભાજપના નેતાઓ ચંદ્ર અને મંગળ પર જવાની વાતો કરે છે, પણ શું ત્યાં હાથમાં ફાનસ લઈને જશો? જો તમારાથી વીજળીનું મેનેજમેન્ટ ન થતું હોય અને શાસન ન ચાલતું હોય તો ખુરશી પરથી હટી જાઓ. આગળ દિવાળી, બેસતું વર્ષ અને વેકેશનમાં ગામડાઓમાં વીજળીની માંગ હજુ વધવાની છે. આ વીજ સંકટ ઉપરાંત હવે રાજકોટ અને સમગ્ર સૌરાષ્ટ્ર પર પીવાના પાણીનો ગંભીર પ્રશ્ન તોળાઈ રહ્યો છે. ઓછા વરસાદને કારણે ડેમ, કેનાલો અને 'સૌની યોજના'ની પાઈપલાઈનો ખાલી છે, પણ સરકાર પાસે 'વોટર મેનેજમેન્ટ'નું કોઈ આયોજન નથી અને નેતાઓ મન કી બાત કે દીવા-થાળી વગાડવામાં મશગૂલ છે. શિયાળામાં તમામ શહેરો અને ગામડાઓમાં પીવાના પાણીની વિકટ સમસ્યા સર્જાશે. લાઈટ અને પાણી જેવી પ્રાથમિક સુવિધાઓ વિના દેશને 'વિશ્વગુરુ' બનાવવાની વાતો પોકળ છે. તહેવારોની આ સીઝન વેપારીઓ માટે બે પૈસા કમાવાની છે, ત્યારે 'લોડ શેડિંગ' અને 'સ્ટેગરિંગ હોલિડે'ના નામે વીજળીના ધાંધિયા કરવા બિલકુલ ગેરવાજબી છે.

# ગુલબાઈ ટેકરા વિસ્તારમાં રસ્તો ઓળંગતી વખતે કારની ટક્કરથી 5 વર્ષના બાળકનું મોત નિપજ્યું...

અમદાવાદ | અમદાવાદના ગુલબાઈ ટેકરા વિસ્તારમાં અકસ્માતની ઘટના સામે આવી છે. 18મી ઑક્ટોબરના રોજ ગુલબાઈ ટેકરા ટેલિફોન એક્સચેન્જ જંકશન પાસે રસ્તો ઓળંગી રહેલા 5 વર્ષીય બાળકને પૂરઝડપે આવી રહેલી એક કારે ટક્કર મારી હતી. જેમાં બાળકને ગંભીર ઈજાઓ પહોંચતા ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજ્યું હતું. આ માલે બાળકના પિતાની ફરિયાદના આધારે 'બી' ડિવિઝન ટ્રાફિક પોલીસે કારચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.નકશા જુઓ

મળતી માહિતી અનુસાર, 18મી ઑક્ટોબરના રોજ સવારના સુમારે પાંચ વર્ષીય નિલેશ રાઠોડ ગુલબાઈ ટેકરા ટેલિફોન એક્સચેન્જ જંકશન પાસે રસ્તો ઓળંગી રહ્યો હતો. આ દરમિયાન એક કારના ચાલકે વાહન ખૂબ જ ઝડપે નિલેશને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં નિલેશના માથાના પાછળના ભાગે ગંભીર ઈજા થઈ હતી, તેમજ તેના જમણા પગ અને ડાબા હાથ પર પણ ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જાતા આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા.

ઘટના બાદ કારચાલક માલા રાજેશ મિત્તલે કાર રોકી હતી અને બાળકને તબીબી સારવાર મળે તે માટે મદદ કરી હતી. ચાલકે બાળકના પરિવારને સારવારનો તમામ ખર્ચ ઉઠાવવાની ખાતરી પણ આપી હતી. જોકે, નિલેશની તબિયત સતત કથળતી જતી હોવાથી તેને વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. પુત્રના અચાનક અવસાનથી પરિવાર પર આભ તૂટી પડ્યું હતું.

મૃતક બાળકના પિતા મહેશ રાઠોડ મજૂરીકામ કરે છે અને અમદાવાદમાં અલગ-અલગ જગ્યાએ પટ્ટા (બેલ્ટ) વેચીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. ઘટનાના દિવસે તેઓ કામ પરથી ઘરે પરત ફર્યા ત્યારે પત્ની પાસેથી આ ગંભીર અકસ્માત વિશે જાણ થઈ હતી.

ઉલ્લેખનીય છે કે, મૃતક નિલેશ પરિવારના ચાર બાળકોમાંનો એક હતો અને તેને યોગેશ નામનો પાંચ વર્ષનો જોડિયા ભાઈ પણ છે.

# સુરતના જીવાદોરી સમાન ટેક્સટાઇલ અને એમ્બ્રોઇડરી ઉદ્યોગને ગ્રહણ,'આપ' દ્વારા વિવાદનો સુખદ અંત લાવવા મધ્યસ્થતાની માંગ

અમદાવાદ | સુરતમાં એમ્બ્રોઇડરી કારખાનેદાર માલિકો અને કારીગરો વચ્ચે ચાલતા વિવાદનો સુખદ અંત લાવવા સરકારની મધ્યસ્થતા બાબતે આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી ધર્મેશ ભંડેરી, સુરત શહેર પ્રમુખ પંકજ આંબલીયા, સુરત લોકસભા પ્રમુખ વિપુલ સુહાગીયા, સુરત લોકસભા સંગઠન મંત્રી તુલસી લાલૈયા, વરાછા વિધાનસભા પ્રભારી રજનીકાંત વાઘાણી અને નવસારી લોકસભા ઈનચાર્જ ભરત પ્રજાપતિએ એક સંયુક્ત પત્રકાર પરિષદ યોજી હતી. મિડીયાને સંબોધન કરતા આપ નેતા ધર્મેશ ભંડેરીએ જણાવ્યું કે, સુરતના મુખ્ય એવા ટેક્સટાઈલ અને એમ્બ્રોઇડરી ઉદ્યોગને ગ્રહણ લાગી ગયું છે. એમ્બ્રોઇડરી મશીનના માલિકો અને કારીગરો વચ્ચે જે તકરાર અને ભેદભાવ ઊભા થયા છે, તેમાં સરકાર કેમ કોઈ સુખદ સમાધાન લાવવા માંગતી નથી? ગુજરાતની જીવાદોરી સમાન આ જોબવર્ક વ્યવસાય ચલાવવા માલિકો અનેક સંકટોનો સામનો કરે છે. ટેક્સટાઈલ વેપારીઓ પાસેથી ત્રણથી સાત મહિને માંડ રૂપિયા છૂટા થાય છે કે ક્યારેક વેપારીઓ ઉઠામણું કરી લે છે, છતાં લાખો-કરોડોનો GST ભરતા મશીન ધારકો દર ૧૫ દિવસે કારીગરોને પગાર આપે છે તથા ધાગા કટિંગ, રોલ પોલિશ



જેવા તમામ પેટા જોબવર્કરોને સમયસર પૈસા ચૂકવે છે. આ બાબતે ભાજપ કે પોલીસ કશું જ ધ્યાન આપતી નથી. દરેક સંકટ સમયે માલિકોએ કારીગરોને પરિવારની જેમ સાચવીને રહેવા-જમવાની વ્યવસ્થા કરી છે. આમ છતાં, અત્યારે સીઝનના સમયે દર મહિને ૩૦,૦૦૦ થી ૫૦,૦૦૦ સુધી કમાતા કારીગરોને અમુક લોકો દ્વારા ઉશ્કેરવામાં આવી રહ્યા છે, જ્યારે કારીગરોને જૂની સિસ્ટમથી કોઈ પ્રોબ્લેમ નહોતો. આટલી ગંભીર સ્થિતિ છતાં સુરતના નાયબ મુખ્યમંત્રી, કેન્દ્રીય મંત્રી, ભાજપના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ, ૧૨ ધારાસભ્યો અને ૩ સાંસદોમાંથી કોઈ એક પણ શબ્દ બોલવા તૈયાર નથી, તો શું ભાજપ સરકારે આ ઉદ્યોગને પતાવી દેવાનું નક્કી કર્યું છે? શાસકોની જવાબદારી હોવા છતાં ભાજપના નેતાઓ એટલા માટે ચૂપ છે કારણ કે ત્રણ મહિના પછી યુપીમાં વિધાનસભાની ચૂંટણી છે. સુરતમાં એમ્બ્રોઇડરી ક્ષેત્રે કામ કરતા મોટાભાગના કારીગરો યુપી અને બિહારથી આવે છે; જો ભાજપ નેતાઓ મશીન ધારકોના હકમાં વાત કરે તો યુપીમાં તેમના મત તૂટે અને સરકાર ન બને. આથી ભાજપના નેતાઓ ભોંમાં ભરાઈ ગયા છે. ભાજપનો હેતુ જનહિત, પ્રદેશ કે દેશ માટે નહીં પણ માત્ર ચૂંટણી જીતવાનો જ છે. સુરતમાં છ મહિના પહેલા ચૂંટણી પતી ગઈ હોવાથી હવે તેમને કોઈ ચિંતા નથી અને દસ મહિના પછી ગુજરાતની ચૂંટણી આવશે ત્યારે નવા લોલીપોપ આપી છેતરવા નીકળશે. અત્યારે સીઝનના સમયે આ આખા સંકટના કારણે મશીન ધારકો હેરાન છે અને દર રવિવારે ઔદ્યોગિક વિસ્તારોમાં અસામાજિક તત્વો દ્વારા વાતાવરણ ડહોળાતા તંગ પરિસ્થિતિ સર્જાય છે, જેથી આખો વ્યવસાય ઘેરા સંકટમાં મુકાયો છે. આ ઉદ્યોગને બચાવવો ખૂબ જ જરૂરી હોવાથી સરકારે તાત્કાલિક મધ્યસ્થતા કરીને સુખદ સમાધાન લાવવું જોઈએ.

# ગુજરાતમાં 'આપ' હોસ્પિટલ કેર કમિટીનું નવું સોપાન,દર્દીઓ માટે વિશેષ યોજનાની જાહેરાત

## અમદાવાદથી શરૂઆત કરી આખા ગુજરાતમાં 300 થી ૫૦૦ હોસ્પિટલો જોડવાનો લક્ષ્યાંક : વિનોદ પરમાર

અમદાવાદ | આમ આદમી પાર્ટીના હોસ્પિટલ કેર કમિટી પ્રદેશ પ્રમુખ વિનોદ પરમારે એક મહત્વની જાહેરાત કરતા જણાવ્યું કે, ગુજરાતમાં આપણી હોસ્પિટલ કેર કમિટી દ્વારા એક નવું સોપાન શરૂ કરવા જઈ રહ્યા છીએ. અવારનવાર જોવા મળે છે કે સરકારી PMJAY કે અન્ય યોજનાઓમાં કાગળો કે ટેકનિકલ ખામીઓના બહાને ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને યોજનાનો પૂરો લાભ મળતો નથી. આથી દર્દીઓને રાહત મળે તે હેતુથી અમે પ્રાઈવેટ હોસ્પિટલો સાથે ટાઈઅપ કરવાની ઝુંબેશ શરૂ કરી છે. કદાચ ભારતભરમાં આ પહેલી વાર બનશે કે મેડિક્લેમ પોલિસી કે PMJAY યોજના વિના, સીધા ડોક્ટર કે પ્રાઈવેટ હોસ્પિટલ જ દર્દીને ડાયરેક્ટ બેનિફિટ આપશે. હાલ અમદાવાદની નામી હોસ્પિટલો સાથે શરૂઆત કરી છે અને આગામી ૬ મહિનામાં ભાવનગર, રાજકોટ, વડોદરા અને સુરત સહિત સમગ્ર ગુજરાતના તમામ જિલ્લાઓ અને તાલુકાઓમાંથી ૩૦૦ થી ૫૦૦ હોસ્પિટલોને ગેધર કરવાનો લક્ષ્યાંક છે. અમારી ટીમ અને હું પોતે ડોક્ટરો સાથે બેસીને ફોર્મ પર સાઈન-સ્ટેમ્પ કરાવીને ટર્મ્સ એન્ડ કન્ડિશન્સ એગ્રી કરાવીએ છીએ. આ ટાઈઅપ થયેલી



જાણીતી હોસ્પિટલોનું લિસ્ટ આમ આદમી પાર્ટી અને હોસ્પિટલ કેર કમિટીની વેબસાઈટ પરથી મળી રહેશે. આ યાદીમાં મોટા સ્ટાન્ડર્ડના આઈવીએફ (IVF) સેન્ટર્સ તથા ચાંદખેડાની મોટી હોસ્પિટલો સહિત સ્ટાન્ડર્ડ હોસ્પિટલો જોડાઈ રહી છે. આ યોજનાની સુંદરતા એ છે કે પેશન્ટે હોસ્પિટલમાં જઈને માત્ર એટલું જ કહેવાનું રહેશે કે તેઓ હોસ્પિટલ કમિટીના લિસ્ટમાંથી આવ્યા છે, એટલે તેમને હોસ્પિટલ દ્વારા ટોટલ બિલ પર મિનિમમ ૧૦% ડિસ્કાઉન્ટ ડાયરેક્ટ મળી જશે. ડો. વિનોદ પરમારે વધુમાં જણાવ્યુ હતુ કે દર્દીઓ અને હોસ્પિટલ વચ્ચે યોગ્ય સંકલન રહે તે માટે ભવિષ્યમાં એક ટોલ-ફ્રી નંબર પણ જાહેર કરવામાં આવશે. હોસ્પિટલ કમિટીમાં જોડાવવાથી દર્દીઓ વધશે એટલે હોસ્પિટલોને લાભ થશે અને દર્દીઓને બિલમાં રાહત મળશે. ટૂંક સમયમાં જ સમગ્ર ગુજરાતની હોસ્પિટલો આવરી લેતી એક બુકલેટનું ગ્રાન્ડ ઈનોગ્રેશન કરવામાં આવશે, જેમાં પાર્ટીના અગ્રણી નેતાઓ અને સામાજિક કાર્યકરો ઉપસ્થિત રહેશે. હોસ્પિટલો ઉપરાંત ભવિષ્યમાં લેબોરેટરીઝ અને બ્રાન્ડેડ મેડિકલ સ્ટોર્સ સાથે પણ ટાઈઅપ કરવાનું આયોજન છે. મેડિકલ સ્ટોર્સ દવાઓ પર ૭૦-૮૦% સુધીની જાહેરાતો કરે છે પણ દર્દીઓ સુધી તેનો લાભ પહોંચતો નથી, જેથી અમે તેને પણ આ સિસ્ટમમાં આવરી લઈશું. આ કમિટીમાં એલોપેથી, હોમિયોપેથી તેમજ ઔષધીય ગુણો ધરાવતી તમામ પ્રકારની સારવાર આપતી હોસ્પિટલોનો સમાવેશ કરાયો છે. અમારો એકમાત્ર ધ્યેય સામાન્ય પરિવાર અને નાગરિક સુધી આરોગ્ય સુવિધાઓનો લાભ પહોંચાડવાનો છે.

# 'સેપ્ટ મંડળી' ગરબામાં પોલીસની હાજરીમાં ધોકા-તલવારથી બબાલ : પૈસા ખર્ચીને આવેલા ખેલૈયામાં ફફડાટ

અમદાવાદ નજીક સાંતેજ પાસેના ખાત્રજ-કલોલ રોડ પર આવેલા જાણીતા 'સેપ્ટ મંડળી' ગરબા મહોત્સવમાં સિક્યુરિટી ગાર્ડ્સ અને કેટલાક યુવાનો વચ્ચે પ્રવેશને લઈ હિંસક અથડામણ થઈ હતી. ગાંધીનગર જિલ્લાના સાંતેજ પોલીસની હાજરીમાં લાકડીઓ અને ખુલ્લી તલવારો સાથે મારામારી થતાં સમગ્ર પરિસરમાં ભારે અફરાતફરી મચી ગઈ હતો. આ હિંસક જૂથ અથડામણના વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં ખેલૈયાની સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, કેટલાક યુવકો પાસ વગર ગરબા ગ્રાઉન્ડમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા. સિક્યુરિટી સ્ટાફે તેમને રોકતાં બંને પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી, જે જોતજોતામાં હિંસક મારામારીમાં ફેરવાઈ ગઈ હતી. બહાર લગાવેલા બેરિકેડિંગમાં પણ તોડફોડ કરવામાં આવી. મામલો એટલી હદે બિચક્યો હતો કે, સિક્યુરિટી ગાર્ડ્સ લાકડીઓ અને ખુલ્લી તલવારો લઈને રસ્તા પર આવી ગયા હતા અને સામસામે હુમલા શરૂ કરી દીધા હતા.

'સેપ્ટ મંડળી' ગરબામાં મોંઘા ભાવના પાસ લઈને પરિવાર અને મિત્રો સાથે ગરબે રમવા આવેલા હજારો ખેલૈયામાં આ બબાલને પગલે ભારે દોડધામ મચી ગઈ હતી. ગ્રાઉન્ડના પ્રવેશદ્વાર પાસે ખુલ્લી તલવારો લહેરાતી જોઈને મહિલાઓ અને યુવતીઓ ગભરાઈ ગઈ હતી. થોડા સમય માટે માહોલ તણાવપૂર્ણ બની ગયો હતો. એક તરફ મંડળી નામથી ગરબાનું મોટું આયોજન કરવામાં આવે છે, પરંતુ ખેલૈયાની સુરક્ષા બાબતે પણ સવાલો ઊભા થઈ રહ્યા છે. આ ચકચારી ઘટનાના વાઈરલ વીડિયો અને ઘર્ષણનું સાચુ કારણ, પોલીસ કાર્યવાહી અંગે વિગતો મેળવવા માટે સાંતેજ પોલીસ સ્ટેશનના PI સુરેશ ચૌધરીનો વારંવાર ટેલિફોનિક સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ તેમણે ફોન ઉપાડવાનું ટાળ્યું હતું.

# નવરાત્રિની આઠમે સદુ માતાની પોળમાં સાડી પહેરીને ગરબે ઘૂમે છે પુરુષો

અમદાવાદ | અમદાવાદના શાહપુર વિસ્તારની સદુ માતાની પોળમાં નવરાત્રિની આઠમે એક અનોખી પરંપરા 210 વર્ષથી ચાલી આવે છે. અહીં 5 વર્ષથી 80 વર્ષના પુરુષો સ્ત્રી વેશ ધારણ કરી, સાડી પહેરીને માતાજીના ગરબા ગાય છે. સદુબા પ્રત્યેની શ્રદ્ધા અને પ્રાયશ્ચિત રૂપે બારોટ સમાજ સહિત અન્ય સમાજના લોકો પણ માનતા પૂરી કરવા આ પરંપરા નિભાવે છે. આ આસ્થા કોમી એકતાનું પ્રતીક બની છે. નવરાત્રિની રાત હોય, માતાજીના ગરબા ગૂંજતા હોય અને રંગબેરંગી વસ્ત્રોમાં સજ્જ ખેલૈયાઓ ઢોલના તાલે ઝૂમી રહ્યા હોય. ગુજરાત માટે આ દૃશ્ય સામાન્ય છે. પરંતુ અમદાવાદના ઐતિહાસિક કોટ વિસ્તારમાં આવેલી શાહપુરની સદુ માતાની પોળમાં નવરાત્રિની આઠમે એક એવી અદભુત અને અનોખી પરંપરા જોવા મળે છે, જે લોકોને આશ્ચર્યચકિત કરી દે છે. અહીં પુરુષો કેડિયું કે કુર્તો નહીં, પરંતુ સ્ત્રીઓની જેમ સાડી પહેરી, ચાંદલો કરી અને બંગડીઓ સજીને માતાજીના ગરબા ગાય છે. સ્થાનિક લોકો અને બારોટ સમાજના જણાવ્યા અનુસાર, સંવત 1872થી શરૂ થયેલી આ પરંપરાને આજે અંદાજે 210 વર્ષ પૂર્ણ થયાં છે. આ અનોખી ઉજવણી કોઈ મનોરંજન કે સોશિયલ મીડિયાનો નવો ફેશન ટ્રેન્ડ નથી, પરંતુ સદુ માતા (સદુબા) પ્રત્યેની અગાધ શ્રદ્ધા, આસ્થા અને પ્રાયશ્ચિતની ભાવના સાથે જોડાયેલી પરંપરા છે. આઠમના દિવસે 5 વર્ષના બાળકના જન્મથી લઈને 80 વર્ષના વડીલો સુધીના તમામ પુરુષો ભક્તિભાવપૂર્વક સાડી ધારણ કરી ગરબે ઘૂમે છે. પેઢી દર પેઢી ચાલી આવતી લોકવાયકા મુજબ, વર્ષો પહેલાં તત્કાલીન સત્તાધીશ કે સુબાની નજર સદુબા પર બગડી હતી. સદુબા અને તેમના પરિવાર-પતિ હરિસિંહ તથા પુત્રી અજૂબાના જીવનમાં આ ઘટનાથી મોટો વળાંક આવ્યો હતો. સદુબાના બલિદાન અને ત્યારબાદ તેમના દ્વારા આપવામાં આવેલા શ્રાપની ઘટના બાદ બારોટ સમાજે સદુબા પ્રત્યે આદર, પ્રાયશ્ચિત અને ભક્તિભાવ વ્યક્ત કરવા માટે સ્ત્રી વેશ ધારણ કરી સાડી પહેરીને ગરબા ગાવાની શરૂઆત કરી હતી.

# ખોખરાના ફ્લેટમાં એકલા રહેલા વૃદ્ધાની હત્યા:ચાર દિવસ પહેલા હત્યા થયાનું અનુમાન, લાશને બેગમાં પેક કરવાનો પ્રયાસ

અમદાવાદ | શહેરના પૂર્વ વિસ્તારમાં ખોખરાના જીવનરક્ષા ફ્લેટના બંધ મકાનમાંથી 60 વર્ષીય વૃદ્ધ મહિલાની હત્યા કરેલી હાલતમાં લાશ મળી આવતા ચકચાર મચી ગઈ છે. ફ્લેટમાંથી અસહ્ય દુર્ગંધ આવતાં આસપાસના રહીશોએ પોલીસને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં ખોખરા પોલીસ સ્થળ પર પહોંચી હતી અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. અત્યારે દ્વારા મહિલાની લાશને બેગમાં ભરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો જોકે સફળ થયો નહોતો. ખોખરા પોલીસે આરોપીના પકડવા માટેની તજવીજ શરૂ કરી દીધી છે.

ખોખરા કિશ્રચયન સેસાયટી પાસેના જીવનરક્ષા ફ્લેટમાં બીજા માળે રહેતી લક્ષ્મીબેન ડાભી નામની આશરે 60 વર્ષીય મહિલા રહેતાં હતા. તેઓના ફ્લેટમાંથી દુર્ગંધ આવતાં આસપાસના રહીશોને શંકા ગઈ હતી, જેના પગલે પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસ ઘટનાસ્થળે પહોંચી ઘર ખોલી અને જ્યારે તપાસ કરી ત્યારે મહિલાની કોહવાયેલી હાલતમાં લાશ મળી આવી હતી. લાશને બેગમાં ભરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

ખોખરા પોલીસ સ્ટેશનના પીઆઈ બી પી. સાવલિયાએ જણાવ્યું હતું કે લક્ષ્મીબેન એકલા રહેતા હતા. એક ખ્રિસ્તી વ્યક્તિ સાથે લગ્ન કર્યા હતા અને વર્ષ 2013 માં તેમના પતિનું અવસાન થયું હતું. તેઓ પ્રજાપિતા બ્રહ્માકુમારી સંસ્થા સાથે પણ સંકળાયેલાં હોવાનું જાણવા મળ્યું છે. પાડોશીઓને મકાનમાંથી અસય દુર્ગંધ આવી હતી.ત્રણથી ચાર દિવસ પહેલા હત્યા થયાનું અનુમાન છે. લૂંટનો કોઈ પ્રયાસ કરાયો હોવાના પુરાવા મળ્યા નથી. પોલીસે હત્યાનું કારણ જાણવા અને હત્યારાની ઓળખ મેળવવા તપાસ શરૂ કરી છે.

# સાંતેજમાં મંડલી ગરબામાં બબાલ



અમદાવાદના સાંતેજમાં 'મંડલી ગરબા' મહોત્સવમાં રવિવારે રાત્રે પાસ વગર પ્રવેશને લઈ સિક્યોરિટી અને યુવકો વચ્ચે બહાર ઝઘડો થયો હતો. વાયરલ વીડિયોમાં તલવારો અને લાકડીઓ સાથે યુવકો જોવા મળતાં ખેલૈયાઓમાં ગભરાટ ફેલાયો હતો. રોકડ ભરેલી બેગ ચોરાયાનો દાવો કરાયો છે. સાંતેજ પોલીસ અને LCB ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે, જેમાં આયોજકોની પણ પૂછપરછ કરાઈ રહી છે. અમદાવાદ નજીક સાંતેજ વિસ્તારમાં યોજાયેલા 'મંડલી ગરબા' મહોત્સવમાં રવિવારે (18મી ઑક્ટોબર) રાત્રે હોબાળો મચી ગયો હતો. માન્ય પાસ વગર ગરબા મેદાનમાં પ્રવેશવા બાબતે સિક્યોરિટી ગાર્ડ્સ અને યુવકોના એક જૂથ વચ્ચે બબાલ થઈ હતી. સોશિયલ મીડિયા પર આ ઘટનાના વાઈરલ થયેલા વીડિયોમાં કેટલાક શખસો ખુલ્લેઆમ લાકડીઓ અને તલવારો લઈને ફરતા નજરે પડતા હડકંપ મચી ગયો હતો. આ ઘટનાને કારણે ગરબા રમવા આવેલા ખેલૈયાઓ અને મહિલાઓમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. પ્રાથમિક માહિતી અનુસાર, રવિવારે રાત્રે ગરબા મેદાનના પ્રવેશદ્વાર પર કેટલાક યુવકોએ કોઈ પણ પ્રકારના માન્ય પાસ વિના અંદર ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. ગેટ પર હાજર સિક્યોરિટી ગાર્ડ્સ અને બાઉન્સરોએ તેને રોકતાં મામલો બિચક્યો હતો અને બંને પક્ષો વચ્ચે બોલાચાલી બાદ ઉગ્ર મારામારી શરૂ થઈ ગઈ હતી. પરિસ્થિતિ એટલી હદે વણસી ગઈ હતી કે કેટલાક શખસો હથિયારો સાથે મેદાનમાં ધસી આવ્યા હતા. સોશિયલ મીડિયા પર વાયરલ વીડિયોમાં યુવકો હાથમાં લાકડીઓ અને તલવારો લહેરાવતા નજરે પડે છે. આ હિંસક ઘટનાથી ગ્રાઉન્ડમાં દોડધામ મચી ગઈ હતી અને મહિલાઓ તથા યુવતીઓ સુરક્ષિત સ્થળે ખસી ગયા હતા. આ ઘટનામાં એવો દાવો પણ કરવામાં આવ્યા છે કે યુવકોનું આ જૂથ ચોક્કસ ઈરાદા સાથે મેદાનમાં ઘૂસ્યું હતું અને મારામારીની આડમાં રોકડ રકમ ભરેલી એક બેગ લઈને ફરાર થઈ ગયું હતું. જોકે, આ આરોપોની હજુ સુધી પોલીસ દ્વારા પુષ્ટિ કરવામાં આવી નથી.ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સાંતેજ પોલીસ સ્ટેશનનો કાફલો અને ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ(LCB)ની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસ દ્વારા તપાસના ભાગરૂપે ગરબાના આયોજકોને પણ એલસીબી-2 (LCB-2) કચેરી ખાતે પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા હતા. બંને પક્ષના શખસોને અલગ-અલગ પોલીસ સ્ટેશને લઈ જઈને પૂછપરછ હાથ ધરવામાં આવી

# 17 વર્ષથી ફરજ બજાવતા ગ્રામસેવકોનો પગારવધારા માટે હુંકાર:1 નવેમ્બરથી અચોક્કસ મુદતની હડતાળની ચીમકી

ગાંધીનગર ગુજરાત રાજ્ય કરાર આધારિત ગ્રામસેવક (ગ્રામવિકાસ) મંડળે ગ્રામસેવકોના પગારની વિસંગતતા દૂર કરવા, ગ્રેડ પે મુજબ પગારવધારો આપવા અને લાંબા સમયથી પડતર રહેલી માગણીઓનો ઉકેલ લાવવા સરકાર સમક્ષ રજૂઆત કરી છે. મંડળના પ્રમુખ નરસિંહભાઈ હડિયલે જણાવ્યું હતું કે ગ્રામસેવકો છેલ્લા 17 વર્ષથી સરકારના પરિપત્રો મુજબ ફરજ બજાવી રહ્યા છે. પરંતુ સમાન પ્રકારની કામગીરી કરવા છતાં ફિક્સ પગારના કર્મચારીઓને યોગ્ય વેતન મળતું નથી. અગાઉ અનેક રજૂઆતો કરવા છતાં પ્રશ્નોનો ઉકેલ નહીં આવતાં મંડળે ફરી આવેદનપત્ર આપ્યું છે. જો માગણીઓ સ્વીકારવામાં નહીં આવે તો 1 નવેમ્બર, 2026થી અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

મંડળના જણાવ્યા અનુસાર, ગ્રામસેવકો ગ્રામ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓના અમલીકરણથી લઈને લાભાર્થીઓની નોંધણી, સરકારી પોર્ટલ પર ડેટા એન્ટ્રી, યોજનાકીય કામગીરી અને ગ્રામ્ય સ્તરે વહીવટી જવાબદારીઓ નિભાવે છે. આધુનિક ટેક્નોલોજી અને કમ્પ્યુટર આધારિત કામગીરીમાં પણ તેમની જવાબદારી વધી છે. આમ છતાં, એક જ પ્રકારની કામગીરી કરતા કર્મચારીઓના પગારમાં તફાવત હોવાનો મંડળે મુદ્દો ઉઠાવ્યો છે.

પ્રમુખ નરસિંહભાઈ હડિયલે રજૂઆત કરતાં જણાવ્યું હતું કે ફિક્સ પગારના ગ્રામસેવકોને રૂ. 26,000ના બદલે રૂ. 16,800 જેટલો પગાર મળતો હોવાની વિસંગતતા છે. આ બંને રકમ વચ્ચે રૂ. 9,200નો તફાવત થાય છે. તેમણે કપાત સહિતના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને પગારની અસમાનતા દૂર કરવાની માગ કરી છે. મંડળનું કહેવું છે કે ગ્રામસેવકોની કેડર નિયમિત મહેકમ સાથે જોડાયેલી છે અને કામગીરી પણ સરખી છે, તેથી ફિક્સ પગારના કર્મચારીઓને પણ ગ્રેડ પે મુજબ યોગ્ય પગારવધારો મળવો જોઈએ. મંડળે બંધારણના અનુચ્છેદ 14 અને 'Equal Pay for Equal Work' એટલે કે સમાન કામ માટે સમાન વેતનના સિદ્ધાંતનો ઉલ્લેખ કરીને પગારની વિસંગતતા દૂર કરવાની માગ કરી છે. લાંબા સમયથી ફરજ બજાવતા ગ્રામસેવકોને તેમની જવાબદારી અને અનુભવને અનુરૂપ વેતન મળે તથા કર્મચારીઓના હિતમાં યોગ્ય નિર્ણય લેવાય તેવી રજૂઆત કરવામાં આવી છે. પગારવધારા ઉપરાંત મંડળે મેડિકલ ઈન્સ્યોરન્સની સુવિધા આપવા, લાંબા સમયથી ફરજ બજાવતા કર્મચારીઓના નિયમિતીકરણ અંગે નિર્ણય લેવા, પોર્ટલ અને ડેટા એન્ટ્રીની કામગીરીમાં રહેલી મુશ્કેલીઓ દૂર કરવા તથા જિલ્લા ફેરબદલી સહિતના પડતર પ્રશ્નોનો ઉકેલ લાવવાની માગ કરી છે. ગ્રામ વિકાસની વિવિધ યોજનાઓના અમલીકરણમાં ગ્રામસેવકો મહત્ત્વની ભૂમિકા ભજવતા હોવાથી તેમની માગણીઓનો સહાનુભૂતિપૂર્વક વિચાર કરવા સરકારને અપીલ કરવામાં આવી છે. મંડળના જણાવ્યા મુજબ, પગારની વિસંગતતા દૂર કરવા માટે અગાઉ પણ સરકાર સમક્ષ રજૂઆતો કરવામાં આવી.

# અમદાવાદના સેટેલાઈટમાં વૃદ્ધા સાથે રૂ. 4 લાખની ઠગાઈ : અહીં રાત્રે કાંડ થઈ છે કહી સેફ્ટીનું બહાનું બતાવી સોનાની ચેઈન લઈ ગયા

અમદાવાદ | અમદાવાદના સેટેલાઈટના રામદેવનગર વિસ્તારમાં સવારે દર્શન અને વોકિંગ માટે નીકળેલા વૃદ્ધાને અહીં રાત્રે કાંડ થઈ ગયો છે તેમ કહી સેફ્ટીનું બહાનું બતાવી વાતોમાં ભોળવીને ત્રણેય અજાણ્યા શખસોએ વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ રૂ. 4 લાખના દાગીના કાગળમાં લપેટી આપવાના બહાને નકલી બંગડીઓ પધરાવી ફરાર થઈ ગયા હતા. આ અંગે સેટેલાઈટ પોલીસે ત્રણ શખ્સો સામે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

સેટેલાઈટના રામદેવનગર સ્થિત અમલતાસ એપાર્ટમેન્ટમાં રહેતાં 69 વર્ષીય સુનિતાબેન ગર્ગ નિવૃત્ત જીવન ગુજારે છે. ગત 18 ઓક્ટોબરના રોજ સવારે તેઓ રામમંદિરે દર્શન કરવા ગયાં હતાં. દર્શન કર્યા બાદ તેઓ વોકિંગ કરતાં બાગેશ્રી ત્રણ રસ્તા પાસે પહોંચ્યાં હતાં. તે દરમિયાન એક અજાણ્યો શખસ તેમની પાસે આવ્યો હતો અને તેમને રસ્તાના કોર્નર પર બાઈક સાથે ઊભેલા અન્ય એક શખસ પાસે લઈ ગયો હતો. તેણ વૃદ્ધાને ડરાવત કહ્યું હતું કે, અહીં રાત્રે એક કાંડ થયો છે



અને તેમની સેફ્ટી માટે તેમને બોલાવવામાં આવ્યાં છે. ત્યારબાદ ગળામાં પહેરેલી સોનાની ચેઈન અને હાથની બંગડીઓ ઉતારીને બેગમાં મૂકી દેવાનું કહી વિશ્વાસ જીત્યો હતો. વૃદ્ધા વિશ્વાસમાં આવે તે માટે બાઈક પર આવેલા શખસે પણ પોતાની વીંટી ઉતારીને આપી હતી અને કહ્યું હતું કે, 'ડરો નહીં, હું પણ મારી વીંટી આપી રહ્યો છું.' ત્રણેય શખસોની વાતોમાં આવીને સુનિતાબેને પોતાની સોનાની ચેઈન અને હાથની બે બંગડીઓ ઉતારીને બેગમાં મૂકી દીધી હતી. આ દરમિયાન એક શખસે બંગડીઓ બેગમાં છૂટી ન રાખવાની વાત કરી હતી અને કાગળમાં લપેટી આપવાની ઓફર કરી હતી. ત્યારબાદ તેણે બેગ અને બંગડીઓ હાથમાં લઈને કાગળમાં વીંટાળી ફરી બેગમાં મૂકી દીધાં હતાં. વૃદ્ધાએ તરત જ કાગળ ખોલવાનો પ્રયાસ કરતાં શખસોએ તેમને અત્યારે કાગળ ન ખોલવા જણાવ્યું હતું. ત્યારબાદ ત્રણેય શખસો બાઈક પર બેસીને ઈસ્કોન ચાર રસ્તા તરફ ફરાર થઈ ગયા હતા.

સુનિતાબેન ઘરે પહોંચ્યાં બાદ બેગમાં રાખેલા દાગીના તપાસતાં સોનાની ચેઈન ગુમ હતી, જ્યારે સોનાની બંગડીઓની જગ્યાએ અન્ય ધાતુની નકલી બંગડીઓ મળી આવી હતી.

આ રીતે ત્રણ અજાણ્યા શખસોએ સેફ્ટીના નામે વિશ્વાસમાં લઈને રૂ. 4 લાખના દાગીના પડાવી લીધા હોવાનું સામે આવ્યું હતું. આ બનાવ અંગે સુનિતાબેને સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ત્રણ અજાણ્યા શખસો સામે ગુનો નોંધી તેમની ઓળખ અને ધરપકડ કરવા સહિતની વધુ તપાસ હાથ ધરી છે.

# જીવરાજ પાર્કમાં રસ્તા વચ્ચેથી એક્ટિવા હટાવવા બાબતે બબાલ

## સામાન્ય બાબતે ત્રણ શખ્સે ગરબા રમીને આવેલા ઈન્ફલુએન્સર આર.કે બાપુને ફટકાર્યા

અમદાવાદ | જીવરાજ પાર્ક વિસ્તારમાં 17 ઓક્ટોબરે રાત્રે રસ્તા વચ્ચેથી એક્ટિવા હટાવવા જેવી સામાન્ય બાબતે સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર ઋત્વિક ધગિયા ઉર્ફે આર.કે બાપુ અને તેના મિત્રો પર 3 શખ્સો દ્વારા હુમલો કરવામાં આવ્યો છે.પોલીસ ફરિયાદમાં જણાવ્યા મુજબ, ઋત્વિક ગરબા રમીને મિત્રો સાથે કારમાં પરત ફરી રહ્યો હતો ત્યારે રસ્તો રોકીને ઉભેલા શખ્સોને વાહન સાઈડમાં કરવાનું કહેતા તેઓ ઉશ્કેરાઈ ગયા હતા અને મારામારી કરી હતી. જેને પગલે ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ અંગે વાસણા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે



જીવરાજ પાર્ક વિસ્તારમાં રહેતા 25 વર્ષીય ઋત્વિક જિતેન્દ્રકુમાર ધગિયા ઉર્ફે આર કે બાપુ સાથે તારીખ 17 ઓક્ટોબરે રાત્રે 2:45 વાગ્યાની આસપાસ વાહન હટાવવા જેવી સામાન્ય બાબતે મારામારી થઈ હતી. સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર ઋત્વિક જીએમડીસી ગ્રાઉન્ડથી ગરબા રમીને તેમની ઘરે ઉતરીને કારમાં મિત્રોને પાછા મુકવા જઈ રહ્યો હતો. આ દરમિયાન જીવરાજ પાર્ક સ્થિત રામતીર્થ સોસાયટીની બહાર રક્ષિત, ઉર્વિક શાહ અને શાલીન રૂપાણી નામના ત્રણ શખ્સોએ પોતાનું એક્ટિવા રસ્તાની વચ્ચે મૂક્યું હતું. ઋત્વિકે તેઓને રસ્તા પરથી એક્ટિવા હટાવવાનું કહેતા આ ત્રણેય શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો આપી હતી. મામલો વધુ બિચકતા ઋત્વિકના મિત્રો કારમાંથી નીચે ઉતર્યા હતા.આ દરમિયાન ઋત્વિક અને તેના મિત્રોને ત્રણેય શખ્સે માર માર્યો હતો.બૂમાબૂમ થતા આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા જેથી ત્રણેય શખ્સો ત્યાંથી ભાગી ગયા હતા.ઈજાગ્રસ્તોને સારવાર માટે ખાનગી અને સોલા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# 'જાગૃતિ' ની જ્યોતમાં ૭૯ માં નિરંકારી સંત સમાગમ ની તૈયારીઓ અંતિમ તબક્કામાં'











(એજન્સી) અમદાવાદ | તા.19

જ્યાં બ્રહ્મજ્ઞાનથી ચેતના જાગૃત થાય, પ્રેમથી હૃદય આલોકિત થાય અને સેવા જીવનનો સંકલ્પ બની જાય, ત્યાં સંત સમાગમ આત્મિક જાગૃતિનો એવો પાવન ઉત્સવ બની જાય છે, જે મનુષ્યને પોતાની અંદર જોવા અને પરમાત્મા સાથે જોડાવાની પ્રેરણા આપે છે.આ જ દિવ્ય ભાવ અને આધ્યાત્મિક ચેતનાને સાકાર કરતાં, સત્ગુરુ માતા સુદીક્ષા જી મહારાજ અને નિરંકારી રાજપિતા રમિત જીની પાવન છત્રછાયામાં 79મો વાર્ષિક નિરંકારી સંત સમાગમ 23 થી 26 ઑક્ટોબર, 2026 સુધી સંત નિરંકારી આધ્યાત્મિક સ્થળ, સમાલખા ખાતે આયોજિત થવા જઈ રહ્યો છે. દેશ-વિદેશથી હજારો શ્રદ્ધાળુઓ આ પાવન અવસરે એકત્રિત થઈને સત્સંગ, સેવા, પ્રેમ અને ભક્તિના આ દિવ્ય મિલનમાં સહભાગી બનશે.શ્રદ્ધાળુઓની વધતી સહભાગિતા સાથે સમાગમ સ્થળની તૈયારીઓ હવે અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. સંતોની નિઃસ્વાર્થ સેવા, પરિશ્રમ અને સમર્પણથી સામાન્ય જેવું લાગતું મેદાન આજે એક દિવ્ય આધ્યાત્મિક નગરીનું સ્વરૂપ ધારણ કરી ચૂક્યું છે. વિશાળ પંડાલોમાં શ્રદ્ધાળુઓ માટે સુવ્યવસ્થિત વ્યવસ્થાઓ કરવામાં આવી છે. સાથે જ, અત્યાધુનિક એલ.ઈ.ડી. સ્ક્રીન સ્થાપિત કરવામાં આવી રહી છે, જેથી પરિસરના દરેક ખૂણે બેઠેલા શ્રદ્ધાળુઓ પ્રેરણાદાયક પ્રવચનો, ભાવપૂર્ણ ભજનો અને આધ્યાત્મિક વિચારોને સહજતાથી જોઈ-સાંભળી શકે અને સત્સંગની ભાવધારા સાથે એકરૂપ થઈ શકે. આ સંત સમાગમ માત્ર એક વાર્ષિક આયોજન નથી, પરંતુ બ્રહ્મજ્ઞાન, ભક્તિ, સમર્પણ અને આત્મિક જાગૃતિનો પાવન સંગમ છે. અહીં શ્રદ્ધાળુઓ પોતાની અંતઃચેતનાને જાગૃત કરવા, પરમાત્મા સાથેના પોતાના સંબંધને અનુભવવા તેમજ વિશ્વબંધુત્વ, સૌહાર્દ અને નિઃસ્વાર્થ સેવા જેવા માનવીય મૂલ્યોને જીવનમાં આત્મસાત કરવાની પ્રેરણા મેળવે છે. સંત સમાગમની આ જ ભાવના મનુષ્યને બાહ્ય ઉપલબ્ધિઓથી આગળ વધીને પોતાની અંદરની સમૃદ્ધિને ઓળખવાનો અવસર પૂરો પાડે છે. સમાગમની ભવ્યતામાં શ્રદ્ધાળુ ભક્તો દ્વારા નિર્મિત મુખ્ય સ્વાગત દ્વાર વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. પોતાની અનુપમ કલાત્મકતા અને ભવ્ય સ્વરૂપ સાથે આ દ્વાર સમાગમની આધ્યાત્મિક ગરિમાને અભિવ્યક્ત કરે છે. આ માત્ર એક સ્વાગત સંરચના નથી, પરંતુ સેવા, સમર્પણ, સૃજનશીલતા અને સામૂહિક શ્રદ્ધાની સાકાર અભિવ્યક્તિ છે. શ્રદ્ધાળુઓની વધતી સહભાગિતા સાથે તેનું સ્વરૂપ પણ સતત વિસ્તાર અને ભવ્યતા પ્રાપ્ત કરતું જાય છે. તેની દિવ્ય આભા માનો દરેક આગંતુકનું પ્રેમ, અપનત્વ અને સમભાવ સાથે હાર્દિક અભિનંદન કરતી હોય અને સંત સમાગમના માનવીય સંદેશને પ્રદર્શિત કરી રહી હોય. સંત નિરંકારી મંડળના સચિવ શ્રી જોગિન્દર સુખીજા જીએ માહિતી આપતાં જણાવ્યું કે સત્ગુરુ માતાજીની દિવ્ય પ્રેરણા અને આશીર્વાદથી સમાગમની વ્યવસ્થાઓ સુવ્યવસ્થિત રીતે આગળ વધી રહી છે. સુચારુ સંચાલન, સહજ આવાગમન અને શ્રદ્ધાળુઓને જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના ઉદ્દેશ્યથી સમગ્ર પરિસરને ચાર મુખ્ય ક્ષેત્રોમાં વિભાજિત કરવામાં આવ્યું છે. સંતોની કર્મઠ અને નિઃસ્વાર્થ સેવાભાવનાએ આ સ્થળને એક ભવ્ય, સુંદર અને સુવ્યવસ્થિત આધ્યાત્મિક નગરીનું રૂપ આપ્યું છે, જ્યાં પહોંચતાં જ શ્રદ્ધાળુઓ સેવા, સમર્પણ અને આધ્યાત્મિક વાતાવરણની દિવ્ય અનુભૂતિ કરે છે.79મો વાર્ષિક નિરંકારી સંત સમાગમ પ્રેમ, ભક્તિ અને આત્મિક જાગૃતિની તે પાવન ધારા સાથે જોડાવાનો અવસર છે, જે જીવનને અંદરથી પ્રકાશિત કરવાની પ્રેરણા આપે છે. આ દિવ્ય આધ્યાત્મિક મિલનમાં તમામ સજ્જન મહાત્માઓ અને શ્રદ્ધાળુ ભક્તોનું સાદર સ્વાગત છે.

## પશ્ચિમ રેલવેએ 'મિશન ઝીરો સ્ક્રેપ' અંતર્ગત ભંગાર (સ્ક્રેપ)ના વેચાણમાં ₹300 કરોડનો સીમાચિહ્નરૂપ આંક હાંસલ કર્યો

(એજન્સી) અમદાવાદ | તા.19

પશ્ચિમ રેલવેએ નાણાકીય વર્ષ 2026-27 દરમિયાન ભંગારના નિકાલ દ્વારા 300 કરોડનો આંક વટાવીને એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. આ સફળતા 'મિશન ઝીરો સ્ક્રેપ' પહેલ હેઠળ

पश्चिम रेलवे
Western Railway

પોતાના તમામ એકમો અને સંસ્થાનોને 'ભંગારમુક્ત' (સ્ક્રેપ-ફ્રી) બનાવવા પ્રત્યે પશ્ચિમ રેલવેની દ્રઢ પ્રતિબદ્ધતા દર્શાવે છે.પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી, શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલ એક પ્રેસ રિલીઝ મુજબ, આ ઝોને ઓક્ટોબર 2026ના મધ્યમાં 300 કરોડનો આંક પાર કર્યો હતો. 16 ઓક્ટોબર, 2026 સુધીમાં, પશ્ચિમ રેલવેએ અંદાજે 320 કરોડનું કુલ ભંગાર વેચાણ નોંધાવ્યું છે-જે તેના 248.97 કરોડના પ્રમાણસર લક્ષ્યાંક કરતાં 28 ટકાથી વધુ છે. નાણાકીય વર્ષ 2026-27 માટે પશ્ચિમ રેલવેનો કુલ ભંગાર વેચાણ લક્ષ્યાંક 500 કરોડથી વધુ રાખવામાં આવ્યો છે.વધુમાં, ઓક્ટોબર 2026માં ચલાવવામાં આવેલા વિશેષ અભિયાન દરમિયાન, પશ્ચિમ રેલવેએ 55 કરોડના માસિક ભંગાર વેચાણના લક્ષ્યાંકને પણ વટાવી દીધો છે. 'મિશન ઝીરો સ્ક્રેપ' પહેલનો ઉદ્દેશ્ય પશ્ચિમ રેલવેમાં સ્વચ્છ અને ભંગારમુક્ત વાતાવરણ સુનિશ્ચિત કરવાનો છે, સાથે જ પર્યાવરણીય ટકાઉપણું, કાર્યકારી કાર્યક્ષમતા અને અસરકારક સામગ્રી વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપવાનો છે. આ પહેલ દ્વારા ભંગાર સામગ્રીની સમયસર ઓળખ અને નિકાલ કરીને નોંધપાત્ર આવક પણ પ્રાપ્ત થાય છે. આ સામગ્રીઓમાં ઉપયોગમાં ન આવતા રેલવે ટ્રેક, પરમેનન્ટ-વે (P-way) સામગ્રી, નકામા થઈ ગયેલા લોકોમોટિવ્સ, કોચ, વેગન, ઈ-વેસ્ટ (ઈલેક્ટ્રોનિક કચરો) અને અન્ય વિવિધ પ્રકારના ભંગારનો સમાવેશ થાય છે.

## નાખડા ગામે એસ.ડી.આર.એફ. દ્વારા આપત્તિ વ્યવસ્થાપન અંગે લોકજાગૃતિ કાર્યક્રમ યોજાયો



ગીર સોમનાથ | નવરાત્રીના પવિત્ર તહેવાર નિમિત્તે ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના નાખડા ગામે જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન શાખા, ગીર સોમનાથના આયોજન હેઠળ એસ.ડી.આર.એફ દ્વારા આપત્તિ વ્યવસ્થાપન અંગે લાઈવ ડેમો સાથે લોકજાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.આ કાર્યક્રમ દરમિયાન વિવિધ આપત્તિઓ સમયે બચાવ અને રાહત કામગીરી, પ્રાથમિક સારવાર, સુરક્ષિત સ્થળે સ્થળાંતર તથા આપત્તિ સમયે રાખવાની જરૂરી સાવચેતીઓ અંગે પ્રત્યક્ષ નિદર્શન દ્વારા નાગરિકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ નાગરિકોમાં આપત્તિ વ્યવસ્થાપન અંગે જાગૃતિ કેળવવાનો, આપત્તિના સમયે જાનમાલનું નુકસાન અટકાવવાનો તથા સુરક્ષા પ્રત્યે સજાગતા વધારવાનો હતો.

## સામત્રામાં શક્તિ ઉપાસનાનો દિવ્ય સંગમ : શ્રી સામત્રા નવરાત્રિ મિત્ર મંડળ દ્વારા દુર્ગાષ્ટમીએ ભવ્ય કુમારિકા માતૃકા પૂજનનો અલૌકિક ઉત્સવ સંપન્ન

મહેશ એલ. સોની નખત્રાણા



નવરાત્રિ એટલે આદ્યશક્તિની આરાધનાનું પર્વ અને એ પર્વમાં પણ દુર્ગાષ્ટમીનું અનેરું મહાત્મ્ય હોય છે. આ પાવન પર્વને વધુ દીપાવતા શ્રી સામત્રા નવરાત્રિ મિત્ર મંડળ દ્વારા નવરાત્રિ મહોત્સવ અંતર્ગત પરંપરાગત ભવ્ય કુમારિકા માતૃકા પૂજન મહોત્સવનું અત્યંત ભાવભર્યું અને દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.શાસ્ત્રોમાં કહ્યું છે કે કુમારિકામાં સાક્ષાત જગદંબાનો વાસ હોય છે. આ ઉક્તિને ચરિતાર્થ કરતા આયોજનમાં નાની બાળાઓને મા દુર્ગાના જીવંત સ્વરૂપ માની તેમનું શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે પૂજન કરવામાં આવ્યું હતું.આ દિવ્ય આયોજનમાં મુખ્ય દાતા તરીકે હંમેશા ધર્મકાર્યોને પ્રોત્સાહન આપતા શ્રી ભરતસિંહજી જાડેજા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમની ઉદાર સહયોગ ભાવનાને સૌએ બિરદાવી હતી.આ પાવન અવસરે મંડળના સેવાભાવી અગ્રણીઓ શ્રી જયેશભાઈ ટી. સોની, શ્રી હીરાલાલભાઈ લાઘાણી, શ્રી પ્રફુલચંદ્ર ઠાકર, શ્રી ગીરીશભાઈ શેઠ, શ્રી વિજયભાઈ સોલંકી, ગામના સરપંચશ્રી મહેન્દ્રસિંહજી જાડેજા, શ્રી રાજુ મહારાજ, શ્રી શ્યામગીરી ગોસ્વામી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહી કુમારિકાઓના ચરણ પખાળી, કુમકુમ તિલક કરી, પુષ્પમાળા પહેરાવી ભાવપૂર્વક પૂજન કર્યું હતું.પૂજન વિધિ બાદ દરેક કુમારિકાઓને સુંદર વસ્ત્રો, શણગાર તેમજ પ્રેમપૂર્વક ભેટ-સોગાદો અર્પણ કરી તેમના આશીર્વાદ પ્રાપ્ત કરવામાં આવ્યા હતા. આ દ્રશ્ય એટલું મનોહર હતું કે ઉપસ્થિત સૌ કોઈ ભાવવિભોર બની ગયું હતું. સમગ્ર મંડપ માતાજીના જયઘોષ અને મંત્રોચ્ચારથી ગુંજી ઉઠ્યો હતો.સમગ્ર કાર્યક્રમનું અત્યંત કુશળતા અને ભક્તિભાવપૂર્વક સંચાલન મંડળના સક્રિય અને નિષ્ઠાવાન કાર્યકર શ્રી જયેશભાઈ ટી. સોની દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે સૌએ મા જગદંબાના જયઘોષ સાથે પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

## ડીસામાં 'મે. સવાઈ મિલ્ક પ્રોડક્ટ્સ' પર ફૂડ એન્ડ ડ્રગ વિભાગનો દરોડો: રૂ.૧.૨૨ લાખની કિંમતનો શંકાસ્પદ ઘીનો જથ્થો સીઝ કરાયો




માહિતી બ્યુરો, પાલનપુર | નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા ભેળસેળિયા તત્વો સામે શરૂ કરાયેલી સઘન ઝુંબેશના ભાગરૂપે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, બનાસકાંઠા દ્વારા ડીસા ખાતે સફળ દરોડો પાડવામાં આવ્યો હતો. વહીવટી તંત્રની ટીમે ડીસાના રીસાલા બજાર સ્થિત શાંતિ એપાર્ટમેન્ટ નીચે આવેલ 'મે. સવાઈ મિલ્ક પ્રોડક્ટ્સ'ના ગોડાઉન પર આકસ્મિક તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન પેઢીના માલિક વિપુલભાઈ જયંતિલાલ પંચીવાલા કોઈપણ જાતના માન્ય લાયસન્સ કે પરવાના વગર ગેરકાયદેસર રીતે શંકાસ્પદ ઘીનો મોટો જથ્થો સંગ્રહ કરતા ઝડપાયા હતા. ગોડાઉનમાં સંગ્રહ કરાયેલા ઘીની ગુણવત્તા શંકાસ્પદ જણાતાં, અધિકારીઓ દ્વારા 'ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬' હેઠળ 'હેલ્થ પ્રીમિયમ પ્યોર ઘી' (૫૦૦ મિ.લિ. પેક)નો કાયદેસર નિયમાનુસાર નમૂનો લેવામાં આવ્યો હતો. આ નમૂનાને સઘન ચકાસણી અર્થે સરકારી લેબોરેટરીમાં ફૂડ એનાલિસ્ટને મોકલી આપવામાં આવ્યો છે. નમૂનો લીધા બાદ સ્થળ પરથી આશરે ૧,૨૨,૦૦૦ ની બજાર કિંમત ધરાવતો ૧૮૮ લિટર શંકાસ્પદ ઘીનો જથ્થો સ્થળ પર જ સીઝ (જપ્ત) કરવામાં આવ્યો હતો.આ સમગ્ર મામલે જવાબદાર પેઢી માલિક વિરુદ્ધ 'ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬' ના કડક પ્રાવધાનો હેઠળ કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## મંત્રીશ્રી રમણભાઈ સોલંકીના વરદ હસ્તે બોરસદ તાલુકામાં રૂ. ૬૩ લાખના ખર્ચે બે રસ્તાના કામોનું ખાતમુહૂર્ત



આણંદ | આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં ગ્રામીણ માળખાકીય સુવિધાઓને વધુ સુદ્રઢ બનાવવાના ભાગરૂપે રૂ. ૬૩ લાખના અંદાજિત ખર્ચે નિર્માણ પામનાર બે મહત્વના માર્ગોનું ગુજરાતના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા બાબતોના કેબિનેટ મંત્રીશ્રી રમણભાઈ સોલંકીના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ હતું.મંત્રીશ્રી રમણભાઈ સોલંકીના હસ્તે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના (MMGSY) અંતર્ગત બોરસદ તાલુકામાં હાથ ધરવામાં આવેલા આ વિકાસ કાર્યોમાં અલારસા ખાતે 'અલારસા દહેવાણવગો રોડ' પર કાચી નળીમાંથી રૂપીયા ૩૧.૦૦ લાખના ખર્ચે પાકો રસ્તો બનાવવાના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ હતું. આ ઉપરાંત, બોરસદ તાલુકાના કસુંબાડ ખાતે 'કસુંબાડ ખાડિયા વિસ્તાર રોડ' પર MMGSY યોજના હેઠળ રૂપીયા ૩૨.૦૦ લાખના ખર્ચે કાચી નળીમાંથી પાકો રસ્તો બનાવવાના કાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

## 21 ઓક્ટોબરથી વેરાવળ-બાન્દ્રા સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસનો ચોરવાડ રોડ સ્ટેશન પર પ્રાયોગિક ધોરણે સ્ટોપેજ

નરેન્દ્ર દવે જૂનાગઢ

યાત્રીઓની સુવિધામાં વધારો કરવાની દિશામાં પશ્ચિમ રેલવેનું મહત્ત્વપૂર્ણ પગલું, યાત્રીઓને વધુ સારી રેલવે સુવિધાઓ પૂરી પાડવા તથા સ્થાનિક સ્તરે રેલવે કનેક્ટિવિટી વધુ મજબૂત બનાવવાના હેતુથી પશ્ચિમ રેલવે દ્વારા એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. સક્ષમ સત્તાધિકારીની મંજૂરી બાદ ભાવનગર મંડળના ચોરવાડ રોડ સ્ટેશન પર વેરાવળ-બાન્દ્રા સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસ (19218/19217)ને પ્રાયોગિક ધોરણે સ્ટોપેજ આપવામાં આવ્યું છે. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે પશ્ચિમ રેલવે દ્વારા લેવામાં આવેલા નિર્ણય અનુસાર ટ્રેનોના પ્રાયોગિક સ્ટોપેજ ની વિગત નીચે મુજબ છે:1. ટ્રેન નંબર 19218 વેરાવળ-બાન્દ્રા સૌરાષ્ટ્ર જનતા દૈનિક એક્સપ્રેસ 21.10.2026થી ચોરવાડ રોડ સ્ટેશન પર ઊભી રહેશે. આ ટ્રેનનો ચોરવાડ રોડ સ્ટેશન પર આગમન અને પ્રસ્થાનનો સમય અનુક્રમે 12:15 અને 12:16 કલાક રહેશે.2. ટ્રેન નંબર 19217 બાન્દ્રા-વેરાવળ સૌરાષ્ટ્ર જનતા દૈનિક એક્સપ્રેસ 22.10.2026થી ચોરવાડ રોડ સ્ટેશન પર ઊભી રહેશે. આ ટ્રેનનો ચોરવાડ રોડ સ્ટેશન પર આગમન અને પ્રસ્થાનનો સમય અનુક્રમે 05:49 અને 05:50 કલાક રહેશે.મંડળ રેલવે પ્રબંધકશ્રી દિનેશ વર્માએ જણાવ્યું હતું કે આ પ્રાયોગિક સ્ટોપેજથી ચોરવાડ રોડ રેલવે સ્ટેશન વિસ્તારના મુસાફરોને મુસાફરીમાં વધુ સુવિધા મળશે. આ ઉપરાંત, સ્થાનિક નાગરિકોને વધુ સારી રેલવે કનેક્ટિવિટી ઉપલબ્ધ થવાથી અવરજવર સરળ બનશે અને પ્રાદેશિક વિકાસને પણ પ્રોત્સાહન મળશે. પશ્ચિમ રેલવે મુસાફરોની જરૂરિયાતો અને જન અપેક્ષાઓને ધ્યાનમાં રાખીને રેલવે સેવાઓના વિસ્તરણ, મુસાફર સુવિધાઓના ઉન્નતીકરણ તથા સુરક્ષિત, સરળ અને સુવિધાજનક મુસાફરી સુનિશ્ચિત કરવા માટે સતત પ્રયત્નશીલ છે.



## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો. તમારૂ કાર્ય પ્રેમ અને હકારાત્મક દૃષ્ટિકોણથી સંચાલિત હોવું જોઈએ લાલચથી નહીં.

**વૃષભ : બ. વ. ઉ.**

આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો.

**મિથુન : ક. છ. ઘ.**

તમારા સ્વાસ્થ્ય ખાતર બૂમાબૂમ કરશો નહીં. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે.

**કર્ક : ડ. હ.**

આ પ્રક્રિયામાં તમે તમારી જાત પર બિનજરૂરી માનસિક તાણ લાવશો. પ્રસંગોપાત બાળક જેવા બનવાની ક્ષમતા ખોઈ બેસવામાંથી જ તમારી બેચેની અને તાણ ઉદભવ્યા છે. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો.

**સિંહ : મ. ટ.**

ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. ધન ની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો કોઈક નવા-સવા પરિચયમાં આવેલા સાથે તમારી અંગત બાબતો શૅર કરતા નહીં.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારી જાતને આજે તમે સામાન્યપણે તમે હો છો એના કરતાં ઓછા ઊર્જાવાન મહેસૂસ કરશો-વધારાના કામ દ્વારા તમારી જાત પર વધુ બોજો ન નાખતા-થોડોક આરામ કરો તથા તમારી એપોઈન્ટમેન્ટ બીજા કોઈ દિવસ માટે રાખો. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે.

**તુલા : ર. ત.**

તમારૂ મગજ સારી બાબતોને સ્વીકારશે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. આજે તમે પ્રેમાળ મૂડમા હશો-આથી તમારા અને તમારા પ્રિયપાત્ર માટે ખાસ યોજના ચોક્કસ બનાવજો.

**વૃશ્ચિક : ન. ય.**

તમારા સ્વાસ્થ્ય વિશે વિશેષ સાવચેતી રાખજો ખાસ કરીને બ્લડ પ્રૅશરના દરદીઓ. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

સંતપુરૂષ પાસેથી મળેલું દિવ્ય જ્ઞાન તમને આશ્વાસન અને રાહત પૂરી પાડશે. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે.

**મકર : ખ. જ.**

હાલની ઘટનાઓને કારણે તમારૂ મગજ ખલેલ પામ્યું છે. આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ધ્યાન તથા યોગ લાભકારક સાબિત થશે. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

કામનું દોડધામભર્યું સમયપત્રક તમને ગુસ્સાવાળા સ્વભાવના કરી શકે છે. કોઈ ની સલાહ લીધા વગર તમને આજે પૈસા નિવેશ ના કરવા જોઈઓ સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

આજે સ્વાસ્થ્ય બરાબર રહેશે. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે. પ્રેમની ઊર્જા તમને પ્રેમ કરવાનું કારણ આપે છે.

### દાતાશ્રીઓએ ઉત્સાહભેર સહયોગ

## ૨૯ વર્ષથી ગુંજે છે 'જય માં બહુચર માડી...'ના નાદ! દેશલપરના નવરાત્રી મહોત્સવમાં જીવંત છે પૂર્વજોની ભક્તિ અને સંસ્કૃતિનો વારસો



જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

કેટલીક પરંપરાઓ માત્ર ઉત્સવ નથી હોતી, પરંતુ તેમાં અનેક પેઢીઓની શ્રદ્ધા, સમર્પણ, સંસ્મરણો અને સંસ્કૃતિની સુગંધ સમાયેલી હોય છે. આવી જ એક ભક્તિમય પરંપરા કચ્છના દેશલપર (ગુંતલી) ખાતે શ્રી મેંઘવંશી ગુર્જર સમાજ દ્વારા વર્ષ ૧૯૯૭થી શરૂ કરાયેલા નવરાત્રી મહોત્સવની છે. આજે ૨૯મા વર્ષમાં પ્રવેશેલી આ પરંપરા માતાજીની આરાધના સાથે સમાજની એકતા અને સાંસ્કૃતિક વારસાનું ગૌરવ બની રહી છે.વર્ષો વીત્યાં, સમય બદલાયો અને પેઢીઓ પણ બદલાઈ, પરંતુ માતાજી પ્રત્યેની શ્રદ્ધા અને 'જય માં બહુચર માડી'નો ભક્તિભાવ આજે પણ અકબંધ છે. આ મહોત્સવની વાત આવે ત્યારે સ્વ. કાનજીભાઈ લોંચા, સ્વ. છગનભાઈ લોંચા, સ્વ. મણીલાલ ઠક્કર અને સ્વ. મૂળજીભાઈ વાઘેલા સહિતના સ્વર્ગસ્થ મહાનુભાવોની યાદો તાજી થાય છે.દેશલપરના નવરાત્રી મહોત્સવની શરૂઆત થઈ ત્યારે સમાજના આગેવાનો, વડીલો અને દાતાશ્રીઓએ ઉત્સાહભેર સહયોગ આપ્યો હતો. શરૂઆતના સમયમાં ટ્યુબલાઇટના દાતા તરીકે દિનેશભાઈ જોષીનું યોગદાન રહ્યું હતું. સમાજના લોકોના સાથ-સહકારથી શરૂ થયેલો આ મહોત્સવ ધીમે ધીમે ધાર્મિક આસ્થા, સામાજિક એકતા અને સાંસ્કૃતિક પરંપરાનું પ્રતીક બનતો ગયો છે.આજે પણ નવરાત્રીના દિવસોમાં માતાજીની આરાધના અને ગરબાના તાલ સાથે જૂની યાદો જીવંત બની જાય છે. પૂર્વજોએ પ્રગટાવેલી ભક્તિની જ્યોતને નવી પેઢી સુધી પહોંચાડવાનો આ પ્રયાસ સમાજ માટે ગૌરવરૂપ બન્યો છે. દેશલપરના નવરાત્રી મહોત્સવની વાત આવે ત્યારે સ્વ. મૂળજીભાઈ વાઘેલાની યાદ વિશેષરૂપે તાજી થાય છે.

### ભૂતકાળની પરંપરા જાળવી રાખતું ખારોલ ગામ

# દશેરાના પર્વે અશ્વદોડની પરંપરા તે ખારોલ ગામની આગવી વિશિષ્ટતા છે

જગદીશ ત્રિવેદી | મહીસાગર |

દેશ આઝાદ થતાં સેકડો રાજ રજવાડા સ્વાતંત્ર્ય ભારતમાં સમાઈ ગયા તેની સાથે સાથે રજવાડા અને રાજાઓના રાજનીતિ રિવાજો અને દબદબા પણ કાળની થપાટો સાથે નામશેષ થવા લાગ્યા પરંતુ" જેમ સાપ ગયા અને લીસોટા રહી ગયા " તે ઉક્તિ અનુસાર હજી પણ ભૂતકાળના નાના રજવાડાઓના ગામડાઓમાં રાજવી રિવાજો અને પરંપરાઓ ને વર્ષો પછી પણ નિભાવવાની મથામણ કરવામાં આવી રહી છે. આવા પરંપરાગત રીતરિવાજો અને પર્વને ભૂતકાળ ની ભવ્યતાને સાથે લઈને ચાલતા ગામડાઓમાં મહીસાગર જિલ્લાના કોઠંબા તાલુકાના ખારોલ ગામનો પણ સમાવેશ થાય છે જ્યાં દશેરાનો તહેવાર રાજવી દબદબા અને ભૂતકાળની ભવ્ય પરંપરાને વર્તમાનમાં ઉજાગર કરતો હોય તેમ અશ્વદોડ અને શસ્ત્ર પૂજા અને રોમાંચ સભર વાતાવરણમાં હજારો જનમેદની ની ઉપસ્થિતિમાં આ દશેરાનું પર્વ ધામધૂમ પૂર્વક ઉજવવાની ભૂતકાળની પરંપરા આજે પણ ખારોલ ગામમાં જળવાઈ રહી છે. જુના રાજ રજવાડાના સમયમાં દશેરા નો ઉત્સવ શક્તિ, શૌર્ય અને સાહસના પ્રતીક સમૂહ બની રહેતો હતો રાજા મહારાજાઓ આ દિવસે શસ્ત્ર પૂજા કરતા હતા અને વર્ષભરમાં પોતાના તાબા હેઠળના રજવાડામાં કોઈ પણ પ્રકાર નો કોપ ના ઉતરે અને શાંતિ જળવાઈ રહે અને પ્રજા સુખ ચેન થી જીવી શકે તે માટે અથાગ પ્રયત્નો કરતા હતા અને હાથી ઘોડા ની રાજ સવારી પણ કાઢવામાં આવતી હતી . ઘોડાઓ અને ઊંટ દશેરા ના પર્વ ના દિવસે દોડાવવામાં આવતા હતા. જેમાં અસવારોની શૌર્ય શક્તિ અને સાહસના પ્રદર્શન થતા હતા. સમયના વહેણ સાથે અશ્વદોડની હરીફાઈ લુપ્ત થવા માંડી છે સાથે સાથે અશ્વ દોડાવવા માટેના ખુલ્લા મેદાનો પણ નામશેષ થઈ જવા પામ્યા છે ત્યારે હાલ ન સમય માં દશેરાપર્વ નો આ ઉત્સવ માત્ર ને માત્ર પૂજા વિધિ પુરતો જ મર્યાદિત રહી જવા પામ્યો છે પરંતુ કોઠંબા તાલુકાના ખારોલ ગામની અંદર આજે પણ રાજા રજવાડાના સમયની જે પરંપરા હતી તેને ક્ષત્રિય સમાજ દ્વારા જાળવી રાખવામાં આવી છે. છ થી સાત હજાર ની વસ્તી ધરાવતા ખારોલ ગામમાં મોટાભાગની વસ્તી ક્ષત્રિય સમાજની છે ત્યારે દશેરાનો રૂઢિગત ઉત્સવ પણ ક્ષત્રિય સમાજ દ્વારા ભારે ધામધૂમથી ઉજવવામાં આવે છે આ તહેવાર દશેરા ના દિવસે પરંપરાગત માન્યતા પ્રમાણે ઉજવવામાં આવે છે. ખારોલ ગામની અંદર ઉજવાતા દશેરાના પર્વના દિવસે આજુબાજુના ગામડાઓ માંથી ક્ષત્રિય સમાજના આગેવાનો પરંપરાગત રીતે રંગબેરંગી સાફા બાંધીને વંશ પરંપરાથી ઉજવાતા આ દશેરાના તહેવારમાં ગામના મુખી ને ત્યાં એકત્રિત થાય છે. ઢોલ નગારા ની રમઝટ અને કસુંબલના આસ્વાદ સાથે આજુબાજુના ગામોમાંથી આવેલા માણસોની ઉપસ્થિતિમાં શસ્ત્ર પૂજન, શાસ્ત્રોક્ત વિધિ વિધાનથી અને અત્યંત ઉત્તેજિત અને રોમાંચિત વાતાવરણમાં ઘોડા દોડાવવામાં આવે છે જે કદાચ ગુજરાતમાં ઘણી ઓછી જગ્યાએ આવી રીતે દશેરા પર્વ નો તહેવાર ઉજવવામાં આવતો હશે.

## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનાં સમાજશાસ્ત્ર ભવનનાં વિદ્યાર્થીઓએ સમાજસેવાનાં ભાવ સાથે શાંતવન દીકરીઓની સંસ્થાની અભ્યાસ લક્ષી મૂલાકાત લીધી

| નરેન્દ્ર દવે જૂનાગઢ

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનાં સમાજ શાસ્ત્ર ભવનનાં વિદ્યાર્થીઓએ જૂનાગઢનાં માખીયાળા ગામે સેવાભાવ સાથે કાર્યરત્ત દિવ્યાંગ દિકરીઓની સંસ્થાની સેવા શિક્ષણનાં ભાવસભર મુલાકાત લીધી હતી. ડો.જયસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ ડો.પરાગ દેવાણી, ડો. ઋષિરાજ ઉપાધ્યાય તેમજ રિસર્ચ કોલર અને સેમેસ્ટર વન અને સેમેસ્ટર ત્રણના વિદ્યાર્થીઓએ સમાજ સેવાના ભાગરૂપે ૬૦ દીકરીઓ સાથે સંસ્થાના સંચાલક સુશ્રી નિલમબેન પરમાર અને રેખાબેન તથા દિવ્યાંગ દીકરીઓએ નિર્દોષ સ્મિત સાથે તમામ વિદ્યાર્થીઓ અને પ્રોફેસરોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.. યુનિ.નાં વિદ્યાર્થીઓએ નિઃસ્વાર્થ ભાવે ચાલતી આ સેવાયજ્ઞની માહિતી મેળવીને વિદ્યાર્થીઓ ભાવવિભોર બન્યા હતા. વિદ્યાર્થીઓએ સંસ્થા સંચાલન, સંસ્થાનાં સેવાકાર્યો, અને સામાજીક સમરસતાનાં જાણ્યા અજાણ્યા પ્રશ્નોની બૃહદ જાણકારી આપી નિલમબેન પરમારે શાંતવનાં દિવ્યાંગ દિકરીઓની દેખભાળ- સેવા સુશ્રૂસાની પ્રવૃત્તિઓ, દિવ્યાંગ દીકરીઓના લાલન-પાલન, તેમના શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને આરોગ્ય વિષયક સંભાળ વિશે વિગતવાર માહિતી આપી હતી. વિદ્યાર્થીઓએ સંસ્થાની દીકરીઓ સાથે ખુલ્લા મનથી વાર્તાલાપ કર્યો. તેમની રોજિંદી દિનચર્યા અને તેમની અંદર છુપાયેલી સુષુપ્ત શક્તિઓને જાણી વિદ્યાર્થીઓએ દીકરીઓ સાથે મળીને પ્રાર્થના, ભજન, બાળગીતો અને નવરાત્રી પર્વે માં આદ્યાશક્તિની આરાધનાં રૂપ રાસ-ગરબારમ્યા હતા. દીકરીઓ સાથે વિવિધ રમતો રમીને તેમના ચહેરા પર અદ્‌ભુત આનંદ અને ખુશી લાવી શક્યા હતા.

## RPFની સતર્કતાથી એકલો મુસાફરી કરી રહેલો સગીર બાળક સુરક્ષિત રીતે GRP/જેતલસરમાં સોંપાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ તા.19.

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળમાં રેલવે સુરક્ષા બળ (RPF) ના સતર્ક અને સંવેદનશીલ કર્મચારીઓએ માનવીય અભિગમનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતાં એકલો મુસાફરી કરી રહેલા સગીર બાળકને સુરક્ષિત સંભાળ અને રક્ષણ માટે રાજકીય રેલવે પોલીસ (GRP), જેતલસરમાં સોંપ્યો હતો. ભાવનગર ના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધકશ્રી અતુલકુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે, 16 ઓક્ટોબર, 2026ના રોજ પેસેન્જર ટ્રેન નંબર 59424 વેરાવળ-રાજકોટમાં એક સગીર બાળક એકલો મળી આવ્યો હતો. એક મુસાફર બાળકને RPF પોસ્ટ, જેતલસર ખાતે લઈ આવ્યો હતો, જ્યાં ફરજ પર તૈનાત ASI શ્રી દીપક મીનાએ તેની પૂછપરછ કરી હતી. બાળકે પોતાનું નામ રુદ્ર, પિતાનું નામ શ્રી અમિત ગુપ્તા, ઉંમર આશરે 12-13 વર્ષ અને રહેવાસી બોઈસર, મહારાષ્ટ્ર હોવાનું પૂછપરછ દરમિયાન બાળકે વધમાજણાવ્યું હતું કે તે ઘરમાં કોઈને જાણ કર્યા વિના ટ્રેનમાં બેસીને અહીં આવી ગયો હતો.આ મામલા ની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ASI શ્રી દીપક મીનાએ ચાઇલ્ડ હેલ્પલાઇન નંબર 1098 અને GRP/જેતલસરને ફોન દ્વારા જાણ કરી હતી. ચાઇલ્ડ હેલ્પલાઇન તરફ થી મળેલી સલાહ અનુસાર, બાળકની સુરક્ષા, સંભાળ અને બાળકલ્યાણ સંબંધિત જરૂરી કાર્યવાહી સુનિશ્ચિત કરવા માટે સ્ટેશન માસ્ટર, જેતલસરની હાજરી માં બાળકને GRP/જેતલસરમાં સોંપવામાં આવ્યો હતો, જેથી નિયમો અનુસાર આગળની કાર્યવાહી કરી શકાય. આ માનવીય કામગીરીની પ્રશંસા કરતાં ભાવનગરના મંડળ રેલવે પ્રબંધકશ્રી દિનેશ વર્માએ RPF કર્મચારીઓની સતર્કતા, તત્પરતા અને સંવેદનશીલતાની સરાહના કરી હતી.

## કામધેનુ યુનિવર્સિટી, જુનાગઢની પશુ ચિકિત્સા મહાવિદ્યાલય ખાતે 'સાયબર સુરક્ષા અને સાયબર ક્રાઇમ જાગૃતિ કાર્યક્રમ'નું આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ , તા.19.

કામધેનુ યુનિવર્સિટી, જુનાગઢની પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલયના રાષ્ટ્રીય સેવા યોજના (NSS) એકમ દ્વારા તા.૧૭ ઑક્ટોબર, ૨૦૨૬ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે "સુરક્ષિત ડિજિટલ પેઢી: સાયબર સુરક્ષા અને સાયબર ક્રાઈમ જાગૃતિ કાર્યક્રમ"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક કર્મચારીઓમાં સાયબર સુરક્ષા, ઓનલાઈન છેતરપિંડીથી બચાવ, ઈન્ટરનેટ ના સુરક્ષિત ઉપયોગ તથા જવાબદાર ડિજિટલ વર્તન અંગે જાગૃતિ કેળવવાનો હતો. કાર્યક્રમના પ્રારંભે મહાવિદ્યાલયના આચાર્યશ્રી ડૉ.એમ. ડી.ઓડેદરા દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન કરવામાં આવ્યું હતું. તેમણે વર્તમાન ડિજિટલ યુગમાં સાયબર સુરક્ષાની વધતી જતી આવશ્યકતા તથા વિદ્યાર્થીઓમાં સાયબર ગુનાઓ અંગે જાગૃતિ કેળવવાના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને ટેકનોલોજીનો હકારાત્મક અને જવાબદારીપૂર્વક ઉપયોગ કરવા, ઓનલાઈન પ્રવૃત્તિઓ દરમિયાન સાવચેતી રાખવા તથા ડિજિટલ સુરક્ષાના નિયમોનું પાલન કરવા પ્રેરિત કર્યા હતા.આ ઉપરાંત, પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી ધારાબેન ભરડવા અને વિશ્વાબેન દ્વારા પણ સાયબર સુરક્ષા અને જવાબદાર ડિજિટલ વર્તન અંગે માર્ગદર્શન આપવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આવા માર્ગદર્શનથી વિદ્યાર્થીઓમાં સાયબર જોખમો પ્રત્યે સતર્કતા વધારવા અને શંકાસ્પદ ડિજિટલ પ્રવૃત્તિઓના કિસ્સામાં યોગ્ય પગલાં લેવા અંગે સમજ વિકસાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

### તંત્ર અને કોન્ટ્રાક્ટરનો આભાર વ્યક્ત કરાયો

## દેશલપર-હાજીપીર રોડ પર ગુંતલી માતાજી મંદિરને મળ્યું સ્થાન!





જગદીશ પી. દવે / દેશલપર (ગુંતલી)

દેશલપરથી હાજીપીર સુધીના માર્ગનું કામ પૂર્ણતાના આરે પહોંચ્યું છે, ત્યારે માર્ગ પર વાહનચાલકોની સુરક્ષા અને માર્ગદર્શન માટે સૂચનાબોર્ડ સહિતનાં સુરક્ષા સંબંધી બોર્ડ લગાવવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. આ દરમિયાન દેશલપર (ગુંતલી) ગામની સીમમાં આવેલા ઐતિહાસિક ગુંતલી માતાજીના મંદિરનું મંદિરના ફોટોગ્રાફ સાથેનું સૂચનાબોર્ડ લગાવવામાં આવતાં ગ્રામજનોમાં આનંદ અને ગૌરવની લાગણી જોવા મળી રહી છે.

દેશલપર ગામની સીમમાં આવેલું ઐતિહાસિક ગુંતલી માતાજીનું મંદિર દેશલપર-હાજીપીર રોડથી અંદાજે દોઢથી બે કિલોમીટરના અંતરે આવેલું છે. આ માર્ગ પરથી પસાર થતા શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓને મંદિરની ઓળખ મળી રહે તેમજ મંદિર સુધી પહોંચવામાં સરળતા રહે તે હેતુથી મંદિરના સુંદર ફોટોગ્રાફ સાથે સૂચનાબોર્ડ લગાવવામાં આવ્યું છે.

આ અંગે દેશલપર (ગુંતલી) ના પૂર્વ ઉપસરપંચ પ્રવીણસિંહ સોઢાએ જણાવ્યું હતું કે, ઐતિહાસિક અને ધાર્મિક મહત્ત્વ ધરાવતા ગુંતલી માતાજીના મંદિરને માર્ગ પર સૂચનાબોર્ડ દ્વારા સ્થાન આપવામાં આવ્યું છે તે ગામ માટે આનંદ અને ગૌરવની બાબત છે. સંબંધિત તંત્ર દ્વારા આ બાબતની નોંધ લઈ યોગ્ય કાર્યવાહી કરવામાં આવી છે, તે આવકારદાયક અને પ્રશંસનીય છે.રોડની કામગીરી પૂર્ણ થવાની સાથે માર્ગ સલામતી માટેનાં બોર્ડ અને ઐતિહાસિક ધાર્મિક સ્થળની ઓળખ દર્શાવતા સૂચનાબોર્ડ લગાવવાની કામગીરીને ગ્રામજનો આવકારી રહ્યા છે. આ બદલ સંબંધિત તંત્ર તેમજ રોડ કોન્ટ્રાક્ટરનો આભાર વ્યક્ત કરવામાં આવી રહ્યો છે.

વિકાસની સાથે સ્થાનિક ધાર્મિક અને ઐતિહાસિક ધરોહરને પણ ઓળખ મળે તેવો આ પ્રયાસ દેશલપર (ગુંતલી)ના ગ્રામજનો માટે આનંદની વાત બન્યો છે.

### ૧૧ પુસ્તકોનું સર્જન, ૬૦૦૦ જેટલી પ્રતો દ્વારા જ્ઞાનપ્રસાર; વૈદિક સાહિત્યને જનજન સુધી પહોંચાડવાનો સેવાયજ્ઞ

# વકીલાતની સાથે અધ્યાત્મનો અનોખો માર્ગ! નખત્રાણાના દિલીપભાઈ ઠક્કરની જ્ઞાનયાત્રા પ્રેરણાદાયી

જગદીશ પી દવે દેશલપર (ગુંતલી)

વ્યવસાયે ધારાશાસ્ત્રી, સ્વભાવે જિજ્ઞાસુ અને અધ્યાત્મિક ચિંતન દ્વારા સમાજને જ્ઞાન પીરસતા નખત્રાણાના સિનિયર ધારાશાસ્ત્રી અને નોટરી



દિલીપભાઈ ઠક્કરની સફર પ્રેરણારૂપ છે. વકીલાતના વ્યવસાયની સાથે તેમણે અધ્યાત્મના ક્ષેત્રમાં પદાર્પણ કરીને વૈદિક સાહિત્યના ગહન અભ્યાસ અને લેખન દ્વારા જ્ઞાનપિપાસુઓ સુધી આધ્યાત્મિક વિચારો પહોંચાડવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યું છે.બ્રહ્મલીન સદગુરુ સ્વરૂપાનંદજી તીર્થ મહારાજ પાસેથી વર્ષ ૨૦૧૦માં આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ દિલીપભાઈ ઠક્કરે ગુરુસાનિધ્યમાં રહીને વેદો, ઉપનિષદો, ભગવદ્ ગીતા, દર્શનો અને પુરાણોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો હતો. ગુરુસાનિધ્યમાં વિતાવેલાં વર્ષો દરમિયાન તેમણે જીવન અને જીવનપારના જ્ઞાનને સમજવાનો પ્રયાસ કર્યો. આ અધ્યાત્મિક અનુભવો અને અભ્યાસને પુસ્તકોના માધ્યમથી લોકો સુધી પહોંચાડવાનું તેમણે જીવનનું એક મહત્ત્વનું ધ્યેય બનાવ્યું.દિલીપભાઈનું પ્રથમ પુસ્તક 'સત્યમ્ પરમ્ ધીમહિ' ગુરુસાનિધ્યમાં પ્રકાશિત થયું હતું. ત્યારબાદ તેમણે 'યોગવાસિષ્ઠ મહારામાયણ', 'અષ્ટાવક્ર મહાગીતા', 'આત્મકૃપા હી કેવલમ્', 'જય હનુમાન જ્ઞાનગુણસાગર', 'આત્મદર્શન', 'જીવનદર્શન', 'સમદર્શન' અને 'ભગવદ્ ગીતાદર્શન' સહિતનાં પુસ્તકોનું સર્જન કર્યું. બીજા ચરણમાં 'દિવ્યદર્શન' અને 'સત્યના સંગાથે' જેવા ગ્રંથોનું બદ્રીનાથજી અને હરિદ્વારમાં વિમોચન થયું હતું.આમ, અત્યાર સુધીમાં તેમના કુલ ૧૧ પુસ્તકો પ્રકાશિત થયાં છે, જેની અંદાજે ૬,૦૦૦ જેટલી પ્રતો ગુજરાત સહિત અન્ય વિસ્તારોમાં જ્ઞાનપિપાસુઓ સુધી પહોંચી છે. તેમનું અધ્યાત્મિક લેખન માત્ર પુસ્તકો પૂરતું મર્યાદિત નથી. તેમના લેખો અને વૈદિક ચિંતનથી સમૃદ્ધ સાહિત્ય વર્તમાનપત્રો, આશ્રમો, સાધુ-સંતો, પુસ્તકાલયોમાં તેમજ ફેસબુક અને વોટ્સએપ જેવા સોશિયલ મીડિયા માધ્યમો દ્વારા પણ વાચકો સુધી પહોંચે છે.દિલીપભાઈ ઠક્કરના લેખનની વિશેષતા એ છે કે તેઓ ગહન આધ્યાત્મિક વિષયોને સરળ અને સમજાય તેવી ભાષામાં રજૂ કરવાનો પ્રયાસ કરે છે. તેમના લેખનમાં સત્ય, સ્વાનુભવ, ધર્મ અને નીતિનું અનુસંધાન જોવા મળે છે. ભગવદ્ ગીતાના કર્મસિદ્ધાંતને જીવનમાં મહત્ત્વ આપવાની સાથે તેઓ કર્મ, ભક્તિ અને જ્ઞાનને માનવજીવનના મહત્ત્વના આધારસ્તંભ માને છે.

## શ્રી કનકાઈ માતાજી મંદિર, સમઢીયાળા ખાતે શ્રી રામદેવજી મહારાજ બારપહોર પાટોત્સવ તથા શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ

શ્રી કનકાઈ માતાજીની અસીમ કૃપાથી શ્રી રામદેવજી મહારાજ બારપહોર પાટોત્સવ તથા શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન ભાગવત સેવા સમિતિ એવંમ મંદિરના મહંતશ્રી હરિરામ બાપુ આત્મારામ બાપુ કાપડી દ્વારા કનકાઈ ધામ, કનકેશ્વરી માતાજી મંદિર, સમઢીયાળા (જુપડા) તાલુકો મેંદરડા ખાતે તારીખ 17 12 26 થી 23 12 26 સુધી કરવામાં આવેલ છે, કથાનો સમય સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ અને બપોરે ૦૩ થી ૦૫ રાખવામાં આવેલ છે ,આ કથાના વક્તા તરીકે શાસ્ત્રીશ્રી અશોકભાઈ ઉપાધ્યાય આમોદ્રાવાળા વ્યાસાસને બિરાજી સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવશે તેમજ કથા દરમ્યાન દરરોજ બપોરે અને સાંજે ભોજન પ્રસાદીનું આયોજન પણ કરવામાં આવેલ છે તો આ દિવ્ય અને ભવ્ય કાર્યક્રમમાં સૌ ભક્તજનોને પધારવા માટે શ્રી કનકાઈ મંદિરના મહંતશ્રી હરિરામ બાપુ એ હાર્દિક નિમંત્રણ પાઠવ્યું છે .

## નવરાત્રીના સાતમના દિવસે વેશભૂષા કાર્યક્રમ





કમલેશ પટેલ. સંખેડા

માંજરોલ ગામે અંબે યુવક મંડળ દ્વારા નવરાત્રીના સાતમના દિવસે વેશભૂષા કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ ગામની મધ્યમાં આવેલા સત્યનારાયણ મંદિર સામે રાખવામાં આવ્યો હતો.આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેલૈયાઓએ ભાગ લીધો હતો. તેઓએ અલગ-અલગ વેશભૂષા ધારણ કરીને સૌનું ધ્યાન ખેંચ્યું હતું. એક માસીબાએ પોતાના માથે ગરબો મૂકીને ઘૂમતા હોય તે દ્રશ્ય ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.સત્યનારાયણ મંદિર સામે યોજાયેલા આ નવરાત્રી મહોત્સવમાં ગામના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા. લોકોએ ખુશી વ્યક્ત કરી હતી અને ખેલૈયાઓમાં પણ ઘણો ઉત્સાહ જોવા મળ્યો હતો.

### દોડનો ટ્રેક બેદરકારીથી તૈયાર કરાયો હોવાના આક્ષેપો, ખેલાડીઓની સુવિધાઓનો અભાવ

# મહીસાગર જિલ્લામાં ચાલી રહેલ જિલ્લા કક્ષા ના ખેલ મહાકુંભ ના આયોજન સામે ગંભીર સવાલો

જગદીશ ત્રિવેદી મહીસાગર

મહીસાગર જિલ્લામાં ચાલી રહેલા જિલ્લા કક્ષાના ખેલ મહાકુંભના આયોજનને લઈને ગંભીર બેદરકારીના આક્ષેપો સામે આવ્યા છે. લુણાવાડા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે દોડની સ્પર્ધા માટે તૈયાર કરાયેલા ટ્રેક પર કાંકરા-પથ્થરો હોવાના કારણે ખેલાડીઓની સુરક્ષા જોખમમાં મુકાઈ હતી અને દોડની સ્પર્ધા હાલ પૂરતી મોકૂફ રાખવાની ફરજ પડી છે. રમતગમત જેવી મહત્વપૂર્ણ સ્પર્ધામાં ટ્રેકની મૂળભૂત ચકાસણી કર્યા વિના આયોજન કરવામાં આવ્યું હોય તો તે સમગ્ર વ્યવસ્થાપન સામે ગંભીર પ્રશ્ન ઊભો કરે છે.આ મામલે જિલ્લા રમતગમત અધિકારી હર્ષાબેન સ્થળ પર આવી માર્ગદર્શન આપ્યું હતું. જોકે, પ્રશ્ન એ છે કે અધિકારીઓ અને આયોજનકર્તાઓએ સ્પર્ધા શરૂ થાય તે પહેલાં ટ્રેકનું નિરીક્ષણ કેમ ન કર્યું? ખેલાડીઓના પગમાં ઈજા થાય અથવા કોઈ ગંભીર અકસ્માત સર્જાય ત્યાર બાદ જ તંત્ર જાગે તે સ્વીકાર્ય નથી. દોડની સ્પર્ધા માટે નવી તારીખ જાહેર કરવામાં આવશે તેમ જણાવાયું છે, પરંતુ આ બેદરકારી માટે જવાબદારી નક્કી કરવામાં આવશે કે નહીં તે અંગે તંત્રએ સ્પષ્ટતા કરવી જરૂરી છે.સરકાર ખેલ મહાકુંભના નામે જાહેર નાણાં ખર્ચે છે, પરંતુ આ નાણાંનો વાસ્તવિક ઉપયોગ ક્યાં અને કેવી રીતે થાય છે તે અંગે પણ હવે ગંભીર સવાલો ઊભા થયા છે. શું સરકારી નાણાં માત્ર કાગળ પર જ ખર્ચાયેલા બતાવવામાં આવે છે? જિલ્લા કક્ષાની રમતોમાં સમગ્ર જિલ્લામાંથી વિદ્યાર્થીઓ અને રમતવીરો ભાગ લેવા આવે છે. તેઓ શું પોતાનું ભોજન ઘરે જ કરીને આવે અથવા આખો દિવસ ભૂખ્યા રહે? ખેલાડીઓ માટે નાસ્તો અને આરામની યોગ્ય વ્યવસ્થા કરવી આયોજનનો મૂળભૂત ભાગ નથી શું? સ્થળ પર ખેલાડીઓ માટે નાસ્તાની કોઈ યોગ્ય વ્યવસ્થા જોવા મળી નહોતી અને માત્ર પાણીની વ્યવસ્થા કરવામાં આવી હોવાના આક્ષેપો છે. જો આયોજન માટે પૂરતું બજેટ ફાળવવામાં આવ્યું હોય તો ખેલાડીઓ માટે જરૂરી નાસ્તો, પોષણ, આરોગ્યસુવિધા, સુરક્ષા અને અન્ય મૂળભૂત વ્યવસ્થાઓ કેમ કરવામાં આવી નહીં? આ સમગ્ર મામલે ખર્ચની વિગતો જાહેર કરી પારદર્શક તપાસ કરવી જરૂરી છે. બીજી તરફ, જિલ્લા કક્ષાની બાસ્કેટબોલ સ્પર્ધા બાલાસિનોર ખાતે યોજવામાં આવતાં મહીસાગર જિલ્લાના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનો ઉપયોગ કેમ કરવામાં આવ્યો નહીં તે અંગે પણ ગંભીર ચર્ચા છે. જિલ્લા કક્ષાની સ્પર્ધાના સ્થળની પસંદગી કયા માપદંડોના આધારે કરવામાં આવી હતી, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ઉપલબ્ધ હોવા છતાં તેને કેમ અવગણવામાં આવ્યું અને આ નિર્ણય પાછળ કોઈ વહીવટી કે અન્ય કારણ હતું કે નહીં, તે અંગે સંબંધિત તંત્રએ જાહેરમાં સ્પષ્ટતા કરવી જોઈએ. આ ઉપરાંત, વિવિધ રમતોની સ્પર્ધાઓમાં હેડ કોચની હાજરી અને તકનીકી દેખરેખ અંગે પણ સવાલો ઊભા થયા છે. રમતગમતના આયોજનમાં હેડ કોચ, કન્વીનર અને અન્ય જવાબદાર અધિકારીઓની ફરજો શું છે તથા કઈ સ્પર્ધામાં કોની હાજરી ફરજિયાત છે, તે અંગેના સત્તાવાર નિયમો જાહેર કરવામાં આવે.

## સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટ, જૂનાગઢ દ્વારા પ્રાચીન ગરબી મંડળની ૧૫૦૦થી વધુ બાળાઓને ભાવભર્યું ભોજન કરાવાયું

નરેન્દ્ર દવે જૂનાગઢ તા.19:

જૂનાગઢની જાણીતી સેવાભાવી સંસ્થા સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટ દ્વારા તા.૧૮-૧૦-૨૦૨૬, રવિવારના રોજ જૂનાગઢમાં જવાહર રોડ સ્થિત મોઢ વણિક જ્ઞાતિની વાડી ખાતે નવરાત્રિ પર્વ નિમિત્તે અનોખા સેવાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જૂનાગઢનાં વિવિધ પ્રાચીન ગરબી મંડળોની ૧૫૦૦થી વધુ બાળાઓને ભાવભેર ભોજન-પ્રસાદ કરાવી, કટલેરી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે જ બાળાઓનું માતાજી ના સ્વરૂપે પૂજન કરી આશીર્વાદ મેળવવામાં આવ્યા હતા,કાર્યક્રમ દરમિયાન બાળાઓને બાજોઠ પર બેસાડી, તેમના ચરણના અંગૂઠાનું પૂજન કરી, ચાંદલો કરીને પરંપરાગત રીતે સન્માનિત કરવામાં આવી હતી. જૂનાગઢના દાતાશ્રીઓના સહયોગથી તૈયાર કરવામાં આવેલા ભાવતાં ભોજન પીરસીને બાળાઓને આનંદિત કરવામાં આવી હતી. દરેક બાળાને કટલેરી કીટ અર્પણ કરીને ભારતીય સંસ્કૃતિ અને બાળશક્તિ પ્રત્યે આદર વ્યક્ત કરવામાં આવ્યો હતો.પ્રાચીન ગરબીની પરંપરા જાળવવાનો ૨૫ વર્ષથી સેવાયજ્ઞ,આજના આધુનિક યુગમાં પ્રાચીન ગરબીની પરંપરા ધીમે ધીમે લુપ્ત થતી જાય છે અને પશ્ચિમી સંસ્કૃતિના પ્રભાવ હેઠળ પરંપરાગત લોકસંસ્કૃતિનું મહત્ત્વ ઘટતું જોવા મળે છે. ત્યારે સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટ છેલ્લા ૨૫ વર્ષથી પ્રાચીન ગરબી મંડળોની બાળાઓને ભોજન કરાવવા સહિતની સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા ભારતની ભવ્ય સંસ્કૃતિ, ધાર્મિક પરંપરા અને લોકવારસાને જીવંત રાખવાનો ઉમદા પ્રયાસ કરી રહ્યું છે.

# એક્સિસ બેન્કનો નાણાંકીય વર્ષ 2027ના બીજા ત્રિમાસિક ગાળામાં ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 38 ટકા વધીને રૂ. 7,003 કરોડ થયો

(એજન્સી) નવી દિલ્હી | તા.19

ભારતની ખાનગી ક્ષેત્રની સૌથી મોટી બેન્કોમાંની એક એક્સિસ બેન્કે નાણાંકીય વર્ષ 2027ના બીજા ત્રિમાસિક ગાળામાં મજબૂત કામગીરી નોંધાવી છે. આ ગાળામાં બેન્કનો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 38 ટકા વધીને રૂ. 7,003 કરોડ થયો હતો. ચોખ્ખી વ્યાજ આવક (એનઆઈઆઈ)માં સારી વૃદ્ધિ અને સંપત્તિની ગુણવત્તામાં થયેલા સુધારાને કારણે આ પરિણામ જોવા મળ્યું હતું. બેન્કની ચોખ્ખી વ્યાજ આવક વાર્ષિક ધોરણે 12 ટકા વધીને રૂ. 15,371 કરોડ થઈ હતી, જ્યારે મુખ્ય કામગીરીમાંથી થતો નફો વાર્ષિક ધોરણે 11 ટકા વધીને રૂ. 10,998 કરોડ થયો હતો. બેન્કે તેના વ્યવસાયમાં મજબૂત વૃદ્ધિ જાળવી રાખી હતી. મહિનાના અંતે ગણતરીના આધારે કુલ ડિપોઝીટ્સમાં વાર્ષિક ધોરણે 21 ટકાનો વધારો થયો હતો, જ્યારે ધિરાણમાં 23 ટકાની વૃદ્ધિ નોંધાઈ હતી. બેન્કની બેલેન્સ શીટ વાર્ષિક ધોરણે 22 ટકા વધીને રૂ. 20,46,240 કરોડ થઈ હતી. એસેટ ક્વોલિટીમાં પણ વધુ સુધારો થયો હતો. એક વર્ષ અગાઉ 1.46 ટકા રહેલી ગ્રોસ એનપીએ ઘટીને 1.16 ટકા થઈ હતી, જ્યારે નેટ એનપીએ 0.44 ટકાથી ઘટીને 0.35 ટકા થઈ હતી. બેન્કે ધિરાણના વિવિધ વ્યવસાયોમાં મજબૂત વૃદ્ધિ જાળવી રાખી હતી. કોર્પોરેટ ક્ષેત્રને આપવામાં આવેલા ધિરાણમાં વાર્ષિક ધોરણે 34 ટકાની વૃદ્ધિ થઈ હતી. એસએમઈને આપવામાં આવેલા ધિરાણમાં 25 ટકાનો વધારો થતાં તે રૂ. 1,64,592 કરોડ થયું હતું. આ ધિરાણ ભૌગોલિક વિસ્તારો અને વિવિધ ઉદ્યોગ ક્ષેત્રોમાં સંતુલિત રીતે ફેલાયેલું રહ્યું હતું. નાના વ્યવસાયોને બેન્કિંગ સેવાઓ પૂરી પાડતા વિભાગમાં વાર્ષિક ધોરણે 21 ટકાની વૃદ્ધિ નોંધાઈ હતી, જ્યારે ગ્રામીણ ક્ષેત્રના ધિરાણમાં 20 ટકાનો વધારો થયો હતો. ફી મારફતે થતી આવક વાર્ષિક ધોરણે 6 ટકા વધીને




રૂ. 6,381 કરોડ થઈ હતી. આ આવકમાં નાના-નાના વ્યવહારો અને વિવિધ સેવાઓ બદલ મળતી ફીનો હિસ્સો કુલ ફી આવકના 90 ટકા રહ્યો હતો. બેન્કની ભારતમાં કાર્યરત પેટાકંપનીઓએ પણ સારો દેખાવ કર્યો હતો. નાણાંકીય વર્ષ 2027ના પ્રથમ છ મહિનામાં તેમની કુલ ચોખ્ખી આવક વાર્ષિક ધોરણે 29 ટકા વધીને રૂ. 1,210 કરોડ થઈ હતી. ડિજિટલ બેન્કિંગ અને પેમેન્ટ સર્વિસીસમાં પોતાનું અગ્રણી સ્થાન વધુ મજબૂત બનાવતાં એક્સિસ બેન્કે યુપીઆઈ પેયર પેમેન્ટ સર્વિસ પ્રોવાઈડર વિભાગમાં વ્યવહારોની સંખ્યાના આધારે અંદાજે ₹38%* ટકા બજારહિસ્સો જાળવી રાખ્યો હતો. આ દરમિયાન યુપીઆઈ મારફતે થતા વ્યવહારોની કુલ રકમમાં વાર્ષિક ધોરણે 34 ટકાની વૃદ્ધિ થઈ હતી. નાણાંકીય વર્ષ 2027ના બીજા ત્રિમાસિક ગાળામાં બેન્કે આશરે 10.9 લાખ નવા ક્રેડિટ કાર્ડ જારી કર્યા હતા. ચલણમાં રહેલા ક્રેડિટ કાર્ડના બજારમાં બેન્કનો હિસ્સો આશરે 13.1 ટકા રહ્યો હતો. ગ્રાહકોમાં ડિજિટલ સેવાઓનો ઉપયોગ સતત વધતો રહ્યો હતો. વ્યક્તિગત ગ્રાહકો દ્વારા કરવામાં આવતા બેન્કના કુલ નાણાંકીય વ્યવહારોમાંથી 98 ટકા વ્યવહારો ડિજિટલ માધ્યમથી થયા હતા. એક્સિસ મોબાઈલ એપને ગૂગલ પ્લે અને આઈઓએસ એપ સ્ટોર બંને પર 5માંથી 4.8નું રેટિંગ મળ્યું હતું. આ એપનો દર મહિને સક્રિય રીતે ઉપયોગ કરતા ગ્રાહકોની સંખ્યા આશરે 1.6 કરોડ હતી. આ ઉપરાંત, એક્સિસ બેન્કના ગ્રાહકો ન હોય તેવા આશરે 1.2 કરોડ લોકો પણ આ એપનો ઉપયોગ કરતા હતા. આ ત્રિમાસિક ગાળા દરમિયાન એક્સિસ બેન્કે માસ્ટરકાર્ડ અને વિઝા નેટવર્ક પર પોતાના ક્રેડિટ કાર્ડ ધરાવતા ગ્રાહકો માટે એપલ પે સેવા શરૂ કરનાર ભારતની પ્રથમ બેન્ક બનીને એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી હતી. આ પગલું સમગ્ર બેન્કિંગ ઉદ્યોગ માટે એક નોંધપાત્ર સીમાચિહ્નરૂપ બન્યું હતું. બેન્કે સ્કેપિયા અને મેકમાયટ્રિપ સાથે ભાગીદારી કરીને મુસાફરી સંબંધિત સેવાઓને પણ વધુ મજબૂત બનાવી હતી. ટેક્નોલોજીના ક્ષેત્રમાં પરિવર્તનને આગળ વધારતાં બેન્કે હિટાચી પેમેન્ટ સર્વિસિસ સાથેની ભાગીદારીમાં એક્સપ્રેસ બેન્કિંગ: ડિજિટલ બેન્કિંગ પોઈન્ટ 2.0 અને એઆઈ સાઉન્ડબોક્સ શરૂ કર્યાં હતાં.

## સાણંદ ઈકો પાર્ક: હરિત ભવિષ્ય તરફ એક મહત્વપૂર્ણ CSR પહેલ

અમદાવાદ | સાણંદ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (SIA) એ Ingersoll Rand અને ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GIDC) ના સહયોગથી GIDC સાણંદ ખાતે સાણંદ ઈકો પાર્કના શિલાન્યાસ સમારોહનું આયોજન કર્યું. Ingersoll Rand ની CSR પહેલ તરીકે પરિકલ્પિત આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય ઔદ્યોગિક વિસ્તારમાં એક ટકાઉ હરિત સ્થળ વિકસાવવાનો છે, જે મનોરંજન, જૈવ વિવિધતા અને પર્યાવરણ સંબંધિત શિક્ષણને પ્રોત્સાહન




આપશે.આ સમારોહનું ઉદ્ઘાટન Ingersoll Rand ના ચેરમેન, પ્રેસિડેન્ટ અને સીઈઓ શ્રી વિસેન્ટે રેયનાલ તથા Ingersoll Rand India Limited ના ચેરમેન શ્રી સુનીલ ખંડુજાએ કર્યું. સાણંદના વિકાસ અંગે પોતાનો દૃષ્ટિકોણ રજૂ કરતાં SIA ના પ્રમુખ શ્રી અજીત શાહે જણાવ્યું, 'સાણંદ ગુજરાતનાં સૌથી ઝડપી ઔદ્યોગિક કેન્દ્રોમાંના એક તરીકે વિકસ્યું છે. SIA માળખાકીય સુવિધાઓ, કલ્યાણ અને પર્યાવરણ સંબંધિત પહેલોને સાથે લઈને સંતુલિત વિકાસ પર સતત ધ્યાન આપી રહ્યું છે. ઈકો પાર્ક, ઉદ્યોગ અને પ્રકૃતિ વચ્ચે સંવાદિતા સ્થાપિત કરવાની દિશામાં એક પગલું છે.' SIA ની CSR સમિતિના અધ્યક્ષ શ્રી ચેતન ઠક્કરે જણાવ્યું, 'અમારી CSR સમિતિ ઉદ્યોગોની સામૂહિક ક્ષમતાને અર્થપૂર્ણ પરિવર્તન લાવવાની દિશામાં એકજૂટ કરે છે. ઈકો પાર્ક જેવા પ્રોજેક્ટ સામુદાયિક જીવનને બહેતર બનાવે છે, હરિત પદ્ધતિઓને પ્રોત્સાહન આપે છે અને ઔદ્યોગિક સમૂહોમાં ટકાઉ વિકાસનાં મોડેલોને પ્રેરિત કરે છે.'12,000 ચોરસ મીટરમાં ફેલાયેલા આ ઈકો પાર્કમાં સ્થાનિક પ્રજાતિઓના છોડનું વાવેતર, થીમ આધારિત બગીચા, જળ સંરક્ષણ પ્રણાલીઓ અને મનોરંજન માટેની જગ્યાઓ વિકસાવવામાં આવશે. આ પ્રોજેક્ટ હરિત ભવિષ્ય માટે ઉદ્યોગ અને સમુદાયના સહયોગનું પ્રતીક બનશે.

## નવરાત્રિ-દશેરા પર વાહન ખરીદનારાઓ માટે ખુશખબર; ઓક્ટોબરમાં મળી રહ્યું છે રૂ.3.35 લાખ સુધીનું ડિસ્કાઉન્ટ!

(એજન્સી) નવી દિલ્હી | તા.19

તહેવારની સિઝનમાં ટાટા મોટર્સની કાર ખરીદવાનું વિચારતા ગ્રાહકો માટે એક શાનદાર તક સામે આવી છે. ઓક્ટોબર મહિનામાં નવરાત્રિ અને દશેરાના ઉત્સવોને ધ્યાનમાં રાખીને કંપનીએ પોતાના પોર્ટફોલિયોની વિવિધ પેટ્રોલ, ડીઝલ, સીએનજી અને ઈલેક્ટ્રિક કારો પર ભવ્ય ડિસ્કાઉન્ટ સ્કીમ રજૂ કરી છે. આ સ્પેશિયલ ઓફર હેઠળ ગ્રાહકોને મહત્તમ રૂ.3.35 લાખ સુધીની બચત કરવાનો મોકો મળી રહ્યો છે. જોકે, ઓફરની રકમ કારના મોડેલ, વેરિઅન્ટ, ફ્યુઅલ ટાઈપ અને સ્ટોકના આધારે અલગ-અલગ હોઈ શકે છે. એન્ટ્રી-લેવલ અને હેચબેક સેગમેન્ટમાં ટાટા મોટર્સ દ્વારા આકર્ષક કેશ બેનિફિટ્સ અને એક્સચેન્જ બોનસ આપવામાં આવી રહ્યા છે. ટાટા ટિયાગોના જૂના મોડેલના પેટ્રોલ અને સીએનજી વેરિઅન્ટ પર મહત્તમ રૂ.35,000 સુધીના ફાયદા મળી રહ્યા છે, જેમાં રૂ.15,000નું કન્ઝ્યુમર બેનિફિટ, રૂ.5,000ની OEM સહાયતા અને રૂ.10,000નું એક્સચેન્જ બોનસ અથવા રૂ.15,000નો સ્ક્રેપેજ બેનિફિટ સામેલ છે. તે જ રીતે, ટાટા ટિગોર પર ગ્રાહકોને રૂ.15,000ના કન્ઝ્યુમર બેનિફિટ સાથે કુલ રૂ.30,000 સુધીની છૂટ મળી શકે છે. બીજી તરફ, ટાટા અલ્ટ્રોઝના સીએનજી મોડેલ પર રૂ.55,000 સુધી અને તેના પેટ્રોલ તથા ડીઝલ વેરિઅન્ટ્સ પર રૂ.35,000 સુધીના લાભ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.ટાટાની લોકપ્રિય ગાડી પંચના પેટ્રોલ અથવા ICE વેરિયન્ટ્સ પર આ મહિને કોઈ ઓફર આપવામાં આવી નથી. પરંતુ જૂના ટાટા પંચ EVના લોંગ રેન્જ વેરિઅન્ટ પર રૂ.1.45 લાખ સુધી, મીડિયમ રેન્જ પર રૂ.1.25 લાખ સુધી અને સ્માર્ટ વેરિઅન્ટ પર રૂ.95,000 સુધીની નોંધપાત્ર છૂટ મળી રહી છે. આ ઉપરાંત, ટાટા નેક્સોનના પેટ્રોલ મેન્યુઅલ મોડેલ પર રૂ.75,000 સુધી, CNG મોડેલ પર રૂ.60,000 સુધી, અને ડીઝલ વેરિયન્ટ પર રૂ.20,000 સુધીના ફાયદા મળી રહ્યા છે. નેક્સોન EV ખરીદનારાઓ માટે રૂ.10,000ના ગ્રીન બોનસ અને એક્સચેન્જ/સ્ક્રેપેજ લાભો સાથે રૂ.45,000 સુધીની બચતની તક છે.નવી લોન્ચ થયેલી ટાટા કર્વ પર કંપની તરફથી મોટો ફાયદો આપવામાં આવી રહ્યો છે.

## યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોની ભારત મુલાકાત, મુંબઈ અને જામનગર પર રહેશે ખાસ ફોકસ

(એજન્સી) નવી દિલ્હી | તા.19

યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો ભારત-અમેરિકન વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવા અને ઊર્જા ક્ષેત્રમાં સહયોગ વધારવા માટે ભારતની મુલાકાત લેશે. તેમની મુલાકાત 17 થી 22 ઓક્ટોબર સુધી ચાલશે, અને તેમાં ઉઝબેકિસ્તાન તેમજ મુંબઈ અને જામનગર જેવા ભારતીય શહેરોનો સમાવેશ થશે. આ મુલાકાત દરમિયાન, તેઓ સૌપ્રથમ ઉઝબેકિસ્તાનના સમરકંદમાં C5+1



મંત્રીસ્તરીય બેઠકમાં ભાગ લેશે. ભારત પહોંચ્યા પછી, તેઓ મુંબઈ અને જામનગરની મુલાકાત લેશે.માર્કો રુબિયો મધ્ય એશિયાની મુલાકાત પછી ભારત પરત ફરી રહ્યા છે. આ વર્ષે ભારતની આ તેમની બીજી મુલાકાત છે. તેઓ ભારતમાં ઉચ્ચ-સ્તરીય સરકારી પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરશે અને બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવતા મુદ્દાઓ પર ચર્ચા કરશે. પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય વિકાસ પર વિચારોનું આદાનપ્રદાન કરવા ઉપરાંત, ઉર્જા ક્ષેત્રમાં સહકાર વધારવાની તકો પર પણ ચર્ચા કરવામાં આવશે. રુબિયો વ્યાપાર રોકાણ અને આર્થિક સહયોગને પ્રોત્સાહન આપવા માટે વ્યાપારી નેતાઓ સાથે પણ મુલાકાત કરશે. મુંબઈ અને જામનગરની મુલાકાતોનો મુખ્ય ઉદ્દેશ્ય ભારત સાથે યુએસ વેપાર સંબંધોને વધુ વિસ્તૃત કરવાની તકો પર ધ્યાન કેન્દ્રિત કરવાનો રહેશે. વૈશ્વિક રાજકારણ, પ્રાદેશિક સુરક્ષા, ઉર્જા જરૂરિયાતો અને આર્થિક સહયોગના વધતા મહત્વના સંદર્ભમાં માર્કો રુબિયોની મુલાકાત ખાસ મહત્વ ધરાવે છે. આ મુલાકાત દરમિયાન ચર્ચાઓ ભારત-અમેરિકા વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવા અને વેપાર સંબંધોને વિસ્તૃત કરવાની અપેક્ષા છે.

## ડુંગર પેંગ્સ લિમિટેડે (બર્મા બર્મા રેસ્ટોરન્ટ્સ) સેબીમાં DRHP રજૂ કર્યું

(એજન્સી) નવી દિલ્હી | તા.19

ભારતનું અર્થતંત્ર ઝડપથી આગળ વધી રહ્યું છે, પરંતુ ડોલર સામે રૂપિયાની નબળાઈને કારણે 5 ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનવાનું લક્ષ્ય એક વર્ષ પાછળ ધકેલાઈ શકે છે. આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF)ના ઓક્ટોબરના વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક (WEO)ના અહેવાલમાં આપવામાં આવેલા અંદાજ મુજબ, ભારત 2028ને બદલે 2029માં 5 ટ્રિલિયન ડોલરના GDPનો આંકડો પાર કરી શકે છે.જોકે, આ દરમિયાન ભારતની વૈશ્વિક આર્થિક સ્થિતિ વધુ મજબૂત બનવાની સંભાવના છે. અંદાજ મુજબ, 2027માં ભારત જાપાન અને બ્રિટનને પાછળ છોડીને વિશ્વનું ચોથું સૌથી મોટું અર્થતંત્ર બની શકે છે. બીજી તરફ, દેશની સ્થાનિક આર્થિક વૃદ્ધિ અંગે IMFનો આશાવાદ યથાવત છે અને નાણાકીય વર્ષ 2026-27 માટે વાસ્તવિક GDP વૃદ્ધિનો અંદાજ વધારીને 7 ટકા કરવામાં આવ્યો છે.ભારતની આર્થિક પ્રગતિનું મૂલ્યાંકન કરતી વખતે રૂપિયામાં થતી વૃદ્ધિ અને ડોલરમાં ગણાતી GDP વચ્ચેનો તફાવત મહત્ત્વનો છે. સ્થાનિક ચલણમાં દેશનું આર્થિક ઉત્પાદન વધે, તેમ છતાં રૂપિયો ડોલર સામે નબળો પડે તો ડોલરમાં ગણાતી GDPનું મૂલ્ય અપેક્ષા કરતાં ઓછું રહી શકે છે. IMFના અગાઉના એપ્રિલના અંદાજમાં ભારત 2028માં 5.1 ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનશે તેવી સંભાવના દર્શાવવામાં આવી હતી. જોકે, ઓક્ટોબરના અંદાજમાં 2028ની GDP ઘટાડીને 4.996 ટ્રિલિયન ડોલર કરવામાં આવી છે. આથી 5 ટ્રિલિયન ડોલરની મર્યાદા પાર કરવાનું લક્ષ્ય હવે 2029માં હાંસલ થવાની શક્યતા છે.IMFના અંદાજ પ્રમાણે ભારતની નોમિનલ GDPમાં આગામી વર્ષોમાં સતત વધારો થવાની સંભાવના છે. જોકે, ડોલર સામે રૂપિયાના વિનિમય દરને કારણે આ વૃદ્ધિનું ડોલરમાં દેખાતું મૂલ્ય બદલાઈ શકે છે. વિલંબ છતાં, વૈશ્વિક રેન્કિંગમાં ભારતનું કદ ઝડપથી વધશે. ૨૦૨૭ માં, ભારત ૪.૫૨ ટ્રિલિયન ડોલરના GDP સાથે વિશ્વનું ચોથું સૌથી મોટું અર્થતંત્ર બનશે, જે ફક્ત અમેરિકા, ચીન અને જર્મનીથી પાછળ રહેશે. ફ્રેશ ઈશ્યૂ દ્વારા મળનારી ચોખ્ખી આવકનો ઉપયોગ ભારતમાં કંપનીની નવી 'બર્મા બર્મા' રેસ્ટોરાં શરૂ કરવા અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે.

## દિલ્હીમાં NBC બેરિંગ્સના નકલી ઉત્પાદનો વિરોધી દરોડા ₹2.55 કરોડથી વધુનો નકલી માલ જપ્ત

અમદાવાદ | સીકે બિરલા ગ્રુપ (CKA Birla Group) નો ભાગ અને NBC બેરિંગ્સની ઉત્પાદક એવી નેશનલ એન્જિનિયરિંગ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (NBC) એ દિલ્હીમાં સંકલિત એન્ફોર્સમેન્ટ કામગીરી દ્વારા નકલી ઉત્પાદનો વિરોધી પ્રયાસોને વધુ ઝડપી બનાવ્યા છે. NBC દ્વારા તેના અધિકૃત પ્રતિનિધિઓ મારફતે દાખલ કરવામાં આવેલી ફરિયાદોને પગલે સ્થાનિક સત્તાવાળાઓના સહયોગથી કરવામાં આવેલી આ કામગીરીમાં 2.55 કરોડથી વધુની કિંમતનો નકલી NBC બ્રાન્ડેડ માલ જપ્ત કરવામાં આવ્યો છે.NBC દ્વારા તેના અધિકૃત



પ્રતિનિધિઓ મારફતે નોંધાવવામાં આવેલી ફરિયાદોના આધારે કાર્યવાહી કરતા, ડિસ્ટ્રિક્ટ ઈન્વેસ્ટિગેશન યુનિટ (DIU), વેસ્ટ ડિસ્ટ્રિક્ટ પોલીસ અને માયાપુરી પોલીસ સ્ટેશનના કર્મચારીઓએ માયાપુરી સહિત દિલ્હીમાં લક્ષિત દરોડા પાડ્યા હતા. આ કામગીરી દરમિયાન હજારો નકલી NBC બેરિંગ્સ, ખાલી કાર્ટન, પૌચ (પોલિથિન બેગ), ડાઈસ અને ઉત્પાદનો પર નકલી ઓળખ કોડ છાપવા માટે વપરાતું લેસર-માર્કિંગ મશીન મળી આવ્યું હતું.નકલી NBC ઉત્પાદનોના ઉત્પાદન અને વિતરણમાં સંકળાયેલા હોવાની શંકા ધરાવતા સદર બજારના એકમો પર પણ એન્ફોર્સમેન્ટ કામગીરી કરવામાં આવી હતી. વિશિષ્ટ માર્કિંગ સાધનોની રિકવરી નકલી ઉત્પાદનોના ઉત્પાદન અને તેને માર્કેટમાં ફેરવવા માટે ઉપયોગમાં લેવાતી પદ્ધતિઓ તરફ ઈશારો કરે છે. NBC ના ટેકનિકલ નિષ્ણાતો અને અધિકૃત પ્રતિનિધિઓએ એન્ફોર્સમેન્ટ ટીમોને સ્થળ પર જ જપ્ત કરાયેલા સ્ટોકની તપાસ અને ચકાસણી કરવામાં મદદ કરી હતી. NBC ના ચીફ સેલ્સ એન્ડ માર્કેટિંગ ઓફિસર રાજેશ પ્રેમચંદ્રને જણાવ્યું હતું કે: "નકલી બેરિંગ્સ વાહનની સલામતી અને ઔદ્યોગિક વિશ્વસનીયતા માટે ગંભીર જોખમ ઊભું કરે છે, સાથે જ ગ્રાહકોના વિશ્વાસને નુકસાન પહોંચાડે છે અને આર્થિક નુકસાન પણ કરે છે. NBC નકલી ઉત્પાદનો પ્રત્યે શૂન્ય સહનશીલતા (zero-tolerance) ની નીતિ ધરાવે છે અને ગ્રાહકોનું રક્ષણ કરવા, ઉત્પાદનની અસલિયત જાળવી રાખવા અને તેની બ્રાન્ડની અખંડિતતાને સુરક્ષિત રાખવા માટે સંબંધિત સત્તાવાળાઓ સાથે કામ કરવા માટે સદૈવ પ્રતિબદ્ધ છે."

## દિવાળી-ધનતેરસની ખરીદી ખિસ્સા પર પડશે ભારે

# કાજુ-બદામથી ઈલેક્ટ્રોનિક્સ સુધી ભાવમાં ઉછાળો



(એજન્સી) નવી દિલ્હી | તા.19

તહેવારોમાં મસાલા, દાળ-ચોખા, ખાંડ અને સૂકાં મેવા સહિતની અનેક જરૂરી ચીજવસ્તુઓ મોંઘી થઈ ગઈ છે. ઈલેક્ટ્રોનિક વસ્તુઓમાં ડિસ્કાઉન્ટ અને ઑફરો મળવા છતાં પણ ખરીદી મોંઘી પડી રહી છે.તહેવારોની સિઝનમાં આ વખતે ખરીદી કરવી લોકોના ખિસ્સા પર ભારે પડી રહી છે. પૂજા-પાઠથી લઈને ખાવા-પીવાની ચીજવસ્તુઓ સુધી દરેક વસ્તુ માટે પહેલાં કરતાં વધુ ખર્ચ કરવો પડી રહ્યો છે. રસોડામાં વપરાતા મસાલા, દાળ-ચોખા અને ખાંડથી લઈને કાજુ-બદામ જેવા સૂકાં મેવા પણ મોંઘા થઈ ગયા છે. ધનતેરસ પર વાસણો ખરીદવા અથવા ઘર માટે ટીવી, ફ્રિજ કે વૉશિંગ મશીન લેવાનું આયોજન કરી રહેલા લોકોના બજેટ પર પણ ભાવવધારાની અસર પડી રહી છે.ઘણી ખાદ્ય ચીજવસ્તુઓના ભાવ થોડા જ દિવસોમાં ઝડપથી વધ્યા છે. બીજી તરફ, ઈલેક્ટ્રોનિક્સ કંપનીઓએ તહેવારોની ઑફર શરૂ થાય તે પહેલાં જ પોતાનાં ઉત્પાદનોના ભાવ વધારી દીધા છે. આવી સ્થિતિમાં ડિસ્કાઉન્ટ અને આકર્ષક ઑફર છતાં ગ્રાહકોએ ખરીદી માટે વધુ પૈસા ખર્ચવા પડી શકે છે.કરિયાણાના બજારમાં ખાંડના ભાવમાં થતા ઉતાર-ચઢાવને કારણે ગ્રાહકોની મુશ્કેલી વધી છે. લગભગ 20 દિવસ પહેલાં ખાંડનો ભાવ પ્રતિ કિલો 70 સુધી પહોંચ્યો હતો, જે ઘટીને 50 થયો હતો. જોકે, માત્ર 3 દિવસમાં જ પ્રતિ કિલો 8નો વધારો થતાં ખાંડનો ભાવ ફરી વધીને 58 થયો છે.મસાલાના ભાવમાં પણ રાહત મળી રહી નથી. ચોમાસું નબળું રહેવાને કારણે પાકના ઉત્પાદન પર અસર પડી છે. તેના કારણે માત્ર 15 દિવસમાં જીરું, ધાણા અને હળદરના ભાવમાં 15 ટકા સુધીનો વધારો થયો છે. મેથીદાણાના ભાવમાં લગભગ 10 ટકાનો વધારો થયો છે. ચણા અને કાળા ચણાના ભાવ

### સપ્ટેમ્બર અને ઑક્ટોબરમાં કરિયાણાના ભાવમાં થયેલા વધારા

| કરિયાણું | સપ્ટેમ્બર | ઑક્ટોબર |
|---|---|---|
| બદામ | 900 | 1,200 |
| કાજુ | 1,000 | 1,100 |
| પિસ્તા | 1,200 | 1,800 - 1,900 |
| અખરોટની ગીરી | 1,350 | 1,500 |
| જીરું | 250 | 300 - 350 |
| ધાણા | 230 | 280 |
| હળદર | 190 | 250 |
| ખાંડ | 52 | 58 |
| ચોખા | 40 - 100 | 60 - 120 |
| તુવેરની દાળ | 130 | 150 |

15 ટકા વધ્યા છે, જ્યારે છેલ્લા 2 મહિનામાં ચોખાના ભાવમાં 25 ટકા સુધીનો ઉછાળો આવ્યો છે. મોંઘવારીનો માર માત્ર મોંઘા મસાલા પૂરતો મર્યાદિત નથી. રોજિંદા વપરાશની અનેક ચીજવસ્તુઓ માટે પણ હવે વધુ પૈસા ખર્ચવા પડી રહ્યા છે. તહેવારોમાં મીઠાઈ અને સૂકાં મેવાના પૅકેટ ગીફ્ટમાં આપવાની પરંપરા છે. જોકે, આ વખતે બદામ, કાજુ, પિસ્તા, અખરોટની ગીરી અને કિસમિસના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે. તેના કારણે આ ભેટ તૈયાર કરવાનો ખર્ચ પણ વધ્યો છે. પરિણામે, તહેવારોમાં સૂકાં મેવા અને મીઠાઈ ભેટ આપવી લોકોના ખિસ્સા પર વધુ બોજ નાખી રહી છે.આ ચીજવસ્તુઓમાં પિસ્તાના ભાવમાં સૌથી વધુ ઉછાળો જોવા મળ્યો છે. સપ્ટેમ્બરમાં પ્રતિ કિલો 1,200માં મળતા પિસ્તાનો ભાવ હવે 1,800થી 1,900 સુધી પહોંચ્યો છે.

## દક્ષિણ આફ્રિકામાં US$ 600 મિલિયનના રોકાણ સાથે વેદાંતા લિમિટેડની જસત ક્ષમતામાં બમણો વધારો

(એજન્સી) નવી દિલ્હી | તા.19

વેદાંતા ગ્રૂપની મુખ્ય કંપની વેદાંતા લિમિટેડે (NSE: VEDL; BSE: 500295) દક્ષિણ આફ્રિકા સ્થિત તેના ઝિંક ઓપરેશન્સની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા બમણી કરીને 500,000 ટન કરવાની જાહેરાત કરી છે. વેદાંતા ઝિંક ઈન્ટરનેશનલ (VZI) ના ગેમ્સબર્ગ (ફેઝ II) ખાતે આશરે US$ 600 મિલિયનના રોકાણ દ્વારા આ સિદ્ધિ મેળવવામાં આવી છે. દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસા અને વેદાંતા લિમિટેડના ડાયરેક્ટર પ્રિયા અગ્રવાલ-હેબ્બારે આ વિસ્તરણનો શુભારંભ કરાવ્યો હતો. દક્ષિણ આફ્રિકાના નોર્ધન કેપ પ્રાંતમાં આવેલું ગેમ્સબર્ગ વિશ્વના સૌથી મહત્વપૂર્ણ જસત ભંડારોમાંનું એક છે અને તે VZI ની મુખ્ય જસત ખાણ છે. આ વિસ્તરણ આ દાયકામાં દક્ષિણ આફ્રિકામાં ખાણકામ ક્ષેત્રે થયેલા સૌથી મોટા રોકાણોમાંનું એક છે.આ વિસ્તરણ ભારત અને દક્ષિણ આફ્રિકામાં વાર્ષિક 3 મિલિયન ટન ઉત્પાદન મેળવવાની દૂરદ્રષ્ટિ સાથે વિશ્વના સૌથી મોટા જસત ઉત્પાદક તરીકે વેદાંતા લિમિટેડના સ્થાનને વધુ મજબૂત બનાવે છે. જેમાંથી, વિશ્વની સૌથી મોટી સંકલિત જસત ઉત્પાદક એવી તેની સબસિડિયરી કંપની હિન્દુસ્તાન ઝિંક લિમિટેડ (NSE: HINDZINC; BSE: 500188) દ્વારા 2 મિલિયન ટનનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે, જ્યારે વેદાંતા ઝિંક ઈન્ટરનેશનલ બિઝનેસ વાર્ષિક 1 મિલિયન ટનનું યોગદાન આપવાનું લક્ષ્ય ધરાવે છે. આધુનિક ઔદ્યોગિક અને માળખાકીય વિકાસ માટે અત્યંત આવશ્યક હોવાથી જસતનો વપરાશ ઝડપથી વધી રહ્યો છે. જસતનો ઢોળ ચઢાવવાની પ્રક્રિયા દ્વારા તે વિશ્વની સૌથી વધુ વપરાતી ધાતુ સ્ટીલને કાટથી બચાવે છે, જે તેના આયુષ્યમાં વધારો કરે છે અને બાંધકામ, ઓટોમોટિવ, ઉત્પાદન તથા અન્ય ક્ષેત્રોમાં ઉપયોગ માટે સહાયક બને છે. હિન્દુસ્તાન ઝિંક અને વેદાંતા ઝિંક ઈન્ટરનેશનલ બંને સાથે મળીને જસતની વધતી જતી વૈશ્વિક માંગને પૂરી કરવા માટે વેદાંતા લિમિટેડના સ્થાનને વધુ મજબૂત બનાવે છે.આ વિસ્તરણ 2018 ના સાઉથ આફ્રિકા ઈન્વેસ્ટમેન્ટ કોન્ફરન્સમાં વેદાંતા દ્વારા કરવામાં આવેલી ZAR 21 બિલિયન (આશરે US$ 1.5 બિલિયન) ના રોકાણની પ્રતિબદ્ધતાનો એક ભાગ છે. નવી દિલ્હીમાં યોજાયેલી 18મી BRICS સમિટમાં રાષ્ટ્રપતિ રામાફોસાએ દક્ષિણ આફ્રિકાના મુખ્ય ઉદ્યોગોમાં ભારતીય રોકાણ વધારવા હાકલ કરી હતી. નોર્ધન કેપમાં વેદાંતાનું સતત રોકાણ આ વધતી જતી આર્થિક ભાગીદારીનું પ્રત્યક્ષ મૂલ્ય દર્શાવે છે."અમે એવા રોકાણની ઉજવણી કરવા આવ્યા છીએ જે પ્રતિબદ્ધતાથી નિર્માણ સુધી અને નિર્માણથી ઉત્પાદન સુધી આગળ વધ્યું છે. નોર્ધન કેપમાં જસત ગાળણ ક્ષમતા સ્થાપવાના વેદાંતાના લક્ષ્યાંકને અમે આવકારીએ છીએ. સરકારે વેદાંતા અને અન્ય ભાગીદારોની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે તેમની સાથે મળીને કામ કરવું પડશે," દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ રામાફોસાએ જણાવ્યું હતું.

## યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે આજે 30 સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે બેંકના હિસાબોને મંજૂરી આપી

મુંબઈ | યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે આજે ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે બેંકના હિસાબોને મંજૂરી આપી છે.નાણાકીય વર્ષ ૨૦૨૭ના બીજા ત્રિમાસિક ગાળા (Q2FY27) ની મુખ્ય વિશેષતાઓ:નાણાકીય કામગીરી: નાણાકીય વર્ષ ૨૦૨૭ના બીજા ત્રિમાસિક ગાળામાં બેંકનો ચોખ્ખો નફો (Net Profit) રૂ. ૫,૫૩૭ કરોડ રહ્યો હતો. આ સમયગાળા દરમિયાન બેંકની વ્યાજની આવક રૂ. ૨૮,૧૫૮ કરોડ રહી હતી.વ્યાપાર વૃદ્ધિ: બેંકનો કુલ વ્યાપાર વાર્ષિક ધોરણે (YoY) ૧૨.૦૧% વધ્યો છે, જેમાં કુલ ધિરાણ (Gross Advances) માં ૧૮.૫૩% અને કુલ થાપણો (Total Deposits) માં ૬.૮૭% નો વાર્ષિક વધારો નોંધાયો છે. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બેંકનો કુલ વ્યાપાર રૂ. ૨૪,૭૫,૩૩૦ કરોડ રહ્યો છે. થાપણોમાં વૃદ્ધિ: વૈશ્વિક થાપણોમાં વાર્ષિક ધોરણે ૬.૮૭% નો વધારો થયો છે. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બેંક પાસે કુલ રૂ. ૧૩,૧૯,૪૫૫ કરોડની થાપણો છે.રિટેલ, કૃષિ અને MSME (RAM) સેગમેન્ટમાં વૃદ્ધિ: બેંકના RAM સેગમેન્ટમાં વાર્ષિક ધોરણે ૧૪.૬૫% નો વધારો થયો છે, જેમાં રિટેલ ક્ષેત્રે ૧૧.૨૪% અને MSME ધિરાણમાં ૨૨.૩૯% ની વૃદ્ધિ નોંધાઈ છે. સ્થાનિક ધિરાણના ટકાવારી તરીકે RAM ધિરાણ ૫૭.૪૭% રહ્યું છે. NPA માં ઘટાડો: ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ, ગ્રોસ NPA (%) વાર્ષિક ધોરણે ૮૭ બેસિસ પોઈન્ટ (bps) ઘટીને ૨.૪૨% થઈ છે અને નેટ NPA (%) વાર્ષિક ધોરણે ૧૩ બેસિસ પોઈન્ટ ઘટીને ૦.૪૨% થઈ છે. મજબૂત મૂડી ગુણોત્તર (Capital Ratios): ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ CRAR (કેપિટલ ટુ રિસ્ક-વેઈટેડ એસેટ્સ રેશિયો) ૧૭.૯૪% રહ્યો છે. CET-1 ગુણોત્તર 30.09.2025ના રોજ 14.37% હતો, જે સુધરીને 30.09.2026ના રોજ 16.05% થયો છે.

## ટોયોટા કિર્લોસ્કર મોટરે સરકારી શાળાના વિદ્યાર્થીઓમાં ડિજિટલ સાક્ષરતાને આગળ વધારવા માટે સુરતમાં 'ટોયોટા-ઈ-કક્ષા' મોબાઈલ કોમ્પ્યુટર બસ શરૂ કરી છે

(એજન્સી) સુરત | તા.19

ટોયોટા કિર્લોસ્કર મોટર (TKM) એ આજે સુરત જિલ્લા પંચાયતના સહયોગથી 'ટોયોટા-ઈ-કક્ષા' મોબાઈલ કમ્પ્યુટર બસ કાર્યક્રમની શરૂઆત કરી છે, જેનો ઉદ્દેશ જિલ્લામાં આવેલી સરકારી શાળાઓના વિદ્યાર્થીઓમાં ડિજિટલ સાક્ષરતા અને મૂળભૂત IT શિક્ષણને પ્રોત્સાહન આપવાનો છે. આ પહેલનું ઉદ્ઘાટન ગુજરાતના માનનીય ઉપ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી દેવેન્દ્ર પ્રકાશ મીના (IAS), જિલ્લા વિકાસ અધિકારી, સુરત જિલ્લા પંચાયત તેમજ ટોયોટા કિર્લોસ્કર મોટરના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.આ પહેલ 11 માર્ચ 2026ના રોજ TKM અને સુરત જિલ્લા પંચાયત વચ્ચે થયેલા સમજુતી કરાર (MoU)ને અનુસરીને શરૂ કરવામાં આવી છે. આ કાર્યક્રમ હેઠળ TKM 21 કમ્પ્યુટર, ઈન્ટરનેટ સુવિધા, શૈક્ષણિક સોફ્ટવેર અને ઈન્ટરેક્ટિવ ડિજિટલ લર્નિંગ ટૂલ્સથી સજ્જ મોબાઈલ કમ્પ્યુટર એજ્યુકેશન બસ ઉપલબ્ધ કરાવશે. આ બસ જિલ્લાના વિવિધ સરકારી શાળાઓની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ સુધી સીધું જ પ્રાયોગિક કમ્પ્યુટર શિક્ષણ પહોંચાડશે. ટોયોટા-ઈ-કક્ષા દ્વારા સુરત જિલ્લાના 50



સરકારી શાળાઓમાં દર વર્ષે 1000 વિદ્યાર્થીઓને લાભ મળશે, જે શિક્ષણની ગુણવત્તામાં વધારો કરવાની સાથે યુવા વિદ્યાર્થીઓને મૂળભૂત ડિજિટલ કૌશલ્યોથી સજ્જ બનાવશે. આજના ડિજિટલ યુગમાં ડિજિટલ સાક્ષરતા શિક્ષણ, રોજગાર, સંચાર અને નાગરિક સહભાગિતાનું મહત્વપૂર્ણ આધારસ્તંભ બની ગઈ છે, અને આ પહેલનો ઉદ્દેશ એ સુનિશ્ચિત કરવાનો છે કે કોઈપણ વિદ્યાર્થી આ ક્ષેત્રમાં પાછળ ન રહી જાય.ઉદ્ઘાટન પ્રસંગે ગુજરાતના માનનીય ઉપ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું, "ડિજિટલ સાક્ષરતા એ પાયો છે જેના આધારે આપણા બાળકો પોતાનું ભવિષ્ય ઘડશે, અને દરેક બાળક, ભલે તે શહેરમાં રહેતો હોય કે ગામમાં, તેને શીખવાની સમાન તક મળવી જોઈએ.

## પહેલી નોકરી પર મળશે ₹15,000ની ભેટ!

# EPFOની આ સ્કીમ વિશે તમે નહીં જાણતા હોવ!

(એજન્સી) નવી દિલ્હી | તા.19

એમ્પ્લોયીઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન (EPFO) દ્વારા સંચાલિત આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય દેશના યુવાનોને ઔપચારિક રોજગાર સાથે જોડવાનો અને તેમને EPF સિસ્ટમમાં આવકારવાનો છે.ઔપચારિક ક્ષેત્રમાં (formal sector) પોતાની પ્રથમ નોકરી શરૂ કરી રહેલા યુવાનો માટે કેન્દ્ર સરકાર તરફથી સારા સમાચાર છે. 'પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના' (PM-VBRY) હેઠળ, પ્રથમ વખત નોકરીમાં જોડાતા પાત્ર કર્મચારીઓને 15,000 સુધીનું પ્રોત્સાહન (incentive) આપવામાં આવી રહ્યું છે. ઔપચારિક ક્ષેત્રમાં (formal sector) પોતાની પ્રથમ નોકરી શરૂ કરી રહેલા યુવાનો માટે કેન્દ્ર સરકાર તરફથી સારા સમાચાર છે. 'પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના' (PM-VBRY) હેઠળ, પ્રથમ વખત નોકરીમાં જોડાતા પાત્ર કર્મચારીઓને 15,000 સુધીનું પ્રોત્સાહન (incentive) આપવામાં આવી રહ્યું છે. એમ્પ્લોયીઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન (EPFO) દ્વારા સંચાલિત આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય દેશના યુવાનોને ઔપચારિક રોજગાર સાથે જોડવાનો અને તેમને EPF સિસ્ટમમાં આવકારવાનો છે.જો કે, આ 15,000નું પ્રોત્સાહન દરેકને એકસાથે (એકમુક્ત રકમ તરીકે) આપવામાં આવશે નહીં, અને તે આપમેળે પણ મળશે નહીં. આ માટે સરકાર અને EPFOએ ચોક્કસ શરતો, પગારની મર્યાદાઓ અને સેવાના સમયગાળાની જરૂરિયાતો નક્કી કરી છે.આ યોજના હેઠળ કઈ નોકરીઓ આવરી લેવામાં આવી છે? : આ યોજના 1 ઓગસ્ટ, 2025 અને 31 જુલાઈ, 2027ની વચ્ચે સર્જાયેલી નવી નોકરીઓ માટે લાગુ પડે છે. જો કર્મચારીનો EPF-નિર્ધારિત માસિક પગાર 1 લાખ સુધી હોય, તો તે કર્મચારીને પાત્ર ગણવામાં આવશે. પ્રોત્સાહનની રકમ કર્મચારીના એક મહિનાના EPF-નિર્ધારિત પગાર જેટલી હશે (જેની મહત્તમ મર્યાદા 15,000 છે). 15,000ના પ્રોત્સાહન માટે કોણ પાત્ર છે? : PM-VBRYના 'ભાગ-A' (Part-A) હેઠળ પ્રોત્સાહન મેળવવા માટે, કર્મચારીનું પ્રથમ વખત EPF સભ્ય બનવું ફરજિયાત છે. પાત્રતાના મુખ્ય માપદંડો નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા છે: પ્રોત્સાહનની રકમ પાત્ર પગારના આધારે નક્કી કરવામાં આવે છે; તેથી, દરેકને 15,000ની નિશ્ચિત રકમ મળશે જ તેવું નથી. વધુમાં, બીજો હપ્તો કદાચ તરત જ રોકડ તરીકે ઉપાડી શકાશે નહીં; માર્ગદર્શિકા અનુસાર, તેને ચોક્કસ સમયગાળા માટે યોગ્ય બચત સાધન અથવા ડિપોઝિટ ખાતામાં રાખવો પડી શકે છે.

# બાળકોના શારીરિક અને માનસિક વિકાસ માટે આ પ્રવૃત્તિઓ જરૂરી







**બાળપણમાં બાળકોને જે પણ શીખવવામાં આવે છે તે તેમને પછીના જીવનમાં મદદ કરે છે અને તેમને વધુ સારી વ્યક્તિ બનાવે છે. આ સાથે આ સમયગાળા દરમિયાન તેમના શારીરિક અને માનસિક વિકાસ માટે ઘણી બાબતોનું ધ્યાન રાખવું ખૂબ જ જરૂરી છે.**

## બાળકોના ભવિષ્યને સુધારવા માટે શિક્ષણ મહત્વપૂર્ણ

બાળકોના ભવિષ્યને સુધારવા માટે શિક્ષણ ખૂબ જ મહત્વપૂર્ણ છે, ત્યારે તેમના યોગ્ય શારીરિક અને માનસિક વિકાસ માટે શારીરિક પ્રવૃત્તિ પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. પરંતુ આજકાલ બાળકો મોટે ભાગે મોબાઈલ ફોન અને લેપટોપ પર ગેમ રમે છે. જેના કારણે તેમના વિકાસ પર પણ પ્રતિકૂળ અસર પડી શકે છે. તેથી, તમારે બાળપણથી જ બાળકોને કેટલીક પ્રવૃત્તિઓ માટે પ્રોત્સાહિત કરવા જોઈએ, જેથી તે તેમની આદત બની જાય.

## માનસિક સ્વાસ્થ્ય માટે ફાયદાકારક

રમતગમત અને અન્ય શારીરિક પ્રવૃત્તિઓ બાળકના સ્વાસ્થ્ય માટે સારી છે. આનાથી બાળકોના હાડકાં અને સ્નાયુઓનો વિકાસ થાય છે અને શરીર લચીલું બને છે. બલ્કે, તે માનસિક સ્વાસ્થ્ય માટે પણ ફાયદાકારક સાબિત થાય છે. આ સિવાય રમતગમતથી બાળકોમાં સ્થૂળતાનું જોખમ પણ ઓછું થાય છે, જે પાછળથી ઘણી બીમારીઓનું કારણ બને છે.

**દોડવું અને કૂદવું |** બાળકોના શારીરિક વિકાસ માટે દોડવું અને કૂદવું ખૂબ જ ફાયદાકારક છે. તેથી, બાળકોને દોડવાની સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે કહો. આ સિવાય બાળકોને દોરડા કૂદવા જેવી પ્રવૃતિ કરવા માટે પ્રેરિત કરો. દોરડા કૂદવાથી પણ ઊંચાઈ વધારવામાં મદદ મળી શકે છે.

## સાયકલિંગ

બાળકો માટે પણ સાયકલ ચલાવવી ખૂબ જ ફાયદાકારક છે. તેથી, બાળકોને સાયકલ ચલાવવા માટે પ્રોત્સાહિત કરો. સાયકલિંગ એ એક સારી કાર્ડિયો વર્કઆઉટ છે. આ પગના સ્નાયુઓને મજબૂત બનાવવામાં મદદ કરે છે.

**યોગ અને કસરત |** સ્વસ્થ રહેવા માટે યોગ કે કસરત કરવાની સલાહ આપવામાં આવે છે. આવી સ્થિતિમાં, તમારે બાળપણથી જ બાળકને યોગ કે કસરત કરવા માટે પ્રેરણા આપવી જોઈએ. યોગ માત્ર કસરત માટે જ નહીં પરંતુ માનસિક સ્વાસ્થ્ય માટે પણ ફાયદાકારક સાબિત થાય છે.

**આઉટડોર પ્રવૃત્તિ |** તમારા બાળકોને ક્રિકેટ, ફૂટબોલ, હોકી, રગ્બી, પોલો, કાર રેસિંગ, બાઈક રેસિંગ, કબડ્ડી, ખો-ખો, વોલીબોલ, ગિલ્લી-દંડા, બેડમિન્ટન, ટેનિસ, બાસ્કેટબોલ અને હોકી જેવી આઉટડોર પ્રવૃત્તિઓ રમવા માટે પ્રેરિત કરો. આ ચોક્કસપણે શારીરિક વિકાસમાં મદદ કરે છે. આ સિવાય બાળકમાં આત્મવિશ્વાસ પણ વધે છે.



# સવારે ખાલી પેટે ખાઓ આ ફળ, BPના દર્દીઓને જબરદસ્ત ફાયદો

તમે સવારે ખાલી પેટ ઘણા ફળો ખાઈ શકો છો. પરંતુ ખાલી પેટે ફળોનું સેવન ખૂબ જ સમજી-વિચારીને કરવુ જોઈએ. જ્યારે ખાલી પેટ પર કેટલાક ફળો ખાવાનું ટાળવાની સલાહ આપવામાં આવે છે. જો હાઈ બ્લડ પ્રેશરના દર્દીઓ સવારે ખાલી પેટે દૂધ સાથે 2 પાકેલા કેળા ખાય તો તેમના માટે ફાયદાકારક રહેશે. કેળા એક એવું ફળ છે જે દરેક ઋતુમાં સરળતાથી મળી રહે છે. સવારે ખાલી પેટ દૂધ અને કેળા ખાવાથી હાઈ બ્લડ પ્રેશર સહિત અનેક બીમારીઓનો ખતરો ઓછો થઈ જાય છે. ખાલી પેટે દૂધ સાથે કેળું ખાવું સારું માનવામાં આવે છે. આનાથી શરીરને પુષ્કળ એનર્જી અને પોષક તત્વો મળે છે. કેળામાં પોટેશિયમ સારી માત્રામાં હોય છે. જે બીપીને કંટ્રોલ કરવામાં કારગર સાબિત થાય છે. કેળામાં વિટામિન B6 અને વિટામિન C પણ હોય છે. દૂધમાં કેલ્શિયમ, મેગ્નેશિયમ, ફોસ્ફરસ, પોટેશિયમ, સેલેનિયમ અને ઝિંક જેવા ગુણો હોય છે. એટલે કે, જો તમે કેળાને દૂધ સાથે ખાઓ તો તે વધુ ફાયદાકારક બને છે. નાસ્તામાં કેળા અને દૂધ ખાવાથી દિવસભર એનર્જી જળવાઈ રહે છે.



**બ્લડ પ્રેશર રહેશે નિયંત્રણમાં |** હાઈ બીપીના દર્દીઓ સવારે ખાલી પેટ નાસ્તામાં દૂધ અને કેળા ખાઈ શકે છે. આ શરીરને પોટેશિયમ પ્રદાન કરશે જે બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. તેથી કેળા અને દૂધને બીપીના દર્દીઓ માટે સારું માનવામાં આવે છે, એવું કહેવાય છે કે દૂધ અને કેળા ખાવાથી પણ સ્થૂળતા વધે છે. જો તમે પાતળા થવાથી પરેશાન છો તો રોજ સવારે નાસ્તામાં કેળાનો શેક બનાવીને પીવો. દૂધ અને કેળાના મિશ્રણમાં ભરપૂર માત્રામાં કેલરી હોય છે જે વજન વધારે છે.

**મજબુત બને છે હાડકા |** દૂધ અને કેળા ખાવાથી શરીરને કેલ્શિયમ, પ્રોટીન અને અન્ય જરૂરી વિટામિન્સ મળે છે. તેનાથી હાડકાની તંદુરસ્તી સુધરે છે. હાડકાંને મજબૂત કરવા માટે તમે કેળા અને દૂધ પી શકો છો. જ્યારે તમે નાસ્તામાં કેળા અને દૂધ ખાઓ છો, ત્યારે તે તમારા ચયાપચયને ઝડપી બનાવે છે. પ્રોટીન અને કોમ્પ્લેક્સથી ભરપૂર કેળા અને દૂધ તમારી મેટાબોલિક સિસ્ટમને મજબૂત બનાવે છે.

**પાચનમાં થાય છે સુધારો |** પાકેલા કેળા પેટ માટે પણ સારા માનવામાં આવે છે. તે પાચન સુધારે છે. દૂધ અને કેળા ખાવાથી પેટની સમસ્યા ઓછી થાય છે. દૂધ અને કેળા પચવામાં સરળ છે.

# ખજૂરને રોજ ઘીમાં ભેળવીને ખાવાથી થશે અનેક ફાયદા, આયર્નની ઉણપ થશે દૂર

**ખજૂર ઘણા પોષક તત્વોથી ભરપૂર ડ્રાય ફ્રુટ છે. તેનો ઉપયોગ તેની કુદરતી ખાંડ માટે ઘણી વાનગીઓમાં ખાંડના વિકલ્પ તરીકે પણ થાય છે. તેને ખાવાથી ઘણા સ્વાસ્થ્ય લાભ મળે છે, પરંતુ જો તમે તેને ઘી સાથે ખાઓ તો તેના ફાયદા બમણા થઈ જાય છે. ઘીની સમૃદ્ધિ સાથે, ખજૂર વધુ આરોગ્યપ્રદ બને છે.**



**આયર્નની ઉણપ કરશે દૂર |** ઘી ઉમેરવાથી ખજૂરમાં આયર્નનું પ્રમાણ વધે છે, જે વધુ સારી રીતે શોષણને પ્રોત્સાહન આપે છે અને શરીરમાં આયર્નની ઉણપને અટકાવે છે.

**ત્વચાને રાખશે સ્વસ્થ |** ખજૂર અને ઘીનું મિશ્રણ ત્વચાના સ્વાસ્થ્ય માટે જરૂરી પોષક તત્વો પ્રદાન કરે છે. તે ત્વચાને ચમકદાર બનાવે છે, રંગમાં વધારો કરે છે અને વૃદ્ધત્વના સંકેતોને અટકાવે છે.

**રોગપ્રતિકારક શક્તિ વધારશે |** ખજૂરમાં હાજર પોષક તત્ત્વો, ઘીના એન્ટિ-માઈક્રોબાયલ ગુણો સાથે મળીને, રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવવામાં મદદ કરે છે, જે શરીરને ચેપ સામે લડવામાં મદદ કરે છે.

**પાચનતંત્રને સ્વસ્થ રાખવામાં ઉપયોગી |** ખજૂરમાં ભરપૂર પ્રમાણમાં ફાઈબર હોય છે, જે પાચનમાં મદદ કરે છે અને કબજિયાતને અટકાવે છે. સાથે જ ઘીના લુબ્રિકેટિંગ ગુણો પાચનતંત્રને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે.

**હૃદયને સ્વસ્થ રાખવામાં થશે મદદરૂપ |** ખજૂરમાં પોટેશિયમ હોય છે, જે બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. ઉપરાંત, મર્યાદિત માત્રામાં ઘીનું સેવન કરવાથી શરીરને સારી ચરબી મળે છે, જે હૃદયને સ્વસ્થ બનાવવામાં મદદ કરે છે.

**હાડકાના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક |** ખજૂર કેલ્શિયમ, ફોસ્ફરસ અને મેગ્નેશિયમ જેવા ખનિજોનો સારો સ્ત્રોત છે. તે જ સમયે, ઘી હાડકાની ઘનતા અને એકંદર આરોગ્યને સુધારવામાં મદદ કરે છે.

**તણાવ અને બળતરાને દૂર કરવામાં મદદરૂપ |** ખજૂર અને ઘી બંનેમાં એન્ટીઑકિસડન્ટ ગુણધર્મો છે, જે શરીરમાં ઓક્સિડેટીવ તણાવ અને બળતરાને દૂર કરવામાં મદદ કરે છે.

# શું તમને નેગેટિવ વિચારો આવે છે ? આ ટિપ્સને ફોલો કરો



## નકારાત્મક વિચારો આવે ત્યારે શું કરવું?

જ્યારે કોઈ નકારાત્મક વિચાર તમારા મનમાં વારંવાર દોડતો હોય, ત્યારે શાંતિથી બેસો, ઊંડો શ્વાસ લો અને બે ઘૂંટ પાણી પી લો. આ સમય દરમિયાન તમે થોડો સમય આરામ કરી શકો છો અને ઊંડા શ્વાસ લઈ શકો છો. તમારે શ્વાસને એવી રીતે લેવો જોઈએ કે સ્ટ્રો દ્વારા પીણું પીતી વખતે પાઉટ બને છે અને પછી આરામ કરતી વખતે ધીમે-ધીમે શ્વાસ બહાર કાઢો. ઓછામાં ઓછી એક મિનિટ માટે આ પ્રક્રિયાને પુનરાવર્તિત કરવાથી તમે એકદમ હળવાશ અનુભવશો. તમારી અંદરના નેગેટિવ વિચારોને ઘટાડવા અને પોઝિટિવ વિચારસરણીને પ્રોત્સાહન આપવા માટે તમે કેટલાક પોઝિટિવ શબ્દોને વારંવાર પુનરાવર્તન કરીને કરી શકો છો, જેમ કે હું શ્રેષ્ઠ છું, હું સફળ છું, હું આ કામ સારી રીતે કરી શકું છું. હું મારા કામમાં સારો છું. હું ધીરે ધીરે આગળ વધી રહ્યો છું, મને કોઈના ખરાબ શબ્દોની પરવા નથી. આનાથી તમે સકારાત્મક વિચારને પ્રોત્સાહન આપી શકશો. પોઝિટિવ રહેવા માટે સ્વસ્થ રહેવું ખૂબ જ જરૂરી છે, જ્યારે તમે સ્વસ્થ રહેશો, ત્યારે તમે માનસિક રીતે એક્ટિવ ફિલ કરશો. તેથી તમારા દિનચર્યામાં થોડો સમય માટે ધ્યાન, જોગિંગ અને સવારે કુદરત સાથે સમય વિતાવવો એટલે ગાર્ડનમાં ઘાસ પર ચાલવું, રાત્રે સંપૂર્ણ ઊંઘ મેળવો. યોગ્ય સમયે પથારીમાં જવું અને સવારે યોગ્ય સમયે જાગવું, સંતુલિત આહાર લેવો, પુષ્કળ પાણી પીવું, સોશિયલ મીડિયાથી થોડું અંતર રાખવું જેવા પગલાં લો. મોટાભાગના નેગેટિવ વિચારો લોકોના મગજમાં ત્યારે આવે છે, જ્યારે તેઓ કોઈ કામ કરતા ન હોય અથવા કામ તેમની પસંદનું ન હોય. તેથી તમારો સમય તમને ગમે તે જગ્યાએ વિતાવો. જેમ કે ગાર્ડનિંગ માટે સમય કાઢવો, સંગીત સાંભળવું કે શીખવું, ચિત્ર દોરવું, નૃત્ય કરવું, આ બધી બાબતો પણ તણાવ દૂર કરવામાં મદદરૂપ થાય છે.

# જય વિજયા દશમી



- રુપાલી દવે

દસમે દસ અવતાર જય વિજયા દશમી,

માઁ જય વિજયા દશમી,
રામે રામ રમડીયા રાવણ રોળિયો મા,

ઓમ જયો જ્યો માં જગદમ્બા..
દર વર્ષે નવ નોરતા ની પૂર્ણાહુતિ બાદ વિજયા દશમી આવે છે પરંપરા અનુસાર ફટાકડા ભરેલા રાવણ નું દહન થાય છે.રાવણ દહન થતો જોતી વખતે આપણા બધા ના મનમાં “અધર્મ પર ધર્મ” ના વિજય વાળી એક જ વાત રમ્યા કરતી હોય છે. વાલ્મીકી રામાયણ અને તુલસી રામાયણ ના અમુક ગૂઢ રહસ્યો એવા છે કે જેમાં ધરા પુત્રી સીતાજી ના પરાક્રમ નું વર્ણન કરવામાં આવ્યું છે. ભલે દેખાવે સ્ત્રીનું શરીર નાજુક નમણું અને મન વધારે લાગણીશીલ હોય પરંતુ જ્યારે બાળકો અને પતિ ની વાત આવે એ વખત માતા સીતાજી અને માઁ દુર્ગા બની ને અનિવાર્ય અશક્ય કાર્ય કરતા પણ ખચકાતી નથી.ભગવાન રામચંદ્ર જી ના ચૌદ વર્ષ ના વનવાસ દરમિયાન રાવણ નો મોટો ભાઈ સહસ્ત્ર મુખ રાવણ ને એના ગુરુ પાસેથી ભગવાન રામચંદ્રજી ના ધનુષ્ય બાણ થી લંકાપતિ રાવણ ના વધ વાળી વાત ની જાણ થતા એ ગુરુ ગુપ્ત વેશ ધારણ કરીને વન માં આવ્યો.જ્યારે સહસ્ત્ર મુખ રાવણ વન માં આવ્યો ત્યારે ઘટાદાર વૃક્ષ ની નીચે ભગવાન રામચંદ્રજી એના પત્ની સીતાજી ના ખોળા માં માથું રાખીને ગાઢ નિંદ્રા માં પોઢ્યા હતા. સહસ્ત્ર મુખ રાવણ એ ભગવાન રામચંદ્રજી ને ગાઢ નિંદ્રા માં પોઢેલા જોતાજ એના પર ધનુષ્ય છોડી ને મારવા નો પ્રયત્ન કર્યો. જેટલી જેટલી વખત સહસ્ત્ર રાવણ એ ભગવાન રામચંદ્ર જી પર ધનુષ્ય બાણ છોડી ને વધ કરવાની કોશિશ કરી એટલી એટલી વાર માતા સીતા એ પતિ પર આવતા બાણ હાથ થી જીલી ને એના ટુકડા કરી નાખ્યા. જ્યારે સહસ્ત્ર રાવણ ને લાગ્યું કે ધનુષ્ય બાણ કારગત નીવડતા નથી ત્યારે એ ગદા લઈને માતા સીતા તરફ વેગ થી દોડ્યો.અસુર ને વેગ થી આવતો જોતાજ માતા સીતા એ અતિ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી ને ગદા સહિત રાવણ ના મોટાભાઈ સહસ્ત્ર રાવણ ના ચૂરેચૂરા કરી નાખ્યા હતા.સહસ્ત્ર રાવણ નો વધ કર્યા બાદ માતા સીતાજી ઘણા સમય સુધી ઉગ્ર સ્વરૂપે રહ્યાં હતા. ભગવાન રામચંદ્રજી નિંદ્રા માંથી જાગ્યા ત્યારે એણે મૃત સહસ્ત્ર રાવણ નો વધ થયેલો જોતા જ સમજી ગયા કે પત્ની નું જ પરાક્રમ છે. ભગવાન રામચંદ્રજીની દૃષ્ટિ માતા સીતા જી પર પડતાં જ સીતાજી એ પુનઃ સૌમ્ય રૂપ ધારણ કરીને પ્રાર્થના કરી હતી કે પ્રભુ,સહસ્ત્ર રાવણ ના વધ ની કથા નો ઉલ્લેખ ક્યારેય ન થાય એવી કૃપા કરો.

ધરા પુત્રી માતા સીતા એ સ્વયં વૈકુંઠપતિ વિષ્ણુ ભગવાન ના પત્ની માતા લક્ષ્મીજી નું સ્વરૂપ હતા ભગવાન વિષ્ણુ ના રામ અવતાર ના કાર્ય માં સાથ આપવા માટે એ સીતાજી રૂપે પ્રગટ થયા હતા. નવરાત્રિ ના નવ નોરતા ની પૂર્ણાહુતિ અને ભગવાન શ્રી રામચંદ્ર ના વિજય ના લીધે આખો દિવસ વિજય મુહૂર્ત માનવામાં આવે છે.આ દિવસે શુભ કાર્ય અને શુભ પ્રસંગની ખરીદી ઓની શરૂઆત ધામધૂમ થાય છે. વિજયા દશમી ના દિવસે પ્રત્યેક મુહુર્ત શુભ જ માનવા આવે છે,કેમ? આ દિવસે લંકા ને રાવણ ના આતંક થી મુક્ત કરીને રાવણ સહિત એના સમગ્ર રાક્ષસ કૂળ નો નાશ થતા લંકા માં પુનઃ ધર્મ ની સ્થાપના થઈ હતી. લંકાપતિ રાવણ ની નાભિ માં બાણ વાગતા જ એ પડછંદ શરીર સાથે જમીન પર પડ્યો ત્યારે ધરતી કંપ થયો હોય એવી રીતે ધરતી ધણ ધણી હતી. લંકાપતિ ના રાવણ ના આખરી વાક્યો “અસુર કુળ માં જન્મ લીધો એનો અફસોસ બિલકુલ નથી કેમકે લંકાપતિ રાવણ હતો એટલે જ ભગવાન રામચંદ્રજી ના હસ્તે મૃત્યુ બાદ મોક્ષ ની ગતિ પ્રાપ્ત કરીશ” રામાયણ એ માતા,પિતા,દિકરા,પત્ની અને પતિ ધર્મ ની ફરજ વર્ણવતો પવિત્ર ગ્રંથ છે.સાવકી માં કૈકૈય ની આજ્ઞા “ચૌદ વર્ષ વનવાસની”વિના પ્રશ્ન પૂછે ભગવાન રામચંદ્રજી એ સ્વીકારી હતી.પતિ ની આજ્ઞા ને અનુસરી ને માતા સીતા એ મૂળ સ્વરૂપ અગ્નિ ની અંદર ત્યજી ને છાયા સ્વરૂપ ધારણ કરી લીધું હતું.લક્ષ્મણ અને ભરત એ સિંહાસન ના મોહ નો ત્યાગ કરી ને મોટાભાઈ ના પથ ચિન્હ નું અનુસરણ કર્યું હતું.

મનુષ્ય એ નાસ્તિક કે આસ્તિક સ્થિતિ માં પણ ભગવાન નું સતત સ્મરણ કરવું જોઈએ.રાવણ,કંસ, કુંભકર્ણ, અજાસુર,બકાસુર વગેરે અસુરો ઊઠતા બેઠતા સતત વેર વૃતિ ના ભાવે ભગવાન નું સમરણ કરતા હતા એટલે તો મૃત્યુ બાદ મોક્ષ ની ગતિ મેળવી હતી.જો તમે રાવણ ના દસ માથા ને તાર્કિક દૃષ્ટિ થી સમજશો તો સમજાશે કે દસ માથા એટલે મનુષ્ય માં રહેલ દસ અવગુણ જેના પર જીવંત પર્યંત આપણે કાબુ મેળવી શકતા નથી.વિજયા દશમી ના દિવસે રાવણ નું પૂતળું તો ફટકડા ભરી ફોડયે છીએ પરંતુ આપણા માં રહેલા દસ અવગુણ પર કાબુ મેળવવા સહેજ પણ પ્રયત્ન કરતા નથી હોતા. સાથે વિદાઈ લેતા નથી.મોટાભાગ ના લોકો એના બાળકો ને રાવણ દહન નિહાળવા સાથે લઈને આવે છે ત્યારે એને શું સાચું અને ખોટું સમજાવવા ને બદલે ફૂટતા ફટાકડા ની આતશ બાજી દેખાડવામાં વ્યસ્ત જોવા મળશે.નોરતા ના નવ દિવસ દરમિયાન શક્તિ આરાધના નું પ્રમાણ ઘટ્યું છે એ જોતા લાગે છે કે “ધર્મ” નું અસ્તિત્વ ધરા પરથી ઘટ્યું થયું છે ને અધર્મ નું પ્રમાણ વધ્યું છે.દિવાળી અને મકર સંક્રાતિના તહેવાર ની માફક નવરાત્રી તહેવાર ના કેન્દ્ર માં આરાધના અને શક્તિ ઉપાસનાને બદલે મોજ શોખ અને આનંદ ઉત્સાહ વધારે બન્યો છે. નવરાત્રિના નવ દિવસ ના ઉપવાસ અને એક ટાઈમ જમી ને થતા વ્રત ની પૂર્ણાહુતિ બાદ માતાજી ને ધરાવેલ નૈવેદ્ય આરોગી પારણાં તો થાય છે પણ મન ની અંદર રહેલ ક્લેશો દૂર થતા નથી.રાવણ નું પૂતળું ફૂટતા ફટાકડા ના ગડ ગડાટ અને જલેબી ગાંઠિયા ની મોજમાં વિજયા દશમીનો તહેવાર ધામધૂમ ઠેર ઠેર ઉજવાય છે. આ ઉપરાંત “ગરીબી” શબ્દ ભારત ની જનતા ના જીવન નો પ્રારબ્ધ કે નસીબ બની ગયો છે.દસ માંથાળા રાવણ વાળી માનસિકતા “મારું અને હું” એ ભારતની રાજગાદી પર બેસનાર બધા માં એટલું હાવી થઈ જાય છે ને કે “અહમ્ બ્રહ્માસ્મિ” બની ગયા બાદ શાસક જમીન પર નજર કરતા જ નથી.વિજયા દશમી નો તાર્કિક સંદેશ એ છે કે મનુષ્ય એ એના જન્મ જાત દસ સ્વભાવ માંથી બની શકે એટલા જલ્દી “રામ નામ” ની ચાવી થી વિજય મેળવવો જોઈએ. મોક્ષ એ ઈશ્વર કૃપા વગર મળતો નથી રામ નામ ની માળા જ ઈશ્વર કૃપા નો માર્ગ છે.

રામ સભા માં અમે રમવા ને ગ્યાતા ચુટકી ભરીને રસ પીધો રે





# શાહરુખ પર ગુસ્સે થયેલા સની દેઓલે જીન્સ ફાડી નાખ્યું

## અનિલ કપૂરનું ગળું દબાવ્યું; ઝઘડામાં પગમાં સળિયો ઘૂસી ગયો, જાણો રિયલ લાઇફના 'ગદર' કિસ્સા

(એજન્સી) મુંબઈ | તા.19

'ગેંગ્સ ઑફ વાસેપુર' જેવી કલ્ટ ફિલ્મો બનાવનારા ડિરેક્ટર અનુરાગ કશ્યપ પોતાની કારકિર્દીની શરૂઆતમાં સંઘર્ષ કરી રહ્યા હતા. આ જ સમયગાળામાં તેમને એક ફિલ્મ ડિરેક્ટ કરવાની તક મળી. અનુરાગ આ વાર્તા લઈને હિન્દી સિનેમાના એક દિગ્ગજ એક્ટર પાસે પહોંચી ગયા. વાર્તા સાંભળતાં જ એક્ટરની આંખોમાં કામ કરવાની ચમક પાછી આવી ગઈ. તેમણે કહ્યું, "બેટા, ઘણો સમય થઈ ગયો છે મારા ચહેરા પર મેકઅપ લાગ્યો નથી. તારી વાર્તા ખૂબ સારી છે, કરીએ."

દિગ્ગજ એક્ટર સાથે કામ કરવું અનુરાગ માટે કોઈ સપનું સાકાર થવા જેવું હતું, પરંતુ ત્યારે જ વાર્તામાં એક ટ્વિસ્ટ આવ્યો. એક્ટરના દીકરાને ખબર પડી કે ફિલ્મના અંતમાં તેના પિતાના પાત્રનું મૃત્યુ થઈ જાય છે. તેણે તરત જ પોતાના પિતાને ફિલ્મમાં કામ કરવાની ના પાડી દીધી. અનુરાગે જ્યારે તેનું કારણ પૂછ્યું, ત્યારે પુત્રે નિઃસંકોચ કહ્યું, "Deols don't die એટલે કે દેઓલ્સ મરતા નથી."

આ એક્ટર ધર્મેન્દ્ર હતા અને તેમને ફિલ્મમાં કામ કરતાં રોકનાર તેમના દીકરા સની દેઓલ હતા. આજે સની દેઓલના 69મા જન્મદિવસે જાણીએ તેમની જિંદગીના આવા જ કેટલાક વણકહ્યા પ્રસંગો

વર્ષ હતું 1961 અને સની દેઓલ માત્ર 4 વર્ષના હતા. એક દિવસ તેમના ઘરે એવી વ્યક્તિ આવી, જેને જોઈને નાનકડા સનીને ગુસ્સો આવી ગયો. તેમણે એર ગન ઉઠાવી અને આખા ઘરમાં ફરવા લાગ્યા. જ્યારે માતા પ્રકાશ કૌરે પૂછ્યું કે, આખરે તે શું કરી રહ્યા છે, ત્યારે સની ગુસ્સામાં બોલ્યા, "હું તેને ગોળી મારીશ. તેણે ફિલ્મમાં મારા પપ્પાને માર્યા હતા."

વાસ્તવમાં, સનીએ તેમના પિતા ધર્મેન્દ્રની 1961માં આવેલી ફિલ્મ 'શોલા ઔર શબનમ' જોઈ હતી. ફિલ્મમાં એક્ટર એમ. રાજને ધર્મેન્દ્રના પાત્ર સાથે મારપીટ કરી હતી. નાનકડા સનીના મનમાં આ વાત ઘર કરી ગઈ કે આ વ્યક્તિએ તેમના પપ્પાને માર્યા છે. તેમને એ સમજાયું નહીં કે પડદા પર દેખાતી લડાઈ માત્ર અભિનય હતો.

સંયોગવશ થોડા સમય બાદ એમ. રાજન વાસ્તવિક જીવનમાં ધર્મેન્દ્રને મળવા મુંબઈના ખાર વિસ્તારમાં આવેલા તેમના ઘરે પહોંચ્યા. તેમને જોતાં જ સનીને ફિલ્મનો એ જ સીન યાદ આવી ગયો.

સની દેઓલ બાળપણથી જ ખૂબ તોફાની હતા. તેમને કાર ચલાવવાનો એટલો શોખ હતો કે માત્ર 12-13 વર્ષની ઉંમરે જ તેમણે છૂપી રીતે કાર ચલાવવાનું શરૂ કરી દીધું હતું. શરૂઆતમાં તેઓ ડ્રાઈવરના ખોળામાં બેસીને પણ કાર ચલાવતા હતા.

સનીએ 'આપ કી અદાલત' જેવા અનેક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, જ્યારે ઘરના બધા લોકો સૂઈ જતા, ત્યારે તેઓ ચુપચાપ ગાડીની ચાવી લઈને ગાડી ચલાવીને નીકળી જતા હતા. આ દરમિયાન તેમણે ઘણી વખત ગાડીઓને ટક્કર પણ મારી હતી. 'મેશેબલ ઈન્ડિયા'ને આપેલા એક ઈન્ટરવ્યૂમાં સનીએ જણાવ્યું હતું કે, તેઓ પોતાની કારમાં તલવારો, ધાતુની સળિયા અને હોકી સ્ટિક રાખતા હતા.

### સની દેઓલના પગમાં સળિયો ઘૂસી ગયો હતો

જોરદાર સંવાદો અને એક્શન માટે જાણીતા સનીની અસલ જિંદગીમાં પણ ઘણી વખત લડાઈઓ થઈ હતી. સનીની એક લડાઈ એટલી ખતરનાક હતી કે, તેઓ એકલા અનેક લોકો સાથે ભીડાઈ ગયા હતા અને તેમના પર સળિયાથી હુમલો કરવામાં આવ્યો હતો.

સનીએ રણવીર અલાહબાદિયાના પોડકાસ્ટમાં જણાવ્યું હતું કે, એક લડાઈમાં તેમના પગમાં સળિયો ઘૂસી ગયો હતો. આ લડાઈ અહંકારને કારણે શરૂ થઈ હતી. તે સમયે તેઓ એકલા લડી રહ્યા હતા, જ્યારે તેમની સાથે આવેલા લોકો ડરના માર્યા કારમાં જ બેઠા રહ્યા હતા.

સનીએ કહ્યું હતું કે, ભગવાનની કૃપા હતી કે તેમના માથા પર કોઈ ગંભીર ઈજા થઈ નહોતી. તેમણે એમ પણ કહ્યું હતું કે, કોઈએ પણ આવી લડાઈઓમાં પડવું જોઈએ નહીં.

### પોતાની ભૂલ હતી ત્યારે સનીએ માફી પણ માંગી હતી

સની દેઓલે રણવીર અલાહબાદિયાના પોડકાસ્ટમાં સ્કૂલના દિવસોની એક ઘટના જણાવી હતી. તેમણે જણાવ્યું કે, તે સમયે તેઓ મિત્રો સાથે કારમાં જઈ રહ્યા હતા. રસ્તામાં તેમને એક સુંદર છોકરી દેખાઈ. સનીએ તેને જોઈને કંઈક કહી દીધું. જોકે, તેમનો ઈરાદો ગેરવર્તણુક કરવાનો નહોતો, પરંતુ મિત્રો સાથે મસ્તી કરવાનો હતો.

આ પછી સની પોતાના મિત્રના ઘરે પહોંચ્યા. ત્યારે પાછળથી એક કાર આવી અને તેમની પાસે આવીને ઊભી રહી. કારમાંથી એક છોકરો નીચે ઉતર્યો અને સનીને પ્રશ્ન કરવા લાગ્યો. સનીએ તેને પૂછ્યું, 'તું કોણ છે?' આ અંગે છોકરાએ જવાબ આપ્યો કે, તે એ જ છોકરીનો ભાઈ છે, જેને સનીએ રસ્તામાં જોઈને કંઈક કહ્યું હતું.

સનીએ જણાવ્યું કે આ પછી તેમણે એ છોકરાને કહ્યું, 'હું ખોટો છું. જો તું મને મારવા માગતો હોય, તો મારી લે. મેં તારી બહેનને કંઈક કહ્યું છે, તો મારી ભૂલ છે.'

સનીએ કહ્યું કે, જ્યારે તેમને પોતાની ભૂલનો અહેસાસ થયો, ત્યારે તેમણે તેને સ્વીકારવામાં મોડું કર્યું નહીં. તેમના કહેવા મુજબ, તેઓ હંમેશાંથી આવા જ રહ્યા છે. જો ભૂલ પોતાની હોય, તો તેને સ્વીકારવી જોઈએ.

### ક્રિકેટ મેચમાં થઈ લડાઈ, પોલીસ સનીને પોતાની સાથે લઈ ગઈ

ફિલ્મોમાં આવતા પહેલાં સની દેઓલનો ગુસ્સો એકવાર ક્રિકેટ મેચ દરમિયાન ફાટી નીકળ્યો હતો. મામલો એટલો વધી ગયો કે પોલીસને વચ્ચે આવવું પડ્યું.

રણવીર અલાહબાદિયાના પોડકાસ્ટ પર સનીએ આ કિસ્સા વિશે જણાવ્યું હતું. હકીકતમાં, સની લગભગ 20 વર્ષના હતા. તેમણે ફિલ્મોમાં ડેબ્યૂ પણ કર્યું ન હતું. એક દિવસ તેઓ પોતાના મિત્રો સાથે ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની ક્રિકેટ મેચ જોવા પહોંચ્યા હતા. સની નૉર્થ સ્ટૅન્ડમાં બેઠા હતા. ત્યારે ત્યાં હાજર કેટલાક લોકોને ખબર પડી કે તેઓ ધર્મેન્દ્રના દીકરા છે. ત્યાર બાદ લોકો તેમને પરેશાન કરવા લાગ્યા. વાત ત્યારે બગડી ગઈ, જ્યારે કેટલાક લોકોએ તેમના પર સિગારેટના ટુકડા ફેંકવાનું શરૂ કરી દીધું. સનીને આ હરકત જરાય પસંદ આવી નહીં. તેમણે પોતાનો આપો ગુમાવ્યો અને લોકો સાથે ઝઘડવા લાગ્યા. જોતજોતામાં મામલો મારામારી સુધી પહોંચી ગયો. સનીએ જણાવ્યું હતું કે, તે સમયે તેમને કંઈ સમજાયું નહીં અને તેઓ લડવા લાગ્યા. પરિસ્થિતિ વધુ ખરાબ થતાં પોલીસ ત્યાં પહોંચી હતી. આ ઘટનાને યાદ કરતાં સનીએ કહ્યું હતું કે, જ્યારે કોઈ હદ પાર કરી દે છે, ત્યારે આવી સ્થિતિ સર્જાય છે.

# 'દબંગ' સલમાન 'સુસાઇડલ ડિઝીઝ' સામે પણ હાર્યો નહીં

## શૂટિંગ દરમિયાન થઈ માથામાં ઈજા; હર્નિયા, ટ્રાઈજેમિનલ ન્યુરાલ્જિયા અને બ્રેઇન એન્યુરિઝમથી પીડિત

(એજન્સી) મુંબઈ | તા.19

સલમાન ખાને બુધવારે શો 'કોફી વિથ કરણ 9'માં જણાવ્યું કે ફિલ્મ 'સુલતાન'ના શૂટિંગ દરમિયાન તેના માથામાં ઈજા થઈ હતી. 'દબંગ' સ્ટારે જણાવ્યું કે, તેને હર્નિયાની તકલીફ થઈ હતી અને તેના એક ખભામાં પણ ઈજા થઈ હતી. આ ઉપરાંત, તેના ઘૂંટણ અને પીઠમાં પણ ઈજાઓ થઈ હતી. એક્ટરે ટ્રાઈજેમિનલ ન્યુરાલ્જિયા અને બ્રેઈન એન્યુરિઝમનો પણ ઉલ્લેખ કર્યો. તેણે કહ્યું કે, આ તકલીફો છતાં તે પોતાની સ્થિતિને ફિટ ન રહેવાનું બહાનું માનતો નથી.

આ પહેલાં, જૂન 2025માં 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શર્મા શો'માં સલમાને જણાવ્યું હતું કે તેને AV માલફોર્મેશનની સમસ્યા છે.

સલમાન લાંબા સમય સુધી ટ્રાઈજેમિનલ ન્યુરાલ્જિયા નામની ગંભીર બીમારીથી પીડાઈ ચૂક્યો છે. ટ્રાઈજેમિનલ ન્યુરાલ્જિયા ચહેરાની નસ સાથે જોડાયેલી એક એવી સમસ્યા છે, જેમાં અચાનક ખૂબ જ તીવ્ર દુખાવો થઈ શકે છે. આ દુખાવો ચહેરાની એક બાજુ, ગાલ, જડબા અથવા આંખની આસપાસ અનુભવાઈ શકે છે. ઘણી વાર ચહેરાને સ્પર્શ કરવાથી, દાંત સાફ કરવાથી, ખોરાક ચાવવાથી અથવા બોલવાથી પણ દુખાવો શરૂ થઈ જાય છે. કેટલાક લોકોને એવું લાગે છે કે જાણે ચહેરા પર વીજળીનો ઝટકો લાગ્યો હોય. દુખાવો થોડી સેકન્ડથી લઈને થોડી મિનિટો સુધી રહી શકે છે. જોકે, દરેક દર્દીમાં તેના લક્ષણો એકસરખા હોતા નથી. સલમાનને 2007માં ચહેરાની એક તરફ દુખાવો અનુભવાયો હતો. બાદમાં આ તકલીફ ફરીથી સામે આવી. વર્ષ 2011માં તેણે અમેરિકામાં આ બીમારીની સારવાર માટે સર્જરી કરાવી હતી.

સલમાને સપ્ટેમ્બર 2025માં શો 'ટૂ મચ વિથ કાજોલ એન્ડ ટ્વિંકલ'માં જણાવ્યું હતું કે તે ટ્રાઈજેમિનલ ન્યુરાલ્જિયાના દુખાવા સામે લગભગ સાડા સાત વર્ષ સુધી ઝઝૂમતો રહ્યો. તેણે કહ્યું હતું કે, તે દરમિયાન દુખાવાને કારણે તેની હાલત ખૂબ ખરાબ થઈ જતી હતી. તેણે જણાવ્યું હતું કે, દર 4-5 મિનિટે દુખાવાનો હુમલો આવતો હતો. નાસ્તો કરવામાં તેને લગભગ દોઢ કલાક લાગી જતો અને ત્યારબાદ તે સીધું ડિનર કરતો હતો. એક સામાન્ય ઑમલેટ ખાવામાં પણ ઘણો સમય લાગતો હતો, કારણ કે દુખાવાને કારણે ખાવું મુશ્કેલ બની જતું હતું. દુખાવાની દવાઓ પણ ખાસ રાહત આપતી નહોતી.

શરૂઆતમાં ડૉક્ટરોને લાગ્યું કે સમસ્યા તેમના દાંતમાં છે, પરંતુ બાદમાં જાણવા મળ્યું કે આ નસો સાથે જોડાયેલી બીમારી છે. સલમાને જણાવ્યું કે, તેને પહેલીવાર આ દુખાવો 2007માં ફિલ્મ 'પાર્ટનર'ના શૂટિંગ દરમિયાન અનુભવાયો હતો. તે સમયે લારા દત્તાએ તેના ચહેરા પરથી વાળની એક લટ હટાવી હતી. સલમાને મજાકમાં કહ્યું હતું, "મેં કહ્યું, 'વાહ લારા, કેટલું ઈલેક્ટ્રિફાઈંગ!' અને ત્યાંથી આ બધું શરૂ થયું."



# ટાઈગર શ્રોફ પર ફાયરિંગના આરોપી નેપાળ ભાગી જવાના હતા

## રાજસ્થાન પોલીસે કોટા રેલવે સ્ટેશન પર જ પકડી લીધા; એક બિહારનો, 2 હરિયાણાના યુવકો...

મુંબઈ | મુંબઈમાં અભિનેતા ટાઈગર શ્રોફની કાર પર ગોળીબારના મામલે રાજસ્થાન પોલીસે સોમવારે સવારે 10:30 વાગ્યે ત્રણ આરોપીઓને કોટા રેલવે સ્ટેશન પર પુણે-જયપુર એક્સપ્રેસમાંથી ઉતરતાની સાથે જ કસ્ટડીમાં લીધા.

કોટાના એસપી તેજસ્વિની ગૌતમે જણાવ્યું, 'ઘટના બાદ ત્રણેય મુંબઈથી જયપુર અને દિલ્હી થઈને નેપાળ ભાગવાની ફિરાકમાં હતા. મુંબઈ પોલીસ પાસેથી માહિતી મળ્યા બાદ કોટા પોલીસે માત્ર 15 મિનિટમાં ટ્રેનની તપાસ કરીને ત્રણેયને પકડી લીધા.'

રાજસ્થાન પોલીસે જણાવ્યું કે તેમને લૉરેન્સ ગેંગના અનિલ પંડિતે કોન્ટ્રેક્ટ આપ્યો હતો. 3 શંકાસ્પદોમાંથી 2 હરિયાણાના અને એક બિહારનો રહેવાસી છે. પોલીસનું કહેવું છે કે તેમાંથી બેએ ગોળીબાર કર્યો હતો.

ટાઈગરને ગોળી વાગી નહોતી, પરંતુ તેમના ડાબા હાથમાં ગનપાઉડર અને કાચના ટુકડાઓથી ઈજા થઈ છે. ગોળીબારમાં તેમના ડ્રાઈવરને પણ ઈજા થઈ. ટાઈગરની કાર પર સાંજે 7 વાગ્યે 3 લોકોએ ગોળીબાર કર્યો હતો. તેની જવાબદારી લૉરેન્સ ગેંગે લીધી છે. 4 વર્ષમાં સલમાન ખાન સહિત 8 સેલિબ્રિટીઝ પર હુમલો થઈ ચૂક્યો છે.

ટાઈગર પર ફાયરિંગના બે આરોપી હરિયાણાના રહેવાસી:સોનીપતના હોવાનું જણાવાયું; ફાયરિંગની જવાબદારી લેનાર અનિલ પંડિત પાણીપતનો વતની, ડંકી રૂટથી અમેરિકા ગયો

આરોપીઓની ધરપકડ બાદ લૉરેન્સ ગેંગના અનિલ પંડિતનો વધુ એક ઑડિયો સામે આવ્યો. તેમાં તેણે કહ્યું, 'હું પ્રશાસનને પૂછવા માગું છું કે જ્યારે બૉલીવુડવાળાઓએ સુશાંતને માર્યો, ત્યારે કોઈ કાર્યવાહી કેમ ન થઈ. આજે જ્યારે અમારા મોટા ભાઈ લૉરેન્સે તેમની વિરુદ્ધ કાર્યવાહી કરી, તો પ્રશાસન અમારા ભાઈ વિરુદ્ધ બોલે છે. અમે ભગત સિંહ જેવી વિચારસરણી ધરાવીએ છીએ. અમારી લડાઈ ચાલુ રહેશે. આ બધા જેટલા બૉલીવુડ અભિનેતાઓ છે, તેઓ પાકિસ્તાનમાં બેઠેલા દાઉદના પૈસાથી ફિલ્મો બનાવે છે અને તેને બમણા પૈસા કમાઈને આપી રહ્યા છે.'

આગળ કહેવામાં આવ્યું છે, 'સલમાન ખાનની વાત છે ત્યાં સુધી, જ્યાં સુધી તે માફી નહીં માગે, ત્યાં સુધી અમે તેનો પીછો નહીં છોડીએ. તેનું જીવવું હરામ કરી દઈશું. જો તે માફી માગી લે છે, તો અમને તેની સાથે કોઈ દ્વેષ નથી. જો માફી નહીં માગે, તો તેની જેટલી પણ નજીકની વ્યક્તિઓ છે, બધાને નુકસાન પહોંચાડીશું, તેને તો પહોંચાડીશું જ. તમે અમારા 2ને મારશો, અમારા 100 ભાઈઓ મુંબઈમાં તૈયાર બેઠા છે.' કોટા એસપી, તેજસ્વિની ગૌતમે જણાવ્યું, 'પુણે-જયપુર એક્સપ્રેસના જનરલ કોચમાંથી ભાગ્યા હતા. સવારે 10.30 વાગ્યે કોટા પહોંચ્યા હતા. ત્યાંથી જ કસ્ટડીમાં લેવામાં આવ્યા.' કોટાના એસપી તેજસ્વિની ગૌતમે જણાવ્યું કે, ઘટનાને અંજામ આપ્યા બાદ તેઓ તરત જ રવાના થઈ ગયા હતા. તેમનો પ્લાન હતો કે પહેલા ટ્રેનથી જયપુર પહોંચે, પછી બસથી દિલ્હી જઈને ત્યાંથી નેપાળ નીકળી જાય. એસપી કોટા, તેજસ્વિની ગૌતમે જણાવ્યું, 'ગઈકાલે ટાઈગર પર હુમલો થયો હતો. અમને આ અંગે આજે મુંબઈ પોલીસ પાસેથી માહિતી મળી. તેમણે કહ્યું હતું કે ત્રણેય ટ્રેન દ્વારા કોટા પહોંચવાના છે. અમને જાણ થતાં જ અમે માત્ર 15 મિનિટમાં આખી ટ્રેનની તપાસ કરી અને આ દરમિયાન ત્રણેયને પકડી લીધા.



## સલમાને માતા-પિતાના લગ્નનો કિસ્સો શેર કર્યો, નાનાએ 5 વર્ષ સુધી વાત નહોતી કરી

# સલીમ ખાનને નાનીજી સાસુ 'શંકર' કહીને બોલાવતા...!

(એજન્સી) મુંબઈ | તા.19

સલમાન ખાને શનિવારે ટીવી શો 'બિગ બોસ'માં જણાવ્યું કે, તેના માતા સલમા ખાન સાથેના લગ્નને લઈને તેમના નાના, સલીમ ખાનથી નારાજ હતા. તેમણે સલીમ ખાન સાથે 5 વર્ષ સુધી વાત કરી નહોતી.

સલમાનના જણાવ્યા અનુસાર, નાનાની નારાજગી ધર્મને લઈને નહોતી. તેમને ચિંતા હતી કે, તેમની દીકરી ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા એવા વ્યક્તિ સાથે લગ્ન કરી રહી હતી, જે એક્ટર બનવા માગતો હતો. સલમાને જણાવ્યું કે, તેના માતાના ભાઈ-બહેનો આ લગ્ન માટે તૈયાર હતાં અને સલીમ ખાનને પસંદ કરતા હતાં, પરંતુ નાનાને ચિંતા હતી કે તેમની દીકરી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના વાતાવરણમાં કેવી રીતે રહેશે?

સલમાને જણાવ્યું કે, સોહેલના જન્મ પછી નાના મીઠાઈ લઈને તેમના ઘરે પહોંચ્યા હતા. તેમને આ વાતનો અફસોસ હતો કે તેઓ પોતાના દોહિત્રોને મોટા થતા જોઈ શક્યા નહોતા.

સલમાનના જણાવ્યા અનુસાર, નાનાને આ વાતનો પસ્તાવો અંતિમ શ્વાસ સુધી રહ્યો. તેમણે એ પણ જણાવ્યું કે, જ્યારે ક્યારેક માતા સલમા અને પિતા સલીમ વચ્ચે ઝઘડો થતો અને સલમા પિયર જતાં, ત્યારે નાના તેમને ઘરમાં આવવા દેતા નહોતા. તેઓ કહેતા હતા કે, સલમા ગમે ત્યારે ઘરે આવી શકે છે, પરંતુ ઝઘડા પછી નહીં. શનિવારના એપિસોડમાં સલમાન ખાને કહ્યું, "આપણે બધાને ક્યારેક ને ક્યારેક કોઈ વાતનો અફસોસ થાય છે. થોડા દિવસ પહેલાં હું મારા પિતા સાથે બેઠો હતો. મેં તેમને કહ્યું કે, જો દીકરા તરીકે મારાથી ક્યારેય કોઈ ભૂલ થઈ હોય, મારી કોઈ વાતથી તમને દુઃખ પહોંચ્યું હોય અથવા મેં તમને નિરાશ કર્યા હોય, તો મને માફ કરી દો." સલીમ ખાન અને સલમા ખાનની પ્રેમકહાની ત્યારે શરૂ થઈ, જ્યારે બંનેના એપાર્ટમેન્ટ એકબીજાની સામે હતા. તે સમયે સલમાનું નામ સુશીલા ચરક હતું.



## વિપક્ષના સરકાર બદલવાના નારા પર કંગનાનો પલટવાર

# ફ્રાન્સની હિંસાને ટાંકતા કહ્યું- 'ત્રીજા વિશ્વયુદ્ધ જેવા વાતાવરણ વચ્ચે મોદીનું નેતૃત્વ જરૂરી'

(એજન્સી) મુંબઈ | તા.19

ભાજપ સાંસદ અને એક્ટ્રેસ કંગના રનૌતે રવિવારે વિપક્ષના સરકાર બદલવાના નિવેદનો પર કટાક્ષ કર્યો છે. રાયપુરમાં મીડિયા સાથે વાતચીત દરમિયાન તેણે કહ્યું કે, 'વિપક્ષની નિમ્ન સ્તરની હરકતો દેશને વારંવાર યાદ અપાવી રહી છે કે ભારતને વડાપ્રધાન નરેન્દ્ર મોદી જેવા મજબૂત નેતૃત્વની જરૂર છે.'

કંગનાએ ફ્રાન્સમાં થયેલી હિંસા અને ત્રીજા વિશ્વયુદ્ધના મંડરાતા ખતરાનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, 'વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિમાં દેશની કમાન મજબૂત હાથોમાં હોવી જરૂરી છે.' આ સાથે જ તેણે કોલકાતામાં દુર્ગા પૂજા પંડાલમાં થયેલી નાસભાગ પર પણ દુઃખ વ્યક્ત કર્યું.

વિપક્ષ તરફથી સરકાર બદલવા અને રેજીમ ચેન્જની માગણીઓ અંગે પ્રશ્ન પૂછવામાં આવતાં કંગના રનૌતે કહ્યું કે, આવી હરકતો દેશની જનતાને જાગૃત કરી રહી છે. તેણે ફ્રાન્સનું ઉદાહરણ આપતાં કહ્યું કે, 'શનિવારે રાત્રે ફ્રાન્સમાં શું થયું, તે બધાએ જોયું છે.'

'ત્યાં ઐતિહાસિક ઈમારતોને આગ ચાંપી દેવામાં આવી, સંપત્તિઓને નુકસાન પહોંચાડવામાં આવ્યું અને લૂંટફાટ થઈ.' કંગનાએ કહ્યું કે, 'દુનિયાભરમાં ચાલી રહેલી અસ્થિરતા અને ત્રીજા વિશ્વયુદ્ધની આશંકા વચ્ચે વિપક્ષ દરરોજ એ સાબિત કરી રહ્યો છે કે દેશને પીએમ મોદીના નેતૃત્વની જરૂર શા માટે છે.' કંગના રનૌતે પોતાની વાતચીતમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલી રહેલા તણાવ અને વૈશ્વિક સંઘર્ષોનો પણ ઉલ્લેખ કર્યો. તેણે કહ્યું કે, જ્યારે દુનિયાભરના દેશોમાં આંતરિક અશાંતિ અને યુદ્ધ જેવી પરિસ્થિતિઓ સર્જાયેલી છે, ત્યારે ભારતને એક સ્થિર અને મજબૂત સરકારની જરૂર છે. તેણે કહ્યું કે, દેશની જનતા સમજદાર છે અને તે જોઈ રહી છે કે કયા પ્રકારનાં નિવેદનો કરવામાં આવી રહ્યાં છે. કંગનાએ આશા વ્યક્ત કરી કે, નાગરિકો દેશની સુરક્ષા અને સ્થિરતાને પ્રાથમિકતા આપશે. મીડિયા સાથેની વાતચીત દરમિયાન કંગના રનૌતે કોલકાતાના ચોરબાગાન સાર્વજનિક દુર્ગા પૂજા પંડાલમાં થયેલી નાસભાગની ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું. શનિવાર સાંજે વરસાદ દરમિયાન ઉત્તર કોલકાતાના પંડાલમાં અચાનક ભીડ વધવાથી થયેલી નાસભાગમાં 19 લોકોનાં મોત થયા અને 25 લોકો ઈજાગ્રસ્ત થયા.





# રિપોર્ટ- IPL ઓક્શન 16 ડિસેમ્બરે થઈ શકે છે

**BCCIએ ફ્રેન્ચાઇઝીઓ પાસેથી પ્રતિનિધિમંડળની માહિતી માંગી; ગોવામાં યોજાવાની છે ઈવેન્ટ**

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

IPL 2026નું પ્લેયર ઓક્શન 16 ડિસેમ્બરે થઈ શકે છે. ઓક્શન ગોવાના ITC ગ્રાન્ડ ગોવા હોટેલમાં થઈ શકે છે. જોકે BCCIએ હજુ સુધી ફ્રેન્ચાઇઝી માલિકો અને CEOને તારીખ અને સ્થળની પુષ્ટિ કરતો સત્તાવાર ઈમેલ મોકલ્યો નથી.

ક્રિકબઝના અહેવાલ મુજબ, શનિવારે BCCIની લોજિસ્ટિક્સ ટીમે વોટ્સએપ મેસેજથી ફ્રેન્ચાઇઝીઓને ઓક્શનની પ્રસ્તાવિત તારીખ અને સ્થળની જાણકારી આપી છે.

બોર્ડે ફ્રેન્ચાઇઝીઓને એ પણ પૂછ્યું છે કે ઓક્શનમાં સામેલ થવા માટે તેમના પ્રતિનિધિમંડળમાં કેટલા લોકો આવશે. 15 ડિસેમ્બરે ઓક્શન પહેલાં બ્રીફિંગ યોજવામાં આવી છે.

રિપોર્ટ અનુસાર, BCCIનો આ સંદેશ મુખ્યત્વે ગોવામાં પ્રવાસ અને રહેવાની વ્યવસ્થા કરવા માટે મોકલ્યો છે. બોર્ડ તરફથી સત્તાવાર માહિતી બાદમાં જાહેર કરવામાં આવી શકે છે. ઓક્શનની તારીખમાં ફેરફાર થશે કે નહીં, તે અંગે હાલમાં સ્થિતિ સ્પષ્ટ નથી.

16 ડિસેમ્બરે ભારત અને શ્રીલંકા વચ્ચે બેંગલુરુમાં વન-ડે મેચ પણ યોજાવાની છે. આવી સ્થિતિમાં ઓક્શન અને આંતરરાષ્ટ્રીય મેચ એક જ દિવસે યોજાય તો શેડ્યૂલમાં ફેરફાર થશે કે નહીં, તે સ્પષ્ટ નથી.

આ પહેલાંના અહેવાલોમાં ભારત-શ્રીલંકા વન-ડે સિરીઝ પ્રથમ વન-ડે મેચનું સ્થળ બદલવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી. આ મુકાબલો 13 ડિસેમ્બરે નવી દિલ્હીમાં યોજાવાનો છે. જોકે, BCCIએ તાજેતરમાં મેચનું સ્થળ બદલવાની યોજનાનો ઈનકાર કર્યો હતો.

# પેરા એશિયન ગેમ્સ- ઓપનિંગ સેરેમનીમાં પ્રમોદ-સિમરણે તિરંગો લહેરાવ્યો

## ભારતના 168 એથ્લેટ્સ લેશે ભાગ, 24 ઑક્ટોબર સુધી ચાલશે રમતો

**સિમરન પેરાલિમ્પિક બ્રોન્ઝ મેડલ વિજેતા :** પેરા એથ્લીટ સિમરન શર્મા ભારતની દૃષ્ટિહીન દોડવીરોમાં સામેલ છે. તેમણે પેરિસ પેરાલિમ્પિક્સ-2024માં મહિલાઓની 200 મીટર T12 સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. સિમરને 2023ની હાંગઝોઉ પેરા એશિયન ગેમ્સમાં 100 મીટર અને 200 મીટર T12 સ્પર્ધાઓમાં બે સિલ્વર મેડલ જીત્યા હતા. રમતોમાં શાનદાર પ્રદર્શન માટે તેમને 2024માં અર્જુન પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

જાપાનના આઈચી-નાગોયામાં પાંચમી પેરા એશિયન ગેમ્સની ઉદ્ઘાટન સમારોહ રવિવારે યોજાયો. સેરેમનીમાં ભારત તરફથી પેરાલિમ્પિક્સના ગોલ્ડ મેડલ વિજેતા પ્રમોદ ભગત અને સિમરન શર્માએ ભારતીય દળનું નેતૃત્વ કર્યું. બંનેએ નાગોયાના પાલોમા મિઝુહો સ્ટેડિયમમાં ભારતના ધ્વજવાહક બન્યા. આ વખતે પેરા એશિયન ગેમ્સ 18થી 24 ઑક્ટોબર સુધી યોજાશે. જાપાનના સમ્રાટ નારુહિતોએ ગેમ્સના ઉદ્ઘાટનની જાહેરાત કરી.

પેરા એશિયન ગેમ્સ માટે રમત મંત્રાલયે 168 એથ્લેટ્સ સહિત કુલ 281 સભ્યોના ભારતીય દળને મંજૂરી આપી છે. દળમાં 98 ટીમ અધિકારીઓ અને સપોર્ટ સ્ટાફ, જ્યારે 15 કોન્ટિજન્ટ સ્ટાફના સભ્યો સામેલ છે.

એશિયન પેરાલિમ્પિક કમિટીના અધ્યક્ષ માજિદ રાશિદે જણાવ્યું કે આ વખતે પેરા એશિયન ગેમ્સમાં પહેલી વાર એશિયાના તમામ 45 દેશોની ભાગીદારી રહેશે. તેમણે ખેલાડીઓની સિદ્ધિઓ અને અવરોધો પાર કરીને રમતો સુધી પહોંચવાના તેમના પ્રયાસોની પ્રશંસા કરી. સમારોહમાં યજમાન જાપાનના દળનું પણ જોરદાર સ્વાગત કરવામાં આવ્યું.

પેરા એશિયન ગેમ્સ 18થી 24 ઑક્ટોબર સુધી રમાશે. આ દરમિયાન એથ્લીટો 18 રમતોમાં ભાગ લેશે, જેમાં પેરા ઍથ્લેટિક્સ, પેરા સ્વિમિંગ, પેરા પાવરલિફ્ટિંગ અને બોચિયા સામેલ છે. જોકે, બ્લાઈન્ડ ફૂટબોલ, પેરા બેડમિન્ટન અને પેરા ટેબલ ટેનિસની કેટલીક પ્રારંભિક મેચ 16 ઑક્ટોબરથી જ શરૂ થઈ ગઈ હતી. રમતોનું સમાપન 24 ઑક્ટોબરે થશે. પેરા બેડમિન્ટન ખેલાડી પ્રમોદ ભગત ભારતના સૌથી સફળ પેરા શટલરોમાં સામેલ છે. તેમણે ટોકિયો પેરાલિમ્પિક-2020માં મેન્સ સિંગલ્સની SL3 કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. તેઓ પેરાલિમ્પિકમાં બેડમિન્ટનનો ગોલ્ડ જીતનારા ભારતના પ્રથમ ખેલાડી બન્યા.

આ ઉપરાંત, તેમણે 2018 એશિયન પેરા ગેમ્સમાં સિંગલ્સમાં ગોલ્ડ અને ડબલ્સમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. પ્રમોદને 2019માં અર્જુન પુરસ્કાર, 2021માં મેજર ધ્યાનચંદ ખેલ રત્ન પુરસ્કાર અને 2022માં પદ્મ શ્રીથી સન્માનિત કરવામાં આવ્યા હતા.








# બંને હાથ વિનાની તીરંદાજ શીતલે વર્લ્ડ રેકોર્ડની બરાબરી કરી

**પેરા એશિયન ગેમ્સમાં 704 પોઈન્ટ મેળવ્યા, ભારતીય મહિલા કમ્પાઉન્ડ ટીમ ક્વોલિફિકેશનમાં નંબર-1**

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

હાથ વિનાની તીરંદાજ શીતલ દેવીએ નાગોયામાં ચાલી રહેલી પેરા એશિયન ગેમ્સમાં સોમવારે વર્લ્ડ રેકોર્ડની બરાબરી કરી. આ રેકોર્ડ તુર્કીની ઓઝનુર ગિર્દીના નામે હતો.

19 વર્ષની શીતલે મહિલા કમ્પાઉન્ડ ક્વોલિફિકેશનમાં 720માંથી 704 પોઈન્ટ મેળવ્યા. શીતલે 72 તીરોમાંથી 57 વખત પરફેક્ટ 10નો સ્કોર કર્યો. આમાંથી 32 શોટ લક્ષ્યના સૌથી અંદરના સ્કોરિંગ ઝોનમાં લાગ્યા.

પેરિસ પેરાલિમ્પિક્સની કાંસ્ય પદક વિજેતા શીતલે પાયલ સાથે ભારતને મહિલા કમ્પાઉન્ડ ટીમ ક્વોલિફિકેશનમાં ટોચ પર પહોંચાડ્યું. ભારતે 1,379 પોઈન્ટ સાથે ચીનને પાછળ છોડ્યું.

જમ્મુ-કાશ્મીરની શીતલે મહિલા કમ્પાઉન્ડ ક્વોલિફિકેશનમાં લગભગ દરેક શોટ પર સચોટ નિશાન સાધ્યું. તેમના 32 શોટ લક્ષ્યના સૌથી અંદરના ભાગમાં લાગ્યા, જેને X કહેવામાં આવે છે. શીતલે અગાઉનો એશિયન રેકોર્ડ છ પોઈન્ટથી સુધાર્યો. આ રેકોર્ડ 698 પોઈન્ટનો હતો. 704 પોઈન્ટ સાથે તેમણે એશિયન પેરા ગેમ્સમાં નવો રેકોર્ડ બનાવ્યો.

હાલની એશિયન ગેમ્સ ચેમ્પિયન શીતલે પોતાનો એશિયન પેરા ગેમ્સનો રેકોર્ડ પણ સુધાર્યો. તેમણે 2023માં હાંગઝોઉમાં 680 પોઈન્ટ મેળવ્યા હતા.

એશિયન ગેમ્સમાં ડેબ્યૂ કરી રહેલી પાયલે પણ મહિલા કમ્પાઉન્ડ ક્વોલિફિકેશનમાં સારું પ્રદર્શન કર્યું. તેમણે 675 પોઈન્ટ સાથે પાંચમું સ્થાન મેળવ્યું.

ઓડિશાની ચારેય અંગોથી દિવ્યાંગ પાયલ આ વર્ષે એપ્રિલમાં ચર્ચામાં આવી હતી. તેમણે બેન્કોકમાં વર્લ્ડ આર્ચરી પેરા સિરીઝમાં ગોલ્ડ જીત્યો હતો. તે મુકાબલામાં પાયલે શીતલને હરાવીને સ્વર્ણચંદ્રક જીત્યો હતો. હવે બંનેના પ્રદર્શને ભારતની વ્યક્તિગત અને ટીમ સ્પર્ધાઓમાં ચંદ્રકની આશાઓ વધારી દીધી છે.

### ભારત સેમિફાઇનલમાં પહોંચ્યું

શીતલ અને પાયલના કુલ 1,379 પોઈન્ટો સાથે ભારત મહિલા કમ્પાઉન્ડ ટીમ ક્વોલિફિકેશનમાં પ્રથમ સ્થાને રહ્યું. ચીન 1,338 પોઈન્ટ સાથે બીજા સ્થાને રહ્યું. ભારતના મજબૂત ક્વોલિફિકેશન પ્રદર્શનથી ટીમને સીધી સેમિફાઇનલમાં જગ્યા મળી. ભારતીય જોડી હવે પાંચમી ક્રમાંકિત થાઈલેન્ડ અને ચોથા ક્રમાંકિત કઝાકિસ્તાન વચ્ચેની ક્વાર્ટર ફાઈનલના વિજેતા સામે રમશે.



# સાઉથ કોરિયાની આન સે-યંગે ડેનમાર્ક ઓપન જીતી

**આ 47મો ખિતાબ, સૌથી વધુ બેડમિન્ટન ટાઇટલ જીતનાર મહિલા ખેલાડી**




(એજન્સી) નવી દિલ્હી । તા. 19

સાઉથ કોરિયાની આન સે-યૌંગે બેડમિન્ટનની મહિલા સિંગલ્સમાં સૌથી વધુ ઈન્ટરનેશનલ ટાઈટલ જીતવાનો રેકોર્ડ બનાવ્યો છે. તેમણે રવિવારે ડેનમાર્ક ઓપનની ફાઈનલમાં જાપાનની અકાને યામાગુચીને 21-23, 21-14, 21-18થી હરાવી હતી.

ડેનમાર્કના ઓડેન્સ શહેરમાં મળેલી આ જીત સાથે સે-યૌંગના ઈન્ટરનેશનલ ટાઈટલની સંખ્યા 47 થઈ ગઈ છે. તેમણે ઈન્ડોનેશિયાની દિગ્ગજ સુસી સુસાંતીના 46 ટાઈટલના 29 વર્ષ જૂના રેકોર્ડને પાછળ છોડી દીધો.

બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન (BWF)એ આની પુષ્ટિ કરી છે. BWFના રેકોર્ડ 1989થી રાખવામાં આવી રહ્યા છે અને તેમાં પ્રાદેશિક ટુર્નામેન્ટમાં જીતેલા ખિતાબોનો સમાવેશ થતો નથી. BWFએ 24 વર્ષીય એન સે-યૌંગને 'સર્વકાલીન મહાન ખેલાડી' ગણાવી છે.

વિજય બાદ સેઈ-યંગે કહ્યું, 'હું ઘણો ઈતિહાસ રચવા અને રેકોર્ડ તોડવા માગું છું, પરંતુ એક સમયે એક મેચ પર ધ્યાન આપું છું.' તેમણે કહ્યું, 'આ જ મારી પ્રેરણા છે. દર્શકો મારા માટે આવે છે અને મને ખુશી છે કે લોકોને મારી દરેક મેચ ગમે છે.'

વિશ્વની નંબર-1 ખેલાડી અન સતત 105 અઠવાડિયા-થી ટોચની રેન્કિંગ પર છે. તેમણે 2025માં એક સીઝનમાં રેકોર્ડ 11 ખિતાબ જીત્યા હતા. આ વર્ષે પણ તેમનું શાનદાર પ્રદર્શન ચાલુ છે.

આન સેઈ-યૌંગ ફાઈનલમાં યામાગુચી સામે પ્રથમ ગેમ 21-23થી હારી ગઈ હતી. તેમણે બીજી ગેમમાં જોરદાર વાપસી કરી અને તેને 21-14થી જીતી લીધી. આથી મુકાબલો નિર્ણાયક ગેમમાં પહોંચી ગયો.

ત્રીજી ગેમમાં આન એક સમયે 5-11થી પાછળ હતી. કોર્ટ પર લપસી પડ્યા બાદ તેના જમણા પગના ઘૂંટણમાં ઈજા થઈ હતી. તેમ છતાં તેણે પોતાની લય પાછી મેળવી. તેણે કોર્ટના ધીમા ભાગનો ફાયદો ઉઠાવ્યો અને ત્રીજી ગેમ 21-18થી જીતી લીધી. આને મેચ બાદ કહ્યું, 'કોર્ટ ખરાબ હતો અને હું લપસી ગઈ. હું મારા શરીરની તપાસ કરાવીશ અને મારા કોચ સાથે વાત કરીશ.' તેણે કહ્યું, 'અંતિમ ગેમમાં હું કોર્ટના ધીમા ભાગમાં હતી અને મને વધુ આત્મવિશ્વાસ હતો.'

# બુમરાહ વર્લ્ડ કપ સુધી ત્રણેય ફૉર્મેટ ન રમે... રવિ શાસ્ત્રી

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

પૂર્વ ભારતીય કોચ રવિ શાસ્ત્રીએ બુમરાહના વધુ પડતા ઉપયોગથી બચવાની સલાહ આપી છે. તેમણે કહ્યું છે કે જસપ્રીત બુમરાહે આવતા વર્ષના અંતમાં યોજાનારા ODI વર્લ્ડ કપ સુધી ત્રણેય ફોર્મેટમાં રમવું જોઈએ નહીં.

શાસ્ત્રીએ રવિવારે મોડી રાત્રે સ્ટાર સ્પોર્ટ્સ પર કહ્યું કે બુમરાહે ટેસ્ટ ક્રિકેટ રમવું જોઈએ. વનડે અને T20માં તેને ક્યારેક જ રમાડવો જોઈએ, જેથી તે ઈજાથી બચી શકે.

બુમરાહ ન્યૂઝીલેન્ડ પ્રવાસથી સ્પર્ધાત્મક ક્રિકેટમાં વાપસી કરવા જઈ રહ્યા છે. તેઓ કિવીઓ સામે 2 ટેસ્ટ મેચની સિરીઝ રમશે. આ સિરીઝ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC)ની દૃષ્ટિએ મહત્વપૂર્ણ છે.

રવિ શાસ્ત્રી ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ રહી ચૂક્યા છે.

રવિ શાસ્ત્રી ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ રહી ચૂક્યા છે.

શાસ્ત્રીની 3 વાતો

- મને નથી લાગતું કે તેણે વનડે વર્લ્ડ કપ સુધી ત્રણેય ફોર્મેટમાં રમવું જોઈએ. તેણે ટેસ્ટ ક્રિકેટ રમવું જોઈએ અને વનડે-T-20માં ક્યારેક-ક્યારેક રમવું જોઈએ. તેણે સંપૂર્ણ સિરીઝ કે દરેક મેચ રમવી જોઈએ નહીં.
- હું તેને ટેસ્ટ મેચો માટે સાચવી રાખવા માગીશ. આ ખૂબ જ જરૂરી છે. તે ભારતીય ટીમનો મહત્વપૂર્ણ સભ્ય છે. ત્યાર બાદ બાકીના ફોર્મેટમાં તેનો મર્યાદિત ઉપયોગ થવો જોઈએ.
- આ એક કઠિન પરીક્ષા છે. ન્યૂઝીલેન્ડની ઘરઆંગણાની પરિસ્થિતિમાં તેને હરાવવું સરળ નથી. માત્ર ઑસ્ટ્રેલિયાને તેના પર સરસાઈ મળી છે.' તેમણે આગળ કહ્યું, "વિદેશ પ્રવાસ પર એક યુવા કેપ્ટન માટે આ સારો પડકાર હશે."

# શમાર સ્પ્રિંગર WI ટેસ્ટ ટીમમાં સામેલ

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

વેસ્ટ ઈન્ડીઝે બાંગ્લાદેશ સામેની બે ટેસ્ટ મેચોની સિરીઝ માટે શમાર સ્પ્રિંગરને ટીમમાં સામેલ કર્યો છે. તેણે કીમો પોલનું સ્થાન લીધું છે.

ક્રિકેટ વેસ્ટ ઈન્ડીઝ (CWI)એ રવિવારે જણાવ્યું કે પોલ અંગત અને પારિવારિક કારણોસર સ્વદેશ પરત ફરશે. સ્પ્રિંગરે હજુ સુધી ટેસ્ટ ડેબ્યૂ કર્યું નથી. વેસ્ટ ઈન્ડીઝનો બાંગ્લાદેશ પ્રવાસ 22 ઓક્ટોબરથી ઢાકામાં ત્રણ દિવસીય પ્રેક્ટિસ મેચથી શરૂ થશે. પ્રથમ ટેસ્ટ 28 ઓક્ટોબરથી 1 નવેમ્બર સુધી મીરપુરમાં રમાશે. રોસ્ટન ચેઝ કેપ્ટન અને જોમેલ વોરિકન ઉપ-કપ્તાન છે.




28 વર્ષીય શામર સ્પ્રિંગર વેસ્ટ ઈન્ડીઝ માટે ત્રણ વન-ડે અને 12 T20 ઈન્ટરનેશનલ મેચ રમી ચૂક્યો છે. અત્યાર સુધી ટેસ્ટ ટીમમાં સ્થાન મળ્યા છતાં તે ટેસ્ટ મેચ રમી શક્યો નથી. સ્પ્રિંગરે 23 ફર્સ્ટ-ક્લાસ મેચોમાં 1,043 રન બનાવ્યા છે. તેની બેટિંગ સરેરાશ 32.59 છે. તેણે 27.87ની સરેરાશથી 58 વિકેટ પણ લીધી છે. તેણે 2026 વેસ્ટ ઈન્ડીઝ ચેમ્પિયનશિપમાં બાર્બાડોસ માટે સારી બેટિંગ કરી હતી. 4 મેચમાં તેણે 50.20ની સરેરાશથી 251 રન બનાવ્યા. જોકે, બોલિંગમાં તેનું પ્રદર્શન સામાન્ય રહ્યું. તે આઠ ઈનિંગ્સમાં 42.00ની સરેરાશથી માત્ર 7 વિકેટ જ લઈ શક્યો છે.

CWIએ જણાવ્યું કે ઓજાય શીલ્ડ્સ અને નાઈલ સ્મિથને પોલના સંભવિત વિકલ્પો તરીકે જોવામાં આવ્યા હતા. ઈજાને કારણે બંનેને ટીમમાં સામેલ કરવામાં આવ્યા નથી. વેસ્ટ ઈન્ડીઝની ટીમમાં વ્હાઈટ બોલના ફોર્મમાં ચાલી રહેલા કેપ્ટન શાઈ હોપ પણ નહીં હોય. બાંગ્લાદેશ પ્રવાસ માટે તેને આરામ આપવામાં આવ્યો છે.

SINCE 1991 AHMEDABAD

VACHHANI® FurniturE

અમદાવાદ નો વિશાળ ફર્નિચર મોલ

તહેવારોમાં કરો તૈયારી...

ફર્નિચર જોઇને જ કહેશો...

# પૈસા વસુલ છે...

**30%** સુધી ડિસ્કાઉન્ટ

સર્વોતમ ગુણવતા, સર્વશ્રેષ્ઠ ડીઝાઈનો...




## વાછાણી ફર્નિચર પ્રા. લી.

### હોમ અને ઓફિસ ફર્નિચરનો વિશાળ શોરૂમ

**ફર્નિચર ફેક્ટરી આઉટલેટ**
નીલકંઠ એસ્ટેટ, પવીત્ર એન્ક્લેવ,
કટારીયા સર્વિસ સેન્ટર અને એચ.પી. પેટ્રોલ
પંપ સામે, ત્રાગડ, ન્યુ ચાંદખેડા, અમદાવાદ.
99135 00221

**ફર્નિચર મોલ**
૧૩, વિજય શોપીંગ સેન્ટર, વિજય પાર્ક
બી.આર.ટી.એસ. બસ સ્ટોપ પાસે,
કૃષ્ણનગર, અમદાવાદ.
079 - 22820659, 99250 00221

**ફર્નિચર શોરૂમ**
૧૦૧ – સંગાથ શોપીંગ મોલ, એન્જિનીયરીંગ
કોલેજની સામે, વીસત ગાંધીનગર હાઇવે,
મોટેરા, સાબરમતી, અમદાવાદ.
99098 00221

www.vachhanifurniture.in

# કોંગ્રેસની પોસ્ટ-ટ્રુથ રાજનીતિ: અવિશ્વાસનું નિર્માણ, લોકશાહીને નબળી પાડવી

એવું કહેવાય છે કે ઘણીવાર યુદ્ધમાં સત્ય એ સૌથી પહેલો ભોગ બને છે. રાજકીય સ્પર્ધાઓ માટે પણ આ વધુને વધુ સત્ય બની રહ્યું છે, જ્યાં પોસ્ટ-ટ્રુથ રાજનીતિ જાહેર પ્રવચનના એક મહત્વપૂર્ણ પરિમાણ તરીકે ઉભરી રહી છે. સત્યોત્તર પરિસ્થિતિમાં ખોટો પ્રચાર, તથ્યોને વિકૃત કરીને રજૂ કરતી કથાઓ અને તર્કવિહોણી ભાવનાત્મક અપીલો ઘણીવાર વાસ્તવિક તથ્યો અને ચકાસી શકાય તેવા પુરાવાઓ કરતાં વધુ પ્રાધાન્ય મેળવે છે. પરિણામે, તર્કબદ્ધ ચર્ચાનું સ્થાન લોકોને ઉશ્કેરતી અને ગેરમાર્ગે દોરતી વક્તૃત્વશૈલી લઈ લે છે.એક સમયે મોટે ભાગે શૈક્ષણિક ચર્ચાઓનો વિષય, પોસ્ટ-ટ્રુથ હવે રોજિંદી રાજનીતિનું લક્ષણ છે. ભ્રમિત કરવા માટે રચાયેલા ભ્રામક માહિતી અભિયાનોનો ઉપયોગ માત્ર જનમતને પ્રભાવિત કરવા માટે જ નહીં પરંતુ લોકશાહી સંસ્થાઓને બદનામ કરવા માટે પણ વધુને વધુ કરવામાં આવી રહ્યો છે.આક્ષેપોને સાબિત કરવા માટેના પુરાવા સ્પષ્ટપણે ગેરહાજર હોય ત્યારે પણ તે આક્ષેપોનું પુનરાવર્તન કરવામાં આવે છે અને તેને વધારીને રજૂ કરવામાં આવે છે. આમાં, સત્ય માત્ર પ્રથમ ભોગ બનતું નથી, પરંતુ તે અંતિમ ભોગ બનવાનું જોખમ પણ ઊભું કરે છે.ભારતનું રાજકીય પ્રવચન આ પોસ્ટ-ટ્રુથના વલણથી અછૂત રહ્યું નથી. વિપક્ષી પક્ષોના કેટલાક વર્ગો રોષનું વાતાવરણ ઊભું કરવા, પ્રચારના નામે ભ્રામક કથનો ફેલાવવા અને અરાજકતા ફેલાવવા માટે ખોટી માહિતીને હથિયાર તરીકે વાપરવા તરફ વધુને વધુ વળતા જણાય છે. આ પ્રક્રિયામાં તેઓ રાષ્ટ્રીય હિત કરતાં પોતાના સ્વાર્થી રાજકીય હેતુઓને વધુ મહત્ત્વ આપતા હોય તેવું જણાય છે.આ લેખનો ઉદ્દેશ વિપક્ષ વિરુદ્ધ આકરા પ્રહાર કરવાનો નથી, કે ન તો એવો દાવો કરવાનો છે કે બંધારણીય સંસ્થાઓ ટીકાથી પરે છે. અસંમતિ લોકશાહીનો પ્રાણ છે. પરંતુ તેનો અર્થ ખોટી વાતો ફેલાવવાની છૂટ એવો નથી. વધુ સારી નીતિઓ ઘડવા માટે મતભેદો આવશ્યક છે. પરંતુ તથ્યોની કસોટી પર ટકી ન શકે તેવા આક્ષેપો દ્વારા જનવિશ્વાસ પર વેરભાવનાથી પ્રેરિત અને સતત પ્રહાર કરવાની છૂટ મતભેદના નામે આપી શકાય નહીં.તેથી, હેતુ આ અસત્યોને પડકારવાનો અને બંધારણીય સંસ્થાઓમાં જાહેર વિશ્વાસ પુનઃસ્થાપિત કરવાનો છે, જે ઉત્પાદિત અવિશ્વાસની સ્વાર્થી રાજનીતિ દ્વારા ક્ષીણ થઈ ગયો છે.ત્રણ મુદ્દાઓ, ખાસ કરીને, અલગ તરી આવે છે: ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM) માં ગેરરીતિના પુનરાવર્તિત આક્ષેપો, મતદાર યાદીઓની વિશેષ ગહન સુધારણા (SIR) ને ઘેરી લેતો વિવાદ અને ભારતના ચૂંટણી પંચ (ECI) ને બદનામ કરવાના અનૈતિક પ્રયાસો.પહેલી વાત એ છે કે, વિપક્ષ દ્વારા EVM પર વારંવાર ગેરરીતિના આક્ષેપો કરવામાં આવ્યા છે. સર્વોચ્ચ અદાલતે આવા પડકારોની અનેક પ્રસંગોએ તપાસ કરી છે. અંતે, 2024માં તેના 'એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ વિ. ઈલેક્શન કમિશન ઓફ ઈન્ડિયા'માં સર્વોચ્ચ અદાલતે તમામ શંકાઓને દૂર કરી અને પેપર બેલેટ પર પાછા ફરવાની માંગને નકારી કાઢી. સર્વોચ્ચ અદાલતે અવલોકન કર્યું કે સચોટ સામગ્રી અથવા ડેટા વિના, શંકા અને સંદેહના આધારે વારંવારના પડકારો 'ધિક્કારપાત્ર અને અનિચ્છનીય' હતા. પરંતુ આ વિપક્ષને વારંવાર એ જ જૂઠાણુંનું પુનરાવર્તન કરતા રોકી શકાયો નહીંમતદાર યાદીઓની વિશેષ ગહન સુધારણા (SIR) ને ઘેરી લેતો વિવાદ એ વાતનું બીજું ઉદાહરણ છે કે આ પોસ્ટ-ટ્રુથ યુગમાં કેટલાક લોકો દ્વારા સંકુચિત રાજકીય હિતો માટે કાયદાકીય રીતે સાચી અને વહીવટી રીતે વ્યાજબી કવાયતને કેવી રીતે દૂષિત કરવામાં આવી છે.2025માં સર્વોચ્ચ અદાલતે તેના 'એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ વિ. ઈલેક્શન કમિશન ઓફ ઈન્ડિયા' ચુકાદામાં પુષ્ટિ કરી કે મતદાર યાદીઓની અખંડિતતા મુક્ત અને ન્યાયી ચૂંટણીઓ માટે પાયારૂપ છે. તેણે મતદાર યાદીની 'સચોટતા, પૂર્ણતા અને અખંડિતતા' સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્યને 'માત્ર કાયદેસર જ નહીં પરંતુ કમિશનને સોંપવામાં આવેલા બંધારણીય જનાદેશ માટે અભિન્ન' અંગ તરીકે વર્ણવ્યો હતો.અદાલતે એવું પણ શોધી કાઢ્યું હતું કે સુધારણા માટે રજૂ કરવામાં આવેલા કારણો વિશ્વસનીય ચૂંટણી પ્રક્રિયા જાળવવા માટે 'પ્રત્યક્ષ અને તાર્કિક સંબંધ' ધરાવે છે. આ અવલોકનોએ એક મૂળભૂત સિદ્ધાંતને મજબૂત કર્યો: મત આપવાના અધિકારનું રક્ષણ કરવા માટે માત્ર દરેક પાત્ર મતદારનું રક્ષણ કરવું જરૂરી નથી, પરંતુ મતદાર યાદીઓ સચોટ, પૂર્ણ અને વિશ્વસનીય રહે તે સુનિશ્ચિત કરવું પણ જરૂરી છે.EVM અને SIR ઉપરાંત, મુખ્ય ચૂંટણી કમિશનરની કચેરી અને વિસ્તરણ દ્વારા ભારતના ચૂંટણી પંચ (ECI)ની સંસ્થાને બદનામ કરવા માટે એક સતત અભિયાન ચલાવવામાં આવ્યું છે.લગભગ સાત દાયકા સુધી કોંગ્રેસની સરકારોએ મુખ્ય ચૂંટણી કમિશનરની નિમણૂક પર કારોબારીનું નિયંત્રણ જાળવી રાખ્યું હતું. અમારી સરકારે વિપક્ષના નેતાનો સમાવેશ કરતી બહુસભ્ય પસંદગી સમિતિ દ્વારા નિમણૂકની પ્રક્રિયાને સંસ્થાકીય સ્વરૂપ આપીને આ વ્યવસ્થામાં પરિવર્તન લાવ્યું.અન્ય બંધારણીય સંસ્થાઓની સ્વાયત્તતાનો આદર કરવાની વાત આવે ત્યારે કોંગ્રેસનો રેકોર્ડ પ્રેરણાદાયી રહ્યો નથી.વર્ષ 1951માં તત્કાલીન સરકારે સુપ્રીમ કોર્ટના ચુકાદાને ઉલટાવવા માટે પ્રથમ બંધારણીય સુધારો રજૂ કર્યો હતો અને વાણી તથા અભિવ્યક્તિની સ્વતંત્રતા પર નિયંત્રણો મૂક્યાં હતાં.કટોકટી દરમિયાન, સરકારના હિતો સાધવા માટે બંધારણીય સુધારાઓને શસ્ત્ર બનાવવામાં આવ્યા હતા. કટોકટીની ઘોષણાને અદાલતી કાર્યવાહીની બહાર રાખવામાં આવી હતી અને પ્રધાનમંત્રીની ચૂંટણીને ન્યાયિક તપાસના દાયરાની બહાર રાખવામાં આવી હતી. આ ઉપરાંત, ઉચ્ચ બંધારણીય હોદ્દા પરના પદાધિકારીઓને વ્યાપક પ્રતિરક્ષા આપવામાં આવી હતી અને અદાલતોની સમીક્ષા કરવાની સત્તા મર્યાદિત કરવામાં આવી હતી. બંધારણીય સુધારાની સત્તાને બંધારણીય સુધારાના સાધનમાંથી કારોબારીની સત્તા વધારવાના સાધનમાં ફેરવી દેવામાં આવી હતી.માત્ર સંસ્થાઓને જ કચડી નાખવામાં આવી નહોતી, પરંતુ નાગરિકોના માનવાધિકારોનું પણ ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. તત્કાલીન કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરતા એટર્ની જનરલ નિરેન ડેએ સુપ્રીમ કોર્ટમાં દલીલ કરી હતી કે જો કોઈ પોલીસ અધિકારી વ્યક્તિગત અદાવતને કારણે કોઈ નિર્દોષ વ્યક્તિની હત્યા કરે, તો પણ મૃતકના પરિવારને ન્યાયિક રાહત મેળવવાનો અધિકાર ન હોવો જોઈએ.હવે, પ્રધાનમંત્રીની નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ છેલ્લા 12 વર્ષોમાં બંધારણનું સન્માન કેવી રીતે કરવામાં આવ્યું છે તેની સાથે આની તુલના કરો. સંસદની વિશેષ બહુમતી દ્વારા પસાર કરવામાં આવેલો 99મો બંધારણીય સુધારો કાયદો સર્વોચ્ચ અદાલત દ્વારા રદ કરવામાં આવ્યો હતો. આ ચુકાદાનો માત્ર આદર જ કરવામાં આવ્યો ન હતો, પરંતુ પાછલા બારણેથી કાયદો બનાવીને તેને ઉથલાવી દેવાનો કોઈ પ્રયાસ કરવામાં આવ્યો ન હતો. બંધારણ અને તેના સિદ્ધાંતો પ્રત્યેના આ આદરે રાષ્ટ્ર સમક્ષના કેટલાક સૌથી ગંભીર મુદ્દાઓ પર અમારા અભિગમને પણ માર્ગદર્શન આપ્યું છે.રામમંદિરનું નિર્માણ સર્વોચ્ચ અદાલતના ચુકાદા પછી જ શરૂ થયું હતું. જ્યારે કલમ 370 નાબૂદ કરવામાં આવી અને સર્વોચ્ચ અદાલતે નિર્ણયને ટેકો આપ્યો, ત્યારે વિપક્ષના ઘણા લોકો હજુ પણ ચુકાદા સાથે અસહમત હતા.કોંગ્રેસ દ્વારા કાયદાકીય પ્રક્રિયાઓ અને હોદ્દાઓને પણ છોડવામાં આવ્યા નથી. લોકસભાના સ્પીકર સામે અવિશ્વાસની દરખાસ્ત લાવવામાં આવી હતી જ્યારે તેમણે વિપક્ષના નેતાને ફક્ત નિયમોનું પાલન કરવા કહ્યું હતું.પોસ્ટ- ટ્રુથ રાજનીતિ હવે રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દાઓ સુધી પણ પહોંચી ગઈ છે. 2019માં, એક કોંગ્રેસના નેતાએ સુપ્રીમ કોર્ટના રાફેલ ચુકાદાને ખોટી રીતે એક સૂત્ર આપ્યું હતું, જેના માટે તેમણે કોર્ટના તિરસ્કારની કાર્યવાહી દરમિયાન બિનશરતી માફી માંગી હતી. ઓગસ્ટ 2025 માં, સુપ્રીમ કોર્ટે ફરીથી ભારતીય પ્રદેશ પર કબજો કરવાના રાહુલ ગાંધીના દાવાઓના આધાર પર પ્રશ્ન ઉઠાવ્યો, અને પૂછ્યું કે શું આ દાવાઓને સમર્થન આપવા માટે કોઈ વિશ્વસનીય પુરાવા છે. મતભેદનો આદર કરવો એ હંમેશા આપણી લોકશાહી ભાવનાનો એક અભિન્ન ભાગ રહ્યો છે. જ્યારે લોકોએ સંસદ દ્વારા પસાર કરવામાં આવેલા ત્રણ કૃષિ કાયદાઓ પર ચિંતા વ્યક્ત કરી, ત્યારે અમે માત્ર તે ચિંતાઓને સાંભળી જ નહીં પરંતુ વ્યાપક જનહિતમાં કાયદાઓ પણ રદ કર્યા.લોકશાહીમાં, વ્યક્તિ નિર્ણય સાથે અસહમત થવા માટે સ્વતંત્ર છે. પરંતુ આવી અસંમતિઓ અસત્ય પર આધારિત હોઈ શકે નહીં, કે તેનો હેતુ વિકૃતિ અને અરાજકતા પેદા કરવાનો હોઈ શકે નહીં. ડૉ. બી. આર. આંબેડકરે બંધારણ સભામાં તેમના પ્રખ્યાત ભાષણમાં, જેને ઘણીવખત 'અરાજકતાનું ભાષણ' તરીકે ઓળખવામાં આવે છે, અબંધારણીય પદ્ધતિઓનો આશરો લેવાના જોખમો સામે ચેતવણી આપી હતી.અમે માનીએ છીએ કે જીવંત લોકશાહી ફક્ત રાજકીય સમાનતા પર જ નહીં, પરંતુ આર્થિક અને સામાજિક ન્યાય પર પણ આધારિત છે. આ સિદ્ધાંત આપણી સરકાર દ્વારા લેવામાં આવતા નિર્ણયોને આગળ ધપાવે છે.તે જ સમયે, એક સ્થિર અને પરિપક્વ લોકશાહી માટે જરૂરી છે કે મતભેદો અને ચિંતાઓ કાયદેસર અને લોકશાહી માધ્યમો દ્વારા વ્યક્ત કરવામાં આવે, અને અરાજકતાનો આશરો લેવાને બદલે સંવાદ અને પરસ્પર સમજણ દ્વારા ઉકેલવામાં આવે.સમયની માંગ એ છે કે આપણી લોકશાહી સંસ્થાઓ કે ભારતની પ્રગતિ રાજકીય હારના હતાશાના બંધક ન બને. વધુમાં, દેશની પ્રગતિને એવા લોકો દ્વારા નબળી પડવા દેવી જોઈએ નહીં જેઓ પોતાની હારના કારણોનો સામનો કરવાને બદલે, સિસ્ટમને બદનામ કરવા માટે તૈયાર છે.



**રાજનાથ સિંહ**
**સંરક્ષણ મંત્રી, ભારત સરકાર**

## મધ્ય પ્રદેશ અને પંજાબમાં બે ભીષણ માર્ગ અકસ્માત : કુલ 24 લોકોનાં મોત

ગ્વાલિયર : મધ્ય પ્રદેશનાં ગ્વાલિયરમાં શીતલા માતાનાં મંદિરનાં મેળા દરમિયાન થયેલા ભીષણ માર્ગ અકસ્માતમાં ૧૫ લોકોનાં મોત થયા છે. સૂત્રોનાં જણાવ્યા અનુસાર અનાજ ભરેલુ ટ્રક ગુગલ મેપ્સ દ્વારા સૂચવવામાં આવેલા શોર્ટકર્ટ માર્ગે મંદિરની તરફ પહોંચ્યું હતું. બીજી તરફ પંજાબનાં સંગરુરમાં લહરાગાગા-જાખલ રોડ પર ઝડપથી જતી કારે મનરેગા મજૂરોને કચડી નાખતા ૯ મજૂરોનાં મોત થયા છે. દુર્ઘટના સમયે સડક પર ૨૪ મજૂરો કાર્ય કરી રહ્યાં હતાં. અનાજ ભરેલા ટ્રકની બ્રેક ફેઈલ થઇ જવાનાં કારણે વાહન શ્રદ્ધાળુઓની ભીડંમાં ઘૂસી ગયું હતું. જેનાં કારણે ૧૫ લોકોનાં મોત થયા છે અને ઓછામાં ઓછા ૨૯ લોકો ઘાયલ થયા છે. ટ્રક ડ્રાઈવર અને ટ્રક માલિકની ધરપકડ કરી લેવામાં આવી છે. આશંકા દર્શાવવામાં આવી રહી છે કે તેણે ગૂગલ મેપ પર લોકેશન શોધીને શોર્ટ કટ રસ્તાની પસંદગી કરી હતી. આ દરમિયાન મધ્ય પ્રદેશનાં મુખ્યપ્રધાન ડો. મોહન યાદવે આ ઘટના અંગે કડક વલણ અપનાવ્યું છે. કેસમાં બેદરકારી સામે આવ્યા પછી સંબધિત વિસ્તારનાં સીએસપી રવિ ભદૌરિયાને હટાવવાનાં નિર્દેશ આપવામાં આવ્યા છે. ત્રણ સ્ટેશન હાઉસ ઓફિસર સહિત આઠ પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મધ્ય પ્રદેશનાં મૃતકોનાં પરિવારજનોને બે લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. મુખ્યપ્રધાન મોહન યાદવે મધ્ય પ્રદેશમાં બનેલી ઘટનાનાં મૃતકોનાં પરિવારજનોને ચાર લાખ રૂપિયા, ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને બે લાખ રૂપિયા અને સામાન્ય ઈજા પામેલા લોકોને ૫૦,૦૦૦ રૂપિયા આપવાની જાહેરાત કરી છે.

## લડાઇ લાંબી છે, જેલમાં નાખશો તો પણ પાછીપાની નહીં કરીએ : દિપકે

નવી દિલ્હી/પણજી : કોકરોચ જનતા પાર્ટીના સંસ્થાપક અભિજીત દિપકેએ એવી આશા વ્યક્ત કરી હતી કે સૌરવ દાસ અને આશુતોષ રાંકા બન્ને ટૂંક સમયમાં બહાર આવશે, તેમની સાથે બેઠક યોજ્યા બાદ આગળની રણનીતી તૈયાર કરાશે. આ લડાઈ બહુ લાંબી છે, જેલમાં ધકેલશો તો પણ પાછીપાની નહીં કરીએ. બીજી તરફ સૌરવ દાસ અને આશુતોષ રાંકાની પાંચ દિવસની ન્યાયિક કસ્ટડી પૂર્ણ થઇ ગઇ છે. જોકે રવિવારે આ મુદ્દે સુનાવણી થવાની હતી જે ટળી જતા હાલ કોકરોચ પાર્ટીના આ બન્ને નેતાઓ તિહાર જેલમાં જ કેદ રહેશે.કોકરોચ જનતા પાર્ટીના લિગલ હેડ રત્ના સિંધે મીડિયાને જણાવ્યું હતું કે રવિવારે સ્પેશિયલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ સમક્ષ સુનાવણી હોવાથી સવારથી જ સૌરવ અને આશુતોષના વકીલો પહોંચી ગયા હતા. જોકે બપોરના ૧૨ વાગ્યા છતા સુનાવણી શરૂ ના કરાઇ અને સાંજ પર ઢોળી દેવાયું, અંતે સાંજે સુનાવણી હાથ ધરવામાં આવી જોકે બન્નેના જામીન અંગે કોઇ જ સુનાવણી ના કરવામાં આવી અને સ્પેશિયલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટે પોતાને ફોન પર ધમકીઓ મળી હોવાનો ઉલ્લેખ કરીને મામલો ટાળી દીધો. બીજી તરફ અભિજીત દિપકેએ કહ્યું હતું કે પ્રદર્શનકારીઓની ધરપકડો કરીને તેમને ડરાવવાનો પ્રયાસ થઇ રહ્યો છે. જોકે અમે કોઇનાથી ડરીશું નહીં કે પાછીપાની પણ નહીં કરીએ. જ્યારે ગોવાના પણજીના પોલીસ અધિકારી વિજયકુમાર ચોડનકરે કહ્યું હતું કે પણજીમાં આયોજિત વિરોધ પ્રદર્શનના કાર્યક્રમમાં સીજેપીના પદાધિકારીઓએ મુર્દાબાદ, મુર્દાબાદ હિન્દુત્વ મુર્દાબાદના નારા લગાવ્યા હતા, આ મામલે ૩૦૦ લોકોની સામે ફરિયાદ દાખલ કરી છે. દરમિયાન કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજૂએ દાવો કર્યો હતો કે ભારતમાં પણ ફ્રાન્સ અને બાંગ્લાદેશ જેવી હિંસા ફેલાવવાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું.

દિલ્હીની એક હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી રહી છે

## ભાજપના વરિષ્ઠ નેતા એલ. કે. અડવાણીની તબિયતમાં સુધારો

નવી દિલ્હી : લાલકૃષ્ણ અડવાણી આજે હોસ્પિટલમાંથી રજા મળશે. ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી આજે દિલ્હીની એપોલો હોસ્પિટલમાંથી રજા અપવામાં. તેમની સારવાર ન્યુરોલોજીના વરિષ્ઠ સલાહકાર ડૉ. વિનીત સૂરીની દેખરેખ હેઠળ કરવામાં આવી હતી. છાતીમાં ચેપની ફરિયાદ બાદ થોડા દિવસો પહેલા તેમને દિલ્હીની એપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.છાતીમાં ચેપને કારણે તેમને શુક્રવાર, 16 ઓક્ટોબરના રોજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ન્યુરોલોજીના વરિષ્ઠ સલાહકાર ડૉ. વિનીત સૂરીની દેખરેખ હેઠળ તેમની સારવાર ચાલી રહી હતી. હોસ્પિટલે જણાવ્યું છે કે તેમની તબિયતમાં સુધારો થયો છે અને તેમને ટૂંક સમયમાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવશે.હોસ્પિટલમાં દાખલ થયાના લગભગ એક અઠવાડિયા પહેલા,7 ઓક્ટોબરના રોજ વડાપ્રધાન મોદીએ નવી દિલ્હી સ્થિત નિવાસસ્થાને વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન, વડાપ્રધાન મોદીએ અડવાણીના આશીર્વાદ લીધા હતા. આ મુલાકાત એવા સમયે થઈ હતી જ્યારે વડાપ્રધાન મોદીએ નેતૃત્વની ભૂમિકાઓમાં (સરકારના વડા તરીકે) 25 વર્ષ પૂર્ણ કર્યા હતા. પૂર્વ નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણી સાથેની મુલાકાત બાદ, વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કર્યું હતું. તેમણે નોંધ્યું હતું કે અડવાણીની દાયકાઓ લાંબી જનસેવા અને રાષ્ટ્ર પ્રત્યેના તેમના યોગદાને ઊંડી છાપ છોડી છે. વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રની પ્રગતિને મજબૂત કરવામાં અડવાણીએ ભજવેલી મહત્વપૂર્ણ ભૂમિકા પર પણ પ્રકાશ પાડ્યો હતો.

છ કાર્ગો ભરીને ક્રૂડ ઓઈલ યુરોપીયન યુનિયનમાં ઠલવાયું

## ભારતની પશ્ચિમી દેશોમાં થતી ઈંધણ નિકાસમાં ગયા મહિને 43 ટકાનો વધારો

નવી દિલ્હી : ભારત, તૂર્કી અને બ્રુનેઈની રિફાઈનરીઓએ સપ્ટેમ્બરમાં યુરોપના દેશોમાં એક અબજ યુરોના ઓઈલ ઉત્પાદનોની નિકાસ કરી છે, જે ઓગસ્ટ મહિનાની નિકાસ કરતા ૪૩ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. યુક્રેન પર આક્રમણ કરવા બદલ યુરોપના દેશોએ રશિયન ક્રૂડ પર પ્રતિબંધ મૂક્યો હોવા છતાં યુરોપમાં ભારતીય કંપનીઓની ઓઈલ ઉત્પાદનોની નિકાસ વધી છે. બીજીબાજુ તેમણે રશિયામાંથી ક્રૂડ ઓઈલની આયાત યથાવત્ રાખી છે.સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લિન એર (સીઆરઈએ)ના રિપોર્ટ મુજબ સપ્ટેમ્બરમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની જામનગર રિફાઈનરીમાંથી છ કાર્ગો ભરીને ક્રૂડ ઓઈલ યુરોપીયન યુનિયનમાં ઠલવાયું હતું.



યુરોપીયન યુનિયને રશિયન ક્રૂડમાંથી બનેલા ઓઈલ ઉત્પાદન પર પ્રતિબંધ મૂકેલો હોવા છતાં ઈયુમાં રિલાયન્સની ઓઈલની નિકાસ વધી છે. સીઆરઈએના રિપોર્ટ મુજબ ભારત, તુર્કી, બ્રુનેઈની ઓઈલ રિફાઈનરીઓના ઓઈલ ઉત્પાદનોની યુરોપમાં નિકાસ વધી છે. સપ્ટેમ્બરમાં ભારત, તુર્કીયે અને બ્રુનેઈ પાસેથી યુરોપીયન યુનિયને ૬૬.૭ કરોડ યુરા, ઓસ્ટ્રેલિયાએ ૧૬.૮ કરોડ યુરો, અમેરિકાએ ૧૫.૪ કરોડ યુરોપ તથા ન્યૂઝીલેન્ડે ૧.૯ કરોડ યુરોના ઓઈલ ઉત્પાદનોની આયાત કરી છે, જે રશિયન ક્રૂડમાંથી બનેલા હતા.રિલાયન્સે જુલાઈથી સપ્ટેમ્બરમાં જામનગર રિફાઈનરીમાંથી ૧૨.૨ કરોડ યુરોના મૂલ્યના ઓઈલ ઉત્પાદનોની અમેરિકામાં નિકાસ કરી હતી અને આ જ સમયમાં કંપનીની ક્રૂડ ઓઈલની કુલ આયાતમાં રશિયન ક્રૂડનો હિસ્સો ૩૨ ટકાથી વધુ હતો. જામનગરમાંથી ઓઈલ ટેન્કરો ઈટાલી, રોમાનિયા, સ્પેન અને સાયપ્રસમાં પણ પહોંચ્યા હતા.રશિયન ક્રૂડ ઓઈલનો ઉપયોગ કરતી રિફાઈનરીઓમાંથી ઈયુના બંદરો પર થતી નિકાસમાં ૮૦ ટકાનો ઊછાળો આવ્યો છે.

રસ્તાઓથી લઈને સંસદ સુધી હોબાળો

## CJPના ચરિત્ર પર બાબા રામદેવે આપી દીધું નિવેદન, કહ્યું - 'હજુ જોવાનું બાકી છે...'

નવી દિલ્હી : મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારની નિમણૂકને લઈને ચાલી રહેલા વિરોધ વચ્ચે યોગ ગુરુ બાબા રામદેવે 'કોકરોચ જનતા પાર્ટી' (CJP) વિશે એક નિવેદન આપ્યું છે. બાબા રામદેવે કહ્યું કે લોકશાહી વ્યવસ્થામાં જ્યારે લોકો સત્તાધારી પક્ષ અને વિરોધ પક્ષ બંને પર શંકા કરવા લાગે છે, ત્યારે અમુક સામાજિક સંગઠનો જેને 'નાગરિક સમાજ' (સિવિલ સોસાયટી) કહેવામાં આવે છે. અથવા અમુક ચોક્કસ વ્યક્તિઓ આગળ આવે છે. આ એવા વિશ્વસનીય ચરિત્ર ધરાવતા લોકો હોય છે જેમણે રાષ્ટ્ર માટે સાચું યોગદાન આપ્યું હોય છે; તેથી દેશ તેમની વાત સાંભળે છે.CJP વિશે વાત કરતા બાબા રામદેવે કહ્યું કે તેમના ચરિત્રનું વાસ્તવિક સ્વરૂપ અને તેમના યોગદાનનું પ્રમાણ હજુ જોવાનું બાકી છે. તેમ છતાં, કેટલાક યુવાનો આ જૂથ સાથે જોડાઈ રહ્યા છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તેઓ મહત્વપૂર્ણ મુદ્દાઓ ઉઠાવશે અને દેશના લોકો તથા યુવાનોના હિતમાં કામ કરશે. બાબા રામદેવે જણાવ્યું કે હાલમાં દેશના લોકશાહી અને બંધારણીય માળખાને લઈને રસ્તાઓથી લઈને સંસદ સુધી હોબાળો મચી રહ્યો છે, જેમાં કેટલાક લોકો સત્તા પરિવર્તનની માંગ કરી રહ્યા છે. દેશ એક સ્થાપિત બંધારણીય અને લોકશાહી વ્યવસ્થા હેઠળ ચાલે છે; આ વ્યવસ્થાની અવગણના કરવી અથવા બંધારણીય સંસ્થાઓનો આદર કરવાનો ઈનકાર કરવો એ સંપૂર્ણ અરાજકતા સમાન છે. જે પણ પક્ષ દેશ પર શાસન કરવા ઈચ્છે છે, તેણે આ સ્થાપિત વ્યવસ્થાનું સન્માન કરવું જ જોઈએ.યોગ ગુરુ બાબા રામદેવે ભારપૂર્વક કહ્યું કે, જેમ તેમણે અગાઉ પણ જણાવ્યું છે તેમ દેશમાં થતી તમામ ઘટનાઓ લોકશાહી અને બંધારણની મર્યાદામાં જ રહેવી જોઈએ. મુખ્ય ચૂંટણી કમિશનરની નિમણૂક માટે એક નિર્ધારિત બંધારણીય અને લોકશાહી પ્રક્રિયા છે, અને તેવી જ રીતે તેમને પદ પરથી હટાવવા માટે પણ એક સુનિશ્ચિત બંધારણીય અને લોકશાહી પ્રક્રિયા છે. બંધારણીય સંસ્થાઓ રસ્તા પરથી ન ચલાવી શકાય.

ટાઈગર શ્રોફ સાથે જોડાયેલી ગોળીબારની ઘટના

## જલદી જ કરીશું ગેંગનો સફાયો... મળી ગયા છે પુરાવા, ટાઈગર પર ગોળીબાર બાદ ફડણવીસે આપી દીધી ચેતવણી

મુંબઈ : મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે રવિવારે સાંજે બોલિવૂડ અભિનેતા ટાઈગર શ્રોફ સાથે જોડાયેલી ગોળીબારની ઘટના અંગે નાગપુરમાં એક પત્રકાર પરિષદને સંબોધી હતી. આ દરમિયાન તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ગુનેગારોને કડકમાં કડક સજા આપવામાં આવશે. મુખ્યમંત્રીએ કહ્યું, "હુમલાખોરો બચી શકશે નહીં. કોઈ પણ ગેંગને છોડવામાં આવશે નહીં. અમે ટાઈગર શ્રોફને ખાતરી આપી છે કે આ ગુના માટે જવાબદાર લોકોને શોધી કાઢવામાં આવશે. આરોપીઓની ખૂબ જ જલ્દી ધરપકડ કરવામાં આવશે." તેમણે ઉમેર્યું કે પછી ભલે તે કોઈ પણ ગેંગ હોય કે વ્યક્તિ, કોઈની પણ સાથે નરમાઈ દાખવવામાં આવશે નહીં. જો કોઈ આવી ધમકીઓ આપીને કામ કરવાનો પ્રયાસ કરે છે, તો મુંબઈ પોલીસ સારી રીતે જાણે છે કે તેમની સાથે કેવી રીતે કામ પાર પાડવું.જ્યારે મીડિયા બ્રીફિંગ દરમિયાન પૂછવામાં આવ્યું કે શું મહારાષ્ટ્ર સરકાર લોરેન્સ બિશ્નોઈને કસ્ટડીમાં લેવાનો પ્રયાસ કરશે, ત્યારે મુખ્યમંત્રી ફડણવીસે જવાબ આપ્યો, "અમે પહેલેથી જ સૂચનાઓ આપી દીધી છે અને કાર્યવાહી ચાલી રહી છે. તેથી જ મેં કહ્યું કે મુખ્ય સૂત્રધાર ગમે ત્યાં છુપાયેલા હોય, કાયદાકીય પ્રક્રિયાનું કડકાઈથી પાલન કરવામાં આવશે. મુંબઈ પોલીસે ભૂતકાળમાં સાબિત કર્યું છે કે આવા ગુનેગારો દુનિયામાં ગમે ત્યાં છુપાયેલા હોય, મુંબઈ પોલીસ તેમને શોધી કાઢશે જ."

મુખ્યમંત્રીએ કહ્યું, "આ ઘટના અત્યંત નિંદનીય છે. પોલીસે તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી દીધી છે. રાતોરાત આરોપીઓની ઓળખ કરી લેવામાં આવી હતી અને પોલીસને મહત્વપૂર્ણ પુરાવા મળ્યા છે. તેઓ ગુનેગારોને શોધી કાઢશે અને આ ઘટના પાછળ કોનો હાથ છે તે પણ બહાર લાવશે. અગાઉના કેસોમાં પણ, પકડાયેલા શંકાસ્પદ વ્યક્તિઓ પાછળ રહેલા મુખ્ય સૂત્રધારોને સફળતાપૂર્વક શોધી કાઢવામાં આવ્યા હતા." તેમણે વધુમાં ઉમેર્યું કે પોલીસ માટે આ કોઈ મોટો પડકાર નથી. "આ લોકો કાયર છે- ભાડૂતી માણસો છે જે મહારાષ્ટ્રની બહાર અને દેશની બહારથી પણ કામ કરે છે. તેમની આખી ગેંગનો સંપૂર્ણ સફાયો કરી દેવામાં આવશે."

## હિંસાની આગમાં ફરી સળગ્યુ મણિપુર, 36 કલાકમાં 28 ઘર ફૂંકી માર્યા

મણિપુર : મણિપુરમાં જાતીય હિંસાનો સિલસિલો શમવાનું નામ નથી લઈ રહ્યો. કામજોંગ જિલ્લામાં છેલ્લા 36 કલાકમાં નાગા અને કુકી બંને સમુદાયોના 28 ઘરોને આગ લગાવી દેવામાં આવી છે. શંકાસ્પદ ઉગ્રવાદીઓના હુમલાને કારણે સ્થાનિક રહેવાસીઓ પોતાના ઘર છોડીને જંગલો અથવા લશ્કરી છાવણીઓમાં આશરો લેવા મજબૂર બન્યા છે. મણિપુરના નાયબ મુખ્યમંત્રીએ આ ઘટનાની નિંદા કરી છે અને વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવાના નિર્દેશ આપ્યા છે.અધિકારીઓના જણાવ્યા અનુસાર, શનિવારે રાત્રે કામજોંગ જિલ્લાના ચસાદ ગામમાં શંકાસ્પદ ઉગ્રવાદીઓએ હુમલો કર્યો હતો અને કુકી સમુદાયના ઓછામાં ઓછા 15 ઘરોને આગ લગાવી દીધી હતી. તે જ દિવસે આ ગામ પર થયેલા અગાઉના હુમલામાં એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું અને ગોળીબારમાં અન્ય ચાર લોકો ઘાયલ થયા હતા. ઉખરુલ જિલ્લામાં એક કાર પર ગોળીબાર થતાં બે લોકો ઘાયલ થયા હતા. પોલીસે જણાવ્યું હતું કે શંકાસ્પદ ઉગ્રવાદીઓએ નાગા અને કુકી બંને સમુદાયોની વસાહતોને નિશાન બનાવી હતી. , અજાણ્યા બદમાશોએ મ્યાનમાર સાથેની આંતરરાષ્ટ્રીય સરહદ નજીક આવેલા પિલોંગ અને સ્કિપ ગામોમાં નાગા સમુદાયના ઓછામાં ઓછા 13 ખાલી ઘરોને આગ લગાવી દીધી હતી.

**ઈ-હરાજી સૂચના**

**"પાણીથી અસરગ્રસ્ત ગ્રે ફેબ્રિક - આશરે 314 બેલ્સ (3,30,000 Meter), Annexure Excel List મુજબની વાસ્તવિક ઉપલબ્ધ માત્રા, "લમ્પસમ ધોરણે (Per Meter Basis)" નિકાલ માટે."**

રસ ધરાવતા ખરીદદારોને "પાણીથી અસરગ્રસ્ત ગ્રે ફેબ્રિક - આશરે 314 બેલ્સ (3,30,000 Meter), Annexure Excel List મુજબની વાસ્તવિક ઉપલબ્ધ માત્રા, "Per Meter Basis" પર" નિકાલ માટે યોજાનારી ઈ-હરાજીમાં ભાગ લેવા આમંત્રિત કરવામાં આવે છે. સંબંધિત સેલ્વેજ સામગ્રીનો નિકાલ "As Is Where Is", "Whatever There Is" અને "No Complaint" ના ધોરણે કરવામાં આવશે અને આ સામગ્રી M/s. Rajlaxmi Cargo Movers ની માલિકીની છે. સંબંધિત સામગ્રીનું નિરીક્ષણ Block No.-188, Niyol Vankaned Road, Village - Antroli, Taluka - Palsana, Surat, Gujarat - 391325. ખાતે 20/10/26 થી 27/10/26 દરમિયાન સવારે 10:00 વાગ્યાથી સાંજે 05:00 વાગ્યા સુધી કરી શકાશે. નિરીક્ષણ માટે કૃપા કરીને Mr. Ajay Sharma - 9326350058 નો સંપર્ક કરવો. ઈ-હરાજી 29/10/26 ના રોજ www.b2bsalvage.com પર યોજાશે. ઈ-હરાજીમાં ભાગ લેવા માટેના નિયમો અને શરતો ધરાવતું Participation Form મેળવવા માટે કૃપા કરીને Mr. Hemant Birla નો સંપર્ક કરવો. Participation Form તથા EMD રકમ જમા કરવાની છેલ્લી તારીખ 28/10/26, સાંજે 04:00 વાગ્યા સુધી રહેશે.

**હરાજીકર્તા: B2B Salvage Auctioneers India LLP, નોંધાયેલ કાર્યાલય: 121, Lavkush Colony, Manglia, Indore, Madhya Pradesh - 453771.**
**સંપર્ક નંબર: +91 9754706071.**

## નેપાળ પ્રવાસના નામે પોસ્ટલ કર્મચારીઓ સાથે ઠગાઈ

અમદાવાદ | અમદાવાદના ઈસનપુરમાં રહેતી અને ઘરેથી 'સોનુ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ' ચલાવતી મહિલા મારફતે ટપાલ વિભાગના 20 કર્મચારીઓ માટે નેપાળ ટૂરની એર ટિકિટ બુક કરાવવાના બહાને રૂ.1.50 લાખ પડાવી છેતરપિંડી આચરવામાં આવી છે. આરોપીએ એડવાન્સ પેટે નાણાં મેળવી 9 બોગસ ટિકિટો આપી બાકીની ટિકિટો ન આપી ફોન સ્વિચ ઓફ કરી દેતાં સમગ્ર ભાંડો ફૂટ્યો હતો. સમગ્ર મામલે ઈસનપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

## રસ્તો ઓળંગતી વખતે કારની ટક્કરથી 5 વર્ષના બાળકનું મોત

અમદાવાદ | અમદાવાદના ગુલબાઈ ટેકરા વિસ્તારમાં અકસ્માતની ઘટના સામે આવી છે. 18મી ઑક્ટોબરના રોજ ગુલબાઈ ટેકરા ટેલિફોન એક્સચેન્જ જંકશન પાસે રસ્તો ઓળંગી રહેલા 5 વર્ષીય બાળકને પૂરઝડપે આવી રહેલી એક કારે ટક્કર મારી હતી. જેમાં બાળકને ગંભીર ઈજાઓ પહોંચતા ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજ્યું હતું. ગંભીર ઈજાઓ થતાં ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું. 'બી' ડિવિઝન ટ્રાફિક પોલીસે કારચાલક માલા રાજેશ મિત્તલ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

